પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 01-11-2026 • Sunday • Samvat : 2082 • Aaso Vad-07 • Vol : 97 • No. : 299 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57

એકતાનગર ખાતે

વડાપ્રધાન મોદીના હસ્તે રૂા.૪૨૬.૭૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત





એકતાનગર, તા. ૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના અવસરે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં એકતાનગર ખાતે પ્રવાસન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કુલ રૂા.૪૨૬.૭૦ કરોડના ૨૫ વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રૂા.૩૦૭.૮૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા ૧૯ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તથા રૂા.૧૧૮.૯૦ કરોડના ખર્ચે ૬ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય સચિવ શ્રી એમ કે દાસ, સરદાર સરોવર નિગમના ચેરમેન શ્રી મુકેશ પુરી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી શ્રી અમિત અરોરા ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનશ્રીના હસ્તે રૂા.૧૧૮.૯૦ કરોડના ખર્ચે વિવિધ ૬ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ?૫૯.૩૦ કરોડના ખર્ચે ગોરા-ભદ્રા રોડનું નિર્માણ, રૂા.૩૬.૬૦ કરોડના ખર્ચે સ્માર્ટ ઝીરો વેસ્ટ ઈન્ટિગ્રેટેડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ, રૂા.૭.૭૦ કરોડના ખર્ચે ખલવાની બ્રિજનો વિકાસ, રૂા.૫.૨૦ કરોડના ખર્ચે ખલવાની ઈકો ટુરિઝમનો વિકાસ તથા રૂા.૪.૩૦ કરોડના ખર્ચે નર્મદાના પાણીથી વિવિધ તળાવો ભરવાના કાર્યનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, રૂા.૫.૮૦ કરોડના ખર્ચે વિવિધ માળખાગત સુવિધાઓનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ?૫૦ કરોડના ખર્ચે IRCTC હોટલ, ?૪૫.૫૦ કરોડના ખર્ચે ૬ એમએલડી ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ) અને રૂા.૨૧.૪૦ કરોડના ખર્ચે ૧૦.૫ એમએલડી ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (જળ શુદ્ધિકરણ પ્લાન્ટ)નો સમાવેશ થાય છે.

વડાપ્રધાનશ્રીના હસ્તે રૂા.૩૦૭.૮૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલા કુલ ૧૯ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ?૫૦ કરોડના ખર્ચે IRCTC હોટલ, ?૪૫.૫૦ કરોડના ખર્ચે ૬ એમએલડી ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ) અને રૂા.૨૧.૪૦ કરોડના ખર્ચે ૧૦.૫ એમએલડી ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (જળ શુદ્ધિકરણ પ્લાન્ટ)નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, રૂા.૨૮.૨૦ કરોડના ખર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવેલેટર્સની સુવિધાનો વિસ્તાર, રૂા.૨૭.૯૦ કરોડના ખર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ફસાડ લાઈટિંગ, રૂા.૨૩.૮૦ કરોડના ખર્ચે પરેડ ટ્રેક અને તેને સંલગ્ન વિકાસકાર્યો તેમજ ?૨૩ કરોડના ખર્ચે ૨૪ મીટર પહોળા કોલોની રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રવાસન સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી રૂા.૧૬ કરોડના ખર્ચે ૬૦૦ મુસાફરોની ક્ષમતા ધરાવતી નવી બોટ, રૂા.૧૫ કરોડના ખર્ચે ઘાટનો વિસ્તાર અને સૌંદર્યીકરણ, રૂા.૧૪.૩૦ કરોડના ખર્ચે રેઈન ફોરેસ્ટ પ્રોજેક્ટ, રૂા.૧૪.૩૦ કરોડના ખર્ચે સ્ટાફ ક્વાર્ટર્સ તથા રૂા.૬.૨૦ કરોડના ખર્ચે મોખડી ખાતે ટર્મિનલ બિલ્ડિંગ અને જેટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ સાથે રૂા.૪.૩૦ કરોડના ખર્ચે વિવિધ માળખાગત સુવિધાઓનાં વિકાસકાર્યોનું પણ લોકાર્પણ કરાયું હતું. જેમાં એકતાનગરના વિવિધ સ્થળોએ વોટર સ્ટેશનની સુવિધા, રેલવે સ્ટેશનથી વિઝિટર સેન્ટર સુધી વોકવેનો વિસ્તાર, એકતાનગરમાં કુવારા, હાઈ લેવલ ગોરા બ્રિજના ઢોળાવ પર જીઓસેલની સ્થાપના તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગેટ નંબર-૮ ખાતે રોડનું નિર્માણ સામેલ છે.

અન્ય વિકાસકાર્યોમાં રૂા.૩.૭૦ કરોડના ખર્ચે ઈકો ટ્રેઈલનો વિકાસ, રૂા.૩.૬૦ કરોડના ખર્ચે ગ્લો ગાર્ડનનું અપગ્રેડેશન, રૂા.૩.૫૦ કરોડના ખર્ચે CISF બેરેકનો વિકાસ, રૂા.૩ કરોડના ખર્ચે એકતાનગરના વિવિધ સ્થળોએ શિલ્પોની સ્થાપના, ?૨.૨૦ કરોડના ખર્ચે ૨ વિસ્ટાડોમ બસ અને રૂા.૨.૧૦ કરોડના ખર્ચે ૨ ઈલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આમ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે એકતાનગર ખાતે કુલ ?૪૨૬.૭૦ કરોડના ખર્ચે ૨૫ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો થકી એકતાનગરમાં પ્રવાસન સુવિધાઓનું વિસ્તરણ, આધુનિક માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્વચ્છતા અને જળ વ્યવસ્થાપનને વધુ સુદૃઢ બનાવવા સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને વૈશ્વિક કક્ષાના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

દેશના ૨૯મા એરફોર્સ ચીફ એર માર્શલ આશુતોષ દીક્ષિત બન્યા

નવી દિલ્હી, તા.૩૧

ભારતીય વાયુસેનાને નવા વડા મળ્યા છે. એર માર્શલ આશુતોષ દીક્ષિતે દેશના ૨૯મા એરફોર્સ ચીફ તરીકે પદભાર સંભાળ્યો છે. તેમણે એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહનું સ્થાન લીધું છે. આશુતોષ દીક્ષિત પાસે લગભગ ચાર દાયકાનો સૈન્ય અનુભવ છે. કારગિલ યુદ્ધથી લઈને ઓપરેશન સિંદૂર સહિત વિવિધ સૈન્ય અભિયાનોમાં તેમણે મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે. આ ઉપરાંત સ્વદેશી લડાકુ વિમાન તેજસના પ્રોજેક્ટને આગળ વધારવામાં પણ તેમનું યોગદાન રહ્યું છે. એર માર્શલ આશુતોષ દીક્ષિતનો જન્મ ૯ ડિસેમ્બર ૧૯૬૬ના રોજ થયો હતો. ૬ ડિસેમ્બર ૧૯૮૬ના રોજ તેમને ભારતીય વાયુસેનાની ફાઇટર સ્ટ્રીમમાં કમિશન મળ્યું હતું. તેમણે નેશનલ ડિફેન્સ એકેડમી, બાંગ્લાદેશની ડિફેન્સ સર્વિસિસ સ્ટાફ કોલેજ અને નેશનલ ડિફેન્સ કોલેજમાં અભ્યાસ કર્યો છે.

તેમને વિવિધ પ્રકારનાં વિમાનો ઉડાડવાનો ૩,૫૦૦ કલાકથી વધુનો અનુભવ છે. તેમણે મિરાજ-૨૦૦૦, મિગનાં વિવિધ મોડલ, કિરણ, જેગુઆર, IL-78, હોક અને તેજસ જેવા વિમાનો ઉડાવ્યાં છે. તેઓ પ્રાયોગિક પરીક્ષણ પાઇલટ હોવાની સાથે લાયકાત ધરાવતા ફ્લાઇટ ઇન્સ્ટ્રક્ટર પણ છે.

એર માર્શલ આશુતોષ દીક્ષિતે પોતાની સૈન્ય કારકિર્દી દરમિયાન અનેક મહત્વપૂર્ણ અભિયાનોમાં જવાબદારીઓ નિભાવી છે. તેમના કાર્યકાળમાં ઓપરેશન સફેદ સાગર, ઓપરેશન રક્ષક અને ઓપરેશન સિંદૂર સહિત વિવિધ સૈન્ય અભિયાનો અને કવાયતોનો સમાવેશ થાય છે. કારગિલ યુદ્ધ દરમિયાન પણ તેમણે વાયુસેનાની કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. વાયુસેનામાં ઓપરેશનલ જવાબદારીઓ ઉપરાંત તેમણે વ્યૂહાત્મક આયોજન અને મહત્વપૂર્ણ કમાન્ડ સંભાળવાનો પણ લાંબો અનુભવ મેળવ્યો છે.

ભારતની સ્વદેશી સંરક્ષણ ક્ષમતાને મજબૂત બનાવવામાં આશુતોષ દીક્ષિતનું યોગદાન રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં તેમણે લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ અને સ્વદેશી લડાકુ વિમાન પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી. આ દરમિયાન વાયુસેનાની જરૂરિયાતો અનુસાર સ્વદેશી ટેક્નોલોજી વિકસાવવા અને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. હવે વાયુસેનાના નવા વડા તરીકે તેજસ અને ભવિષ્યનાં લડાકુ વિમાનોના વિકાસમાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ બની શકે છે.

વાયુસેનાના ઉપપ્રમુખ બનતાં પહેલાં આશુતોષ દીક્ષિતે હેડક્વાર્ટર ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફમાં ચીફ ઑફ ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ ટુ ધ ચેરમેન, ચીફ્સ ઑફ સ્ટાફ કમિટી તરીકે જવાબદારી નિભાવી હતી. તેઓ સેન્ટ્રલ એર કમાન્ડના એર ઑફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ પણ રહી ચૂક્યા છે. આ ઉપરાંત તેમણે પશ્ચિમ વિસ્તારમાં આવેલા મહત્વપૂર્ણ લડાકુ વાયુસેના સ્ટેશન અને દક્ષિણ વિસ્તારમાં આવેલા લડાકુ તાલીમ સ્ટેશનની કમાન્ડ પણ સંભાળી છે.

ISROની વધુ એક અવકાશી સિદ્ધિ

NVS-03 સેટેલાઈટ લોન્ચ : હવે GPS પર નિર્ભરતા ઘટશે

નવી દિલ્હી, તા.૩૧

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO) દ્વારા અવકાશ ક્ષેત્રે વધુ એક મોટી સફળતા હાંસલ કરવામાં આવી છે. ઈસરોએ દેશના સ્વદેશી નેવિગેશન સિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે NVS-03 સેટેલાઇટનું સફળ લોન્ચિંગ કર્યું છે. આ સેટેલાઇટને શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ-૨ પરથી GSLV-F18 રોકેટ દ્વારા ૩૦મી ઓક્ટોબર રાત્રે ૧૧:૫૧ વાગ્યે સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. પેરિજી જેનો અર્થ પૃથ્વીથી સૌથી નજીકનું અંતર છે, અને એપોજી, જેનો અર્થ પૃથ્વીથી સૌથી દૂરનું અંતર છે. આનાથી NavIC ની સેવાઓમાં સુધારો થશે અને GPS પરની નિર્ભરતા ઓછી થશે. ઉપગ્રહોનો ઉપયોગ તમારા મોબાઇલ ફોન પર દિશાઓ શોધવા, તમારા વાહનનું સ્થાન ટ્રેક કરવા અથવા સમુદ્રમાં જહાજની દિશા ટ્રેક કરવાથી લઈને દરેક વસ્તુ માટે થાય છે. આનાથી દેશના સશસ્ત્ર દળો માટે વધુ સારું અને વધુ સચોટ નેવિગેશન મળશે. જ્યારે વિશ્વભરના ઘણાં દેશો નેવિગેશન માટે અમેરિકન GPSનો ઉપયોગ કરે છે, ત્યારે ભારત પણ પોતાની નેવિગેશન સિસ્ટમને મજબૂત બનાવી રહ્યું છે. આ પણ મહત્વપૂર્ણ છે જેથી આપણા દળોને યુદ્ધની પરિસ્થિતિમાં ચોક્કસ સ્થાન અને નેવિગેશન માટે વિદેશી સ્રોતો પર આધાર રાખવો ન પડે. આ મિશનનો ઉદ્દેશ્ય ભારતની પોતાની નેવિગેશન સિસ્ટમ, NavIC ને વધુ મજબૂત બનાવવાનો છે. NVS-03 એ નવી પેઢીની NavIC સેટેલાઇટ સિસ્ટમનો ત્રીજો ઉપગ્રહ છે. તે ભારતીય બનાવટની અણુ ઘડિયાળથી સજ્જ છે અને તેમાં L1 સિગ્નલ પણ ઉમેરવામાં આવ્યો છે. આ ભારતમાં સ્થાન અને નેવિગેશન સેવાઓને સુધારવામાં મદદ કરશે. GSLV એટલે જીઓસિંક્રોનસ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ. તે ISROનું રોકેટ છે જેનો ઉપયોગ ભારે ઉપગ્રહોને અવકાશમાં લોન્ચ કરવા માટે થાય છે. GSLV-F18 આ રોકેટની ૨૦મી ઉડાન હશે. તે NVS-03 ઉપગ્રહને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GTO) માં પહોંચાડશે. પહેલો ભાગ ઘન બળતણનો ઉપયોગ કરે છે, બીજો ભાગ પ્રવાહી બળતણનો ઉપયોગ કરે છે, અને ત્રીજો ભાગ ક્રાયોજેનિક એન્જિનનો ઉપયોગ કરે છે. ક્રાયોજેનિક એન્જિન પ્રવાહી ઓક્સિજન અને પ્રવાહી હાઇડ્રોજનનો ઉપયોગ કરે છે. NVS-03 એ ભારતની નવી નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમનો ત્રીજો સેટેલાઈટ છે. તે ભારતની NavIC સિસ્ટમના અવિરત સંચાલનને સુનિશ્ચિત કરવા અને તેની સેવાઓ સુધારવા માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. ઉપગ્રહની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા તેની સ્વદેશી પરમાણુ ઘડિયાળ છે, જે વિદેશથી ખરીદેલી પરમાણુ ઘડિયાળોથી પણ સજ્જ છે.

રાહુલ ગાંધીએ રવિવારે દિલ્હીમાં શક્તિપ્રદર્શનનું કર્યું એલાન

'વોટ ચોરી'ના પુરાવા લઈને I.N.D.I.A. ગઠબંધન રાષ્ટ્રપતિને ફરી મળશે

નવી દિલ્હી, તા.૩૧

દેશના રાજકારણમાં ફરી એકવાર 'વોટ ચોરી'નો મુદ્દો ગરમાયો છે. વિપક્ષી ગઠબંધન I.N.D.I.A. આ મુદ્દે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે વિરોધ પ્રદર્શન વધુ તેજ કરવાની તૈયારીમાં છે. લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ જાહેરાત કરી છે કે, ગઠબંધનના નેતાઓ અને કાર્યકરો રવિવાર, ૧ નવેમ્બરના રોજ દિલ્હીના મિંટો રોડથી રામલીલા મેદાન સુધી કૂચ કરશે. આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને ફરી મળીને કથિત 'વોટ ચોરી'ના પુરાવા રજૂ કરવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, રવિવારે બપોરે ૧૨ વાગ્યે મિંટો રોડ-કનોટ પ્લેસ જંક્શનથી કૂચ શરૂ થશે અને રામલીલા મેદાન ખાતે પૂર્ણ થશે. આ કાર્યક્રમને 'ચલો દિલ્હી' નામ આપવામાં આવ્યું છે. તેમાં I.N.D.I.A. ગઠબંધનના વિવિધ પક્ષોના નેતાઓ, કાર્યકરો અને નાગરિક સમાજના લોકોને જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે. વિપક્ષનો દાવો છે કે મતદાર યાદીમાં ગેરરીતિઓ અને મતદારોના નામ કથિત રીતે દૂર કરવાના મુદ્દે આ વિરોધ યોજાઈ રહ્યો છે. અગાઉ ૯ ઓક્ટોબરે વિપક્ષી નેતાઓના પ્રતિનિધિમંડળે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરી હતી. મુલાકાત બાદ રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ 'વોટ ચોરી'ના આરોપો અંગે પુરાવા રજૂ કરવા કહ્યું હતું. હવે ગઠબંધન ફરી મુલાકાત માટે સમય માગી શકે છે અને એકત્રિત કરેલા પુરાવા રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ પણ ઉઠાવી છે. તેમની સામે પ્રતીકાત્મક 'પબ્લિક ઇમ્પીચમેન્ટ'નો કાર્યક્રમ ૩૦ ઓક્ટોબરે યોજાવાનો હતો, પરંતુ દિલ્હીમાં વરસાદને કારણે તેને ૩૧ ઓક્ટોબરે ખસેડવામાં આવ્યો છે. વિપક્ષનો આરોપ છે કે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા (SIR) દરમિયાન ગેરરીતિઓ થઈ છે. "૫૫ ક્યારે આવશે?" ૩ વર્ષના દીકરાની રાહ વચ્ચે પાકિસ્તાનમાં ૭ મહિનાથી ફસાયેલા ૬ ભારતીય નાવિકો! બીજી તરફ, ભાજપે વિપક્ષના આરોપો સામે સવાલો ઉઠાવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 'વોટ ચોરી'ના મુદ્દે સંસદનું વિશેષ સત્ર બોલાવી ચર્ચા કરવાની તૈયારી દર્શાવી હતી. આમ, આગામી દિવસોમાં આ મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે રાજકીય ટકરાવ વધુ તેજ બને તેવી શક્યતા છે. જોકે, 'વોટ ચોરી' અંગેના આરોપો હજુ વિપક્ષના દાવા છે; તેની સત્યતા અંગે સત્તાવાર તપાસ અને પુરાવામહત્ત્વના રહેશે.

આમ આમી પાર્ટી દ્વારા ૪૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર

ચંડીગઢ, તા.૩૧

પંજાબમાં વર્ષ ૨૦૨૭માં યોજાનારી વિધાનસભા ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટી (AAP)એ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાર્ટીએ ચૂંટણીના ઘણા સમય પહેલાં ૪૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરીને રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. આ યાદીમાં મુખ્યમંત્રી ભગવંત માન સહિત અનેક મંત્રીઓ અને વર્તમાન ધારાસભ્યોને ફરી તક આપવામાં આવી છે. પાર્ટીએ મોટાભાગે જૂના અને અનુભવી ચહેરાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

છછઁની પ્રથમ યાદી મુજબ મુખ્યમંત્રી ભગવંત માન પોતાની પરંપરાગત ધુરી બેઠક પરથી જ ચૂંટણી મેદાનમાં ઉતરશે. આ ઉપરાંત વિધાનસભા સ્પીકર કુલતાર સિંહ સંધવાંને કોટકપૂરા, કુલદીપ સિંહ ધાલીવાલને અજનાલા, બ્રહ્મ શંકર જિમ્પાને હોશિયારપુર, બલકાર સિંહને કરતારપુર અને અમનશેર સિંહ શેરી કલસીને બટાલા બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

પાર્ટીએ તાજેતરની પેટાચૂંટણીઓમાં જીત મેળવનારા ઉમેદવારો પર પણ ફરી વિશ્વાસ મૂક્યો છે. લુધિયાણા પશ્ચિમ બેઠક પરથી મંત્રી સંજીવ અરોરાને ફરી ટિકિટ આપવામાં આવી છે. ગોગીના નિધન બાદ યોજાયેલી પેટાચૂંટણીમાં તેમણે જીત મેળવી હતી. અહેવાલ મુજબ, EDના કેસ અને જેલમાં હોવા છતાં પાર્ટીએ તેમના નામ પર પસંદગી ઉતારી છે. તરનતારન બેઠક પરથી હરમીત સિંહ સંધુને ફરી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જ્યારે ચબ્બેવાલ બેઠક પરથી ડૉ. ઈશાંક કુમારને પણ ફરી તક આપવામાં આવી છે.

દેશભરમાં ૨૫ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી વસ્તી ગણતરી થશે

નવી દિલ્હી, તા.૩૧

દેશભરમાં વસ્તી ગણતરી (Census 2027) ૨૦૨૭ની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. સરકારે વસ્તીગણતરીની તારીખ ૨૫ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી નક્કી કરી છે.

સત્તાવાર જાહેરનામા અનુસાર, વસ્તીગણતરી માટેની સંદર્ભ તારીખ ૧ માર્ચ ૨૦૨૭ની મધરાતે ૧૨ વાગ્યાની રહેશે. જોકે, હિમવર્ષાથી પ્રભાવિત વિસ્તારો અને ચૂંટણીવાળાં રાજ્યોમાં હાલમાં વસ્તીગણતરી હાથ ધરવામાં આવશે નહીં. આ વિસ્તારો માટેની તારીખો અલગથી જાહેર કરવામાં આવશે.

ભારતના વસ્તી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણ દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચના અનુસાર, મણિપુર (આગામી જાહેરાત થાય ત્યાં સુધી), ગોવા, ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના હિમવર્ષાથી પ્રભાવિત વિસ્તારોને બાદ કરતાં અન્ય તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૫ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી વસ્તીગણતરી કામગીરી હાથ ધરવામાં આવશે.

વસ્તી ગણતરીની મુખ્ય કામગીરી શરૂ થાય તે પહેલાં સરકાર લોકોને પોતાની વિગતો જાતે નોંધાવવાની સુવિધા આપશે. આ માટે ઓનલાઈન પોર્ટલ ૧૦ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી ખુલ્લું રહેશે. ત્યારબાદ જનગણનાના ડેટાની અંતિમ ચકાસણી અને સુધારા માટે ૧ માર્ચથી ૫ માર્ચ ૨૦૨૭ સુધી રિવિઝન રાઉન્ડ યોજવામાં આવશે.

ગૃહ મંત્રાલય દ્વારા આ જાહેરનામું એવા સમયે બહાર પાડવામાં આવ્યું છે, જ્યારે કોંગ્રેસે આજે જ આક્ષેપ કર્યો છે કે કેન્દ્ર સરકાર ૨૦૨૭ની વસ્તીગણતરીની કામગીરી એવી રીતે હાથ ધરવાની તૈયારી કરી રહી છે, જેના દ્વારા નાગરિકતાનું નિર્ધારણ થઈ શકે છે. કોંગ્રેસે આવું કરવું ગેરકાયદેસર ગણાવ્યું છે.

સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આગામી સમયમાં જે રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે, ત્યાં આ સમયગાળા દરમિયાન વસ્તીગણતરી નહીં થાય. જેમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરનો સમાવેશ થાય છે. બરફથી ઢંકાયેલા વિસ્તારો જેવા કે લદ્દાખ, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના બરફવાળા વિસ્તારોને પણ હાલ પૂરતી આ ગણતરીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

હોર્મૂઝમાં પહેલી વાર 'લિમ્પેટ માઈન્સ'થી હુમલો કરાયો

તહેરાન, તા.૩૧

મધ્ય પૂર્વમાં વધતા ભૌગોલિક તણાવ વચ્ચે હોરમૂઝની સામુદ્રધુનીમાં ૨૯ અને ૩૦ ઓક્ટોબરના રોજ બે ઓઈલ ટેન્કરોને નિશાન બનાવીને હુમલા કરવામાં આવ્યા છે. આબંને ટેન્કરો પર કુલ ૨૯ ભારતીય નાવિકો સવાર હતા. ઘટના અંગે માહિતી આપતા બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે શુક્રવારે જણાવ્યું હતું કે તમામ ૨૯ ભારતીય નાવિકો સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમને કોઈ ઈજા પહોંચી નથી. ભારત સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે અને ક્રૂની સુરક્ષા સુનિશ્ચિત કરવા જહાજ વ્યવસ્થાપન કંપનીઓના સંપર્કમાં છે. બંદર અને જહાજ મંત્રી સોનોવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિગતો આપતાં જણાવ્યું હતું કે, ૨૯ ઓક્ટોબરના રોજ લાઈબેરિયાના ધ્વજ હેઠળના સુપરટેન્કર 'સ્ર્ અઝ્રાના' પર હુમલો થયો હતો, જેમાં બે ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા. ત્યારબાદ ૩૦ ઓક્ટોબરે પનામાના ધ્વજ હેઠળના ક્રૂડ ઓઈલ ટેન્કર 'સ્ર્ લુઈસ ૧' ને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના પર ૨૭ ભારતીય નાવિકો સવાર હતા. સમુદ્રી સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, 'MT લુઈસ ૧' ના બાહ્ય માળખા સાથે બે 'લિમ્પેટ માઈન્સ' જોડીને ધમાકો કરવામાં આવ્યો હતો. આવિસ્ફોટને કારણે જહાજના એન્જિન રૂમમાં આગ લાગી હતી અને પ્રોપલ્શન કામચલાઉ ધોરણે ઠપ થઈ ગયું હતું. જોકે, ક્રૂ સભ્યોની ત્વરિત કામગીરીથી આગ પર કાબૂ મેળવી લેવાયો હતો અને જહાજ તેના ગંતવ્ય તરફ આગળ વધી ગયું હતું.

કાપડ ઉદ્યોગને કેન્દ્ર સરકારની મોટી રાહત

૩૧ ડિસેમ્બર સુધી કપાસની આયાત પર ૦% કસ્ટમ ડ્યૂટી

નવી દિલ્હી, તા.૩૧

દેશના કાપડ અને ગારમેન્ટ ઉદ્યોગ માટે કેન્દ્ર સરકારે મોટી રાહત આપી છે. કપાસની આયાત પર આપવામાં આવેલી કસ્ટમ ડ્યૂટીની મુક્તિ વધુ બે મહિના લંબાવવામાં આવી છે. હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી વિદેશમાંથી કપાસની આયાત પર કોઈ કસ્ટમ ડ્યૂટી ચૂકવવી પડશે નહીં. દેશમાં કપાસની ઓછી આવક અને આગામી સિઝનમાં ઉત્પાદન ઘટવાની આશંકા વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે. આ પગલાથી કાપડ મિલો અને ગારમેન્ટ ઉદ્યોગને સસ્તા ભાવે કાચો માલ મળી શકશે અને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થવાની શક્યતા છે.

નાણા મંત્રાલયે ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ જાહેરનામું નંબર ૩૫/૨૦૨૬-કસ્ટમ્સ બહાર પાડીને કપાસની આયાત પર મળતી ડ્યૂટી મુક્તિનો સમયગાળો લંબાવ્યો છે. અગાઉ આ છૂટ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી જ લાગુ હતી. હવે તેને વધારીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી કરવામાં આવી છે. અગાઉ સરકારે ૧ જૂનથી ૩૧ ઓક્ટોબર સુધી કપાસની આયાત પર લાગતી ૧૧ ટકા કસ્ટમ ડ્યૂટી નાબૂદ કરી હતી. હવે કાપડ ઉદ્યોગને વધુ બે મહિના સુધી આ રાહતનો લાભ મળશે.

સરકારે આ નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે દેશમાં કપાસની ઉપલબ્ધતાને લઈને ચિંતા વધી રહી છે. વર્ષ ૨૦૨૬-૨૭ની સિઝનમાં કપાસનું ઉત્પાદન ઘટવાની આશંકા છે. વાવેતર વિસ્તારમાં ઘટાડો અને મહારાષ્ટ્ર તથા કર્ણાટક જેવા મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્યોના કેટલાક વિસ્તારોમાં દુષ્કાળની અસરને ઉત્પાદન ઘટવાનાં સંભવિત કારણો માનવામાં આવી રહ્યાં છે.

નવી સિઝનના કપાસની આવક બજારોમાં શરૂ થઈ ગઈ છે, પરંતુ અપેક્ષા કરતાં ઓછો જથ્થો મંડીઓ સુધી પહોંચી રહ્યો છે. બીજી તરફ, સારા ભાવની આશામાં ખેડૂતો પણ પોતાની ઉપજ વેચવામાં ઉતાવળ કરી રહ્યા નથી. આ સ્થિતિને કારણે બજારમાં કપાસના પુરવઠા પર અસર પડી રહી છે.

વિશાળ જ નહીં, શ્રેષ્ઠ પણ : ગ્રેમીના વર્લ્ડ સિટીઝ ડે સીમ્પોઝિયમમાં વાજબી, સર્વસમાવેશક અને રહેવા યોગ્ય શહેરોનું નિર્માણ કરવા અપીલ

વર્લ્ડ સિટિઝ ડે એટલે કે વિશ્વ શહેર દિવસની ઉજવણી કરવા શુક્રવારે અમદાવાદમાં ગ્રેમી (જીઆરઈએમઆઈ – ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ) દ્વારા આયોજિત સીમ્પોઝિયમમાં નિષ્ણાતોએ ભારતના શહેરોએ વિશાળ થવાની સાથે શ્રેષ્ઠ વિકાસ પણ કરવો જોઈએ, કારણ કે દેશ શહેરીકરણની આગામી આંતરરાષ્ટ્રીય લહેરનું નેતૃત્વ કરવાની તૈયારી કરી રહ્યો છે.

"આપણા શહેરો પર પુનર્વિચાર : શહેરી પુનર્વિકાસ, પર્યાપ્ત મકાન અને હાલની શહેરી સંપત્તિઓનો શ્રેષ્ઠ ઉપયોગ" પર કેન્દ્રિત આ સીમ્પોઝિયમમાં ચર્ચા કરવા શિક્ષાવિદો, નીતિનિર્માતાઓ અને ઉદ્યોગજગતના આગેવાનોએ એ વાત પર ચર્ચા કરવા ભાગ લીધો હતો કે, ભારતીય શહેરો નાગરિકો માટે સૌથી મહત્વપૂર્ણ ત્રણ બાબતો – વાજબીક્ષમતા, સર્વસમાવેશકતા અને રહેવા યોગ્ય વાતાવરણને નજરઅંદાજ કર્યા વિના કેવી રીતે વિસ્તરણ કરી શકે છે.

"શહેરો મહત્વપૂર્ણ વળાંક પર" શીર્ષક સાથે એક રજૂઆત આપીને ગ્રેમીના ડિરેક્ટર જનરલ ડૉ. અનિલ કશ્યપે જણાવ્યું હતું, વર્ષ ૨૦૫૦ સુધી શહેરીકરણની આગામી આંતરરાષ્ટ્રીય લહેરમાં ભારત મુખ્ય દેશ તરીકે વિકસવાથી પ્લાનર, સરકારો અને ડેવલપર્સ સામે કેટલાંક મહત્વપૂર્ણ વિકલ્પો છે. તેમણે કહ્યું હતું કે, "દુનિયાની આશરે ૪૫ ટકા વસતી શહેરોમાં રહેતી હોવાથી હવે આપણું ધ્યાન ફક્ત શહેરોના વિસ્તારને બદલે હાલ શહેરી વાતાવરણની ગુણવત્તા, સ્થિરતા અને સર્વસમાવેશકતા પર વધારે હોવું જોઈએ."

ત્યારબાદ પેનલ ચર્ચાનું સંચાલન રેરા ગુજરાતના પૂર્વ ચેરમેન અને ગ્રેમીના એડજંક્ટ પ્રોફેસર ડૉ. અમરજીત સિંઘે કર્યું હતું. આ ચર્ચામાં નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ચરના ડિરેક્ટર ડૉ. રેખા ચંદ્રન જેટી, સેપ્ટ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ પ્લાનિંગના પ્રો. સાશ્વત બંદોપાધ્યાય, ગુજરાત સરકારના પૂર્વ ચીફ ટાઉન પ્લાનર શ્રી પી. એલ. શર્મા અને ક્રેડાઈ અમદાવાદના ચેરમેન અને વીનસ ગ્રૂપના સ્થાપક



શ્રી રાજેશ વાસવાની શામેલ થયા હતા.

મકાનની વાજબી કિંમત ચર્ચા કેન્દ્રમાં રહી હતી. પેનલના સભ્યોએ જણાવ્યું હતું કે, આવકમાં વધારાની સરખામણીમાં પ્રોપર્ટીની કિંમતોમાં વધારો બહુ વધારો થયો છે, જેથી ઘર સામાન્ય લોકોની પહોંચની બહાર નીકળી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ઘરની કિંમતો અને આવકનો રેશિયો ૨૦૧૦માં ૯.૪ વર્ષ હતી, જે હાલ વધીને ૧૧.૭ વર્ષ થઈ ગયો છે. તેમણે ચેતવણી આપી હતી કે, જો રિડેવલપમેન્ટની યોજના બરોબર નહીં બને તો તે હાલ સમુદાયને વિસ્થાપિત કરી શકે છે. તેમના સ્થાને મોંઘા મકાન બની શકે છે, જેમને ન તો ત્યાંના મૂળ રહેવાસીઓ ખરીદી શકે છે, ન ત્યાં તેઓ પોતાને સહજ અનુભવી શકે છે તેમણે સૂચન કર્યું હતું કે, એના બદલે ફક્ત અલગ-અલગ હાઉસિંગ સોસાયટીઓને બદલે સંપૂર્ણ વિસ્તારનો પુનર્વિકાસ કરવો જોઈએ અને તેમાં રહેતા લોકોની સક્રિય ભાગીદારી હોવી જોઈએ.

વક્તાઓએ જણાવ્યું હતું કે, રહેવાની દ્રષ્ટિએ સારું શહેર હોવાનો અર્થ ફક્ત સારી બિલ્ડિંગોનું નિર્માણ નથી. એક રહેવા યોગ્ય શહેરમાં પગપાળા ચાલવાના માર્ગો, સુલભ જાહેર જગ્યાઓ તથા સ્વચ્છ હવાપાણી હોવા જોઈએ, તો પણ યોજનાઓ બનાવવાને બદલે ઘણી વાર આરોગ્ય અને પર્યાવરણ સાથે સંબંધિત ખર્ચને નજરઅંદાજ કરવામાં આવે છે. પુરાવા આધારિત યોજના બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકીને પેનલે કહ્યું હતું, "તસવીરો સ્ટોરી બયાન કરે છે, પણ નંબરો એ સ્ટોરીને નવી રીતે લખે છે."

ધિરાણ અને વહીવટ પર વક્તાઓએ જણાવ્યું હતું કે, ભારતીય શહેરો મોટા પાયે નાણાકીય ખેંચનો સામનો કરે છે અને તેમણે સ્થાનિક નાગરિક સંસ્થાઓને જમીનના મૂલ્યની વૃદ્ધિમાંથી આવક કરવા સહિત વિવિધ રીતોનો ઉપયોગ કરીને પોતાની રીતે આવક વધારે. તેમણે કહ્યું હતું કે, શહેરોને શહેરી જીર્ણોદ્ધાર માટે કેટલાક નાના-મોટા પ્રોજેક્ટને બદલે લાંબા ગાળાના દ્રષ્ટિકોણ, રોકાણ યોજનાઓ અને પર્યાપ્ત ફંડિંગની જરૂર છે. શહેરી આયોજન યોજનાઓ અને વિકાસ નિયંત્રણ નિયમો કડક હોવાને બદલે પરિણામલક્ષી અને ગુણવત્તાકેન્દ્રિત હોવા જોઈએ, જેથી તે કામને સરળ બનાવા અને કામગીરી પર આધારિત બની શકે. આ સંદર્ભમાં ગિફ્ટી સિટીની કામગીરી આધારિત નિયમોને વ્યવહારિક ઉદાહરણ તરીકે રજૂ કર્યા હતા.

પેનલે શહેરોના વિકાસમાં અવરોદરૂપ મુખ્ય પરિબળો તરીકે વિવિધ એજન્સીઓ વચ્ચે તાલમેળના અભાવ, હિતધારકોની મર્યાદિત ભાગીદારી અને નબળી જવાબદારીની ઓળખ કરી હતી. પેનલે સરકાર, શૈક્ષણિક જગત અને ખાનગી ક્ષેત્રને અપીલ કરી હતી કે, તેઓ પરસ્પર ભરોસો જાળવે અને મળીને કામ કરે. સાથે સાથે, નાગરિકોની વાત સાંભળી શકાય એવા મંચ પણ હોવા જોઈએ.

સીમ્પઝિયમના અંતે આ તારણ નીકળ્યું હતું કે, એક શહેરનું નિર્માણ લાંબા ગાળાનું અને સહિયારું કામ છે, જેમાં જવાબદાર લીડરશિપ, જાહેર-ખાનગી ક્ષેત્રોની મજબૂત ભાગીદારી અને સંકલિત આયોજનની જરૂર છે. વક્તાઓએ એ વાત પર સંમતિ વ્યક્તિ કરી હતી કે, અમારું લક્ષ્ય એવું શહેર બનાવવાનું હોવું જોઈએ, જે વાજબી હોય, રહેવા યોગ્ય હોય અને વિપરીત સ્થિતિસંજોગોનો સામનો કરવા સક્ષમ હોય – એવું શહેર, જેમાં રહેતી દરેક વ્યક્તિનું જીવન શ્રેષ્ઠ થાય.

આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ - એસેટની ઊંચી ગુણવત્તા સાથે આવકમાં સારો વધારો

આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ ("કંપની")એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા અને અર્ધવાર્ષિક ગાળા માટે એના નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બીજા ત્રિમાસિક ગાળામાં કુલ આવક૧ વાર્ષિક ધોરણે ૩૧ ટકા વધીને રૂ. ૧૬,૬૪૫ કરોડ થઈ હતી. આ જ ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૮ ટકા વધીને રૂ. ૧,૨૮૮ કરોડ થયો હતો. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ધિરાણ કરેલી કુલ એયુએમ (એનબીએફસી અને એચએફસી) વાર્ષિક ધોરણે ૩૨ ટકા અને અને ક્રમિક ધોરણે ૭ ટકા વધીને રૂ. ૨,૩૩,૯૩૦ કરો થઈ હતી. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કુલ એયુએમ (એએમસી, જીવન વીમા અને હેલ્થ વીમા) વાર્ષિક ધોરણે ૨.૨ ગણી વધીને રૂ. ૧૨,૩૩,૬૧૯ કરોડ થઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં વ્યક્તિગત પ્રથમ વર્ષનું પ્રીમિયમ વાર્ષિક ધોરણે ૨૫ ટકા વધીને રૂ. ૨,૩૪૨ કરોડ અને હેલ્થ વીમાનું કુલ રિટન પ્રીમિયમ વાર્ષિક ધોરણે ૪૮ ટકા વધીને રૂ. ૪,૫૪૩ કરોડ થયું હતું.

કંપની પોતાના ડિજિટલ પ્લેટફોર્મને સતત મજબૂત કરી રહી છે, જેથી ગ્રાહકોને સરળતાથી જોડી શકાય અને તેમને શ્રેષ્ઠ સેવાઓ આપી શકાય. કંપનીનું ડીરસી પ્લેટફોર્મ એબીસીડી ૨૬થી વધારે ઉત્પાદનો અને સેવાઓનો બહોળો પોર્ટફોલિયો ઓફર કરે છે, જેમાં પેમેન્ટ, લોન, વીમો અને રોકાણ વગેરે શામેલ છે. પ્લેટફોર્મને સારો પ્રતિસાદ મળ્યો છે અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી તેમાં આશરે ૧.૩ કરોડ ગ્રાહકો જોડાયા છે.

એમએસએમઈ ઈકોસિસ્ટમ માટે બનાવેલું સંપૂર્ણ બીરબી પ્લેટફોર્મ ઉદ્યોગ પ્લસ બિઝનેસ, સપ્લાય ચેન ફાઈનાન્સિંગ અને અન્ય ઘણી મૂલ્ય સંવર્ધિત સેવાઓ માટે સરળ, પેપરલેસ ડિજિટલ અનુભવ આપે છે. તેની કામગીરી વધી છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી એના પર ૨૪ લાખથી વધારે નોંધણી થઈ છે અને તેની એયુએમ રૂ. ૭,૨૬૨ કરોડને આંબી ગઈ છે.

કંપની પોતાની ફિઝિકલ કામગીરી પણ વધારી રહી છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી સંપૂર્ણ ભારતમાં એના તમામ વ્યવસાયોની કુલ ૧,૮૨૨ શાખાઓ છે. શાખાઓમાં આ વધારાનો મુખ્ય ઉદ્દેશ ટિઅર ૩ અને ટિઅર ૪ શહેરોની સાથે નવા ગ્રાહકવર્ગ સુધી પોતાની પહોંચ વધારવાનો છે.

થિએરી માથુ, ભારતમાં ફ્રાન્સના રાજદૂત, એ સુનિલ ભારતી મિત્તલને શેવેલિયે દ લ'ઓર્દ્ર નેશનલ દ લા લેજિયોં દનરથી સન્માનિત કર્યા



ભારતમાં ફ્રાન્સના રાજદૂત મહામહિમ શ્રી થિએરી માથુએ ભારતી એન્ટરપ્રાઈઝિસના સંસ્થાપક અને અધ્યક્ષ શ્રી સુનિલ ભારતી મિત્તલને ૨૮ ઓક્ટોબરના રોજ ફ્રાન્સ નિવાસ ખાતે આયોજિત એક વિશેષ સમારોહ દરમિયાન શેવેલિયે દ લ'ઓર્દ્ર નેશનલ દ લા લેજિયોં દનર (નેશનલ ઓર્ડર ઓફ ધ લીજન ઓફ ઓનરના શૂરવીર) નું પ્રતીક ચિહ્ન પ્રદાન કર્યું.

સભાને સંબોધતા, રાજદૂત થિએરી માથુએ ભારત-ફ્રાન્સ સંબંધોને પ્રગાઢ બનાવવામાં શ્રી ભારતીના અથાક યોગદાનને રેખાંકિત કરતા જણાવ્યું:"શ્રી સુનિલ ભારતી મિત્તલને શેવેલિયે દ લ'ઓર્દ્ર નેશનલ દ લા લેજિયોં દનર પ્રદાન કરવામાં આવવું એ ભારત-ફ્રાન્સ આર્થિક સંબંધોને પ્રોત્સાહન આપવામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાનની માન્યતા છે. શ્રી મિત્તલેન કેવળ ફ્રાન્સના બહુરાષ્ટ્રીય વીમા સમૂહ એક્સા તથા દૂરસંચાર ઉપકરણ નિર્માતા અલ્કાટેલ-લુસેન્ટ સાથેના પોતાના જોડાણ દ્વારા ફ્રેન્ચ વેપાર સાથેના સંબંધોને સુદૃઢ કર્યા છે, પરંતુ ફ્રેન્ચ ઉપગ્રહ દિગ્ગજ યુટેલસેટમાં પોતાના રોકાણ દ્વારા વ્યૂહાત્મક સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની ફ્રાન્સની મહત્વાકાંક્ષાનું પણ સમર્થન કર્યું છે. આ સન્માન વેપાર સંબંધોને ગાઢ બનાવવા તથા પાયાગત ભાગીદારી, ઉચ્ચ-સ્તરીય કૂટનીતિક વાટાઘાટો અને ઉપગ્રહ સંચાર ક્ષેત્રમાં ભારે રોકાણ દ્વારા ફ્રાન્સ સાથે વ્યૂહાત્મક જોડાણ સુનિશ્ચિત કરવા પ્રત્યે શ્રી મિત્તલની દીર્ઘકાલીન પ્રતિબદ્ધતા માટે ફ્રાન્સની કૃતજ્ઞતા તથા પ્રશંસાને દર્શાવે છે."

પુરસ્કાર સ્વીકારતા, શ્રી સુનિલ ભારતી મિત્તલે જણાવ્યું, "ફ્રેન્ચ ગણરાજ્યના રાષ્ટ્રપતિ તરફથી મળેલા આ સૌમ્ય પુરસ્કારથી હું અભિભૂત અને વિનમ્ર છું. ફ્રાન્સ સાથેનું મારું જોડાણ ૧૯૯૨માં એરટેલની સ્થાપના સમયે શરૂ થયું હતું, જ્યારે કોમ્પાની જેનરાલ દેઝોએ ભારતમાં મોબાઈલ ટેલિફોની શરૂ કરવા માટે ભારતી સાથે હાથ મિલાવ્યા હતા, અને આજે આ યુરોપિયન ઉપગ્રહ ચેમ્પિયન યુટેલસેટના ઉપાધ્યક્ષ તરીકેની મારી ભૂમિકા દ્વારા ચાલુ છે. હું રાષ્ટ્રપતિ મેક્રોં પ્રત્યે આભાર સાથે આ સન્માનનો સ્વીકાર કરું છું તથા ભારત અને ફ્રાન્સ વચ્ચેના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવાની નવીકૃત પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું."

લોન, બિઝનેસ બેંકિંગ અને ક્રેડિટ કાર્ડસ પરની ઓફર્સ સાથે એક્સિસ બેંક તહેવારોની ઈચ્છાઓને વધુ વ્યાપક બનાવે છે

ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંકોમાંની એક, એક્સિસ બેંકે આજે તેના રિટેલ ધિરાણ, બિઝનેસ બેંકિંગ અને ક્રેડિટ કાર્ડની દરખાસ્તોમાં ઉત્સવની ઓફર્સની વિશાળ શ્રેણીની જાહેરાત કરી છે, જે ગ્રાહકોને તેમની વ્યક્તિગત, ગતિશીલતા, વ્યવસાયિક અને ઉત્સવમાં ખર્ચની જરૂરિયાતો માટે વધુ મૂલ્ય પૂરું પાડે છે.

બેંકની ઉત્સવની ઓફર્સમાં હોમ લોન, પર્સનલ લોન, કાર લોન, ટુ-વ્હીલર લોન, કોમર્શિયલ વાહનો અને બાંધકામના ઉપકરણો માટેની લોન, સુરક્ષિત કાર્યકારી મૂડીની પ્રોડક્ટ્સ અને ક્રેડિટ કાર્ડનો સમાવેશ થાય છે, જેમાં પ્રેફરન્શિયલ કિંમત અને ઘટાડેલી પ્રોસેસિંગ ફીથી લઈને અગ્રણી બ્રાન્ડ્સમાં ફોરક્લોઝરમાં માફી અને ડિસ્કાઉન્ટ સુધીના લાભોનો સમાવેશ થાય છે.

વ્યક્તિગત ધિરાણની જરૂરિયાતો પૂરી કરવા માગતા ગ્રાહકો માટે, એક્સિસ બેંક રૂપિયા ૯૯૯થી શરૂ થતી પ્રોસેસિંગ ફી સાથે, ૯.૯૯% ના વાર્ષિક દરે કોલેટરલમુક્ત પર્સનલ લોન ઓફર કરી રહી છે.

ઘર ખરીદનારાઓ રૂપિયા ૯૯૯ + GSTથી શરૂ થતી ખાસ ફેસ્ટિવ હોમ લોન લોગિન ફીનો લાભ લઈ શકે છે. બેંક આકર્ષક પ્રોડક્ટની સુવિધાઓ પણ ઓફર કરી રહી છે, જેમાં ૧૨ EMIની માફી અને ઝડપી મુદ્દલ ચુકવણીનો સમાવેશ થાય છે.

કાર લોન ઓફર હેઠળ, ગ્રાહકો ૩૦ મિનિટમાં તાત્કાલિક લોનની રકમ, પ્રોસેસિંગ ફી પર ૫૦% ડિસ્કાઉન્ટ, પસંદગીના ઈફ મોડેલ્સ પર ૧૦ bps ઓછા દર, ઓન-રોડ કિંમતના ૧૦૦% સુધીનું ધિરાણ, આઠ વર્ષ સુધીની મુદત અને ૨૪ મહિના પછી ફોરક્લોઝર ચાર્જમાં માફીનો લાભ મેળવી શકે છે.

એક્સિસ બેંક તેના ટુ-વ્હીલર પોર્ટફોલિયોમાં ખાસ લાભો પણ આપી રહી છે, જેમાં ૩૦ મિનિટમાં તાત્કાલિક લોનની રકમ, સુપરબાઈક માટે ૧૦.૭૫% જેટલી ઓછી ખાસ કિંમત અને ઈફ માટે ૦.૫%ના ખાસ ડિસ્કાઉન્ટનો સમાવેશ થાય છે. કોમર્શિયલ વાહનો અને બાંધકામના ઉપકરણો માટેની લોન માટે, બેંક રૂપિયા ૫,૯૯૯ની પ્રોસેસિંગ ફી અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ફોરક્લોઝર ચાર્જ પર ખાસ માફી ઓફર કરી રહી છે.

વિદ્યાર્થીઓ ૭.૨૫%થી શરૂ થતા ROI અને શૂન્ય રૂપિયાથી શરૂ થતી પ્રોસેસિંગ ફી પર ડોમેસ્ટિક એજ્યુકેશન લોન મેળવી શકે છે. વિદેશમાં અભ્યાસ માટેની વિચારણા કરવા, આ તહેવારના સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય શિક્ષણ લોન માટે પાત્ર ગ્રાહકો માટે લાગુ રેક દરો પર ૦.૨૫% ROI ડિસ્કાઉન્ટ મળશે.

નાના વ્યવસાયના ગ્રાહકો સુરક્ષિત 'વર્કિંગ કેપિટલ' પ્રોડક્ટ્સ, જેમાં કેશ ક્રેડિટ, ઓવરડ્રાફ્ટ અને ટર્મ લોનનો સમાવેશ થાય છે, તેના પર લોગિન ફીમાં સીધી ૫૦%ની છૂટ મેળવી શકે છે, આ ઓફર ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી માન્ય રહેશે. લોન મંજૂર કરતી વખતે અથવા રકમના વિતરણ વખતે, પ્રવર્તમાન પ્રક્રિયા મુજબ પ્રમાણભૂત પ્રોસેસિંગ ફી લાગુ થશે.

તહેવારોને લગતા લાભો એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડ્સ પર પણ ઉપલબ્ધ છે. એક્સિસ બેંકના માન્ય ક્રેડિટ કાર્ડ ધારકો ઈ-કોમર્સ, ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, ટ્રાવેલ, લાઈફસ્ટાઈલ, હોમ ફર્નિશિંગ અને અન્ય શ્રેણીઓમાં ૨૦૦થી વધુ ઓફર્સનો લાભ લઈ શકે છે, જેમાં ક્રેડિટ કાર્ડ પર કરવામાં આવતી ખરીદી અને EMI પર ૨૦% સુધીના ડિસ્કાઉન્ટ અને EMI સંબંધિત લાભોનો સમાવેશ થાય છે. આ ઓફર્સમાં સામેલ બ્રાન્ડ્સમાં ઈ-કોમર્સ ક્ષેત્રમાં એમેઝોન, ક્વિક કોમર્સમાં બ્લિક્ટિ અને ઝેપ્ટો, ઈલેક્ટ્રોનિક્સમાં એલજી, સેમસંગ, બાયર અને BOSCH, લાઈફસ્ટાઈલમાં બરબેરી, બૉસ, કોચ અને ટોરી બર્ચ, હોમ ફર્નિશિંગમાં બોનિટો ડિઝાઈન્સ, વેકફિટ અને ડામરો, ટ્રાવેલમાં મેકમાયટ્રીપ, ixigo અને એર ઈન્ડિયા તથા મોબાઈલ ક્ષેત્રે વીવો અને ઓપ્પોનો સમાવેશ થાય છે. આ મુખ્ય ભાગીદારીઓ ઉપરાંત, એક્સિસ બેંકે વિવિધ શ્રેણીઓની અનેક અગ્રણી બ્રાન્ડ્સ સાથે પણ સહયોગ કર્યો છે, જેના દ્વારા ગ્રાહકોને તહેવારોને લગતા અનેકવિધ લાભો મળી રહેશે.

એક્સિસ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મુનીશ શારદાએ જણાવ્યું હતું કે, "તહેવારો દરમિયાન થતો ખર્ચ હવે વધુ વિચારપૂર્વક લેવાયેલા નિર્ણયો પર આધારિત હોય છે, પછી તે ઘર ખરીદવાની વાત હોય, વાહન બદલવાની વાત હોય, વ્યક્તિગત જરૂરિયાતો પૂરી કરવાની વાત હોય કે પછી વ્યવસાયમાં રોકાણ કરવાની વાત હોય. એક્સિસ બેંકમાં અમારો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોને સુગમતા અને મૂલ્ય પ્રદાન કરવાનો છે, જેથી તેઓ આ યોજનાઓ પર આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકે. અમારી તહેવારલક્ષી ઓફર્સમાં રિટેલ અને બિઝનેસ બેંકિંગ ક્ષેત્રે સ્પર્ધાત્મક નાણાકીય ઉકેલોનો સમાવેશ થાય છે, જે ગ્રાહકોને તેમના માટે મહત્વપૂર્ણ એવી તકોનો મહત્તમ લાભ લેવામાં મદદરૂપ થાય છે."

એક્સિસ બેંકના કાર્ડસ, પેમેન્ટ્સ અને વેલ્થ મેનેજમેન્ટના ગ્રુપ હેડ અર્નિકા દીક્ષિતે જણાવ્યું હતું કે, "ગ્રાહકો કેવી રીતે અને ક્યાં ખર્ચ કરવો તેના માટે સંબંધિત મૂલ્ય પૂરું પાડવા માટે તેમના કાર્ડસ પર વધુને વધુ આધાર રાખે છે. તહેવારોના સમયગાળા દરમિયાન, ખર્ચ વિવિધ જરૂરિયાતો અને પ્રસંગો સુધી વિસ્તરે છે, ત્યારે સુસંગતતા, પસંદગી અને સુગમતા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. અમારું ફોકસ ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અમારા કાર્ડ પ્રસ્તાવને મજબૂત બનાવતા ઉત્સવ અને આયોજિત ખરીદીઓને વધુ લાભદાયી બનાવવાનું છે. અમારી ઉત્સવની ઑફર્સની વિશાળ શ્રેણી દ્વારા, અમે ગ્રાહકોને તેમના એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડમાંથી વધુ લાભ મેળવવા અને તેમના ખર્ચને તેમના માટે વધુ કાર્યક્ષમ બનાવવા સક્ષમ બનાવી રહ્યા છીએ."

ધ બેર હાઉસનો ગુજરાતમાં પ્રવેશ : અમદાવાદમાં શરૂ કર્યો પ્રથમ સ્ટોર

પુરુષો માટેની ફેશન બ્રાન્ડ ધ બેર હાઉસે અમદાવાદમાં પોતાનો પ્રથમ સ્ટોર શરૂ કરીને ગુજરાતમાં પોતાની રિટેલ હાજરી વધુ મજબૂત બનાવી છે. આંબલીમાં આવેલું આ નવું આઉટલેટ શહેરમાં બ્રાન્ડનો પ્રવેશ દર્શાવે છે, જેનાથી રાજ્યમાં તેની હાજરી વિસ્તરી છે અને તેનાં સિગ્નેચર મેન્સવેર કલેક્શન સ્થાનિક ગ્રાહકોની વધુ નજીક પહોંચ્યાં છે.

૨,૧૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલો આ સ્ટોર અમદાવાદના આંબલીમાં ટી જંક્શન ખાતે અનમ ૨, યુનિટ ૧૦ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલો છે. આ આઉટલેટ ગ્રાહકોને ધ બેર હાઉસનાં કલેક્શન જોવા, મેન્સવેર પ્રત્યેના તેના આધુનિક અભિગમને જાણવા અને સ્ટોરના માહોલમાં બ્રાન્ડ સાથે જોડાવા માટે એક એક વિશિષ્ટ અનુભવ પૂરો પાડે છે

અમદાવાદ સ્ટોર ધ બેર હાઉસનાં અન્ય રિટેલ આઉટલેટ્સ જેવી જ ડિઝાઈન લેંગ્વેજને અનુસરે છે, જેથી બ્રાન્ડના સમગ્ર ફિઝિકલ રિટેલ નેટવર્કમાં એકસમાન દેખાવ જળવાઈ રહે છે. આ એકરૂપતા નવાં બજારોમાં હાજરી ઊભી કરતી વખતે સુસંગત ઓળખ બનાવવા પરના બ્રાન્ડના ધ્યાનને દર્શાવે છે, અને ગ્રાહકોને દરેક સ્થળે જાણીતો બ્રાન્ડ માહોલ આપે છે.

અમદાવાદમાં આ શરૂઆત ધ બેર હાઉસની સતત ચાલી રહેલી રિટેલ વિસ્તરણ વ્યૂહરચનાનો ભાગ છે, જે ગુજરાતના વધુ એક મહત્ત્વના બજારમાં તેની હાજરી વિસ્તારે છે. શહેરમાં પ્રથમ સ્ટોર સાથે બ્રાન્ડ ગ્રાહકો માટે પોતાનાં કલેક્શન સુધી પહોંચવાનો અને આધુનિક પહેરવેશ પ્રત્યેના તેના અભિગમનો જાતે અનુભવ કરવાનો નવો માર્ગ ખોલી રહી છે. ધ બેર હાઉસ પોતાનું રિટેલ નેટવર્ક સતત મજબૂત બનાવી રહી છે ત્યારે નવાં શહેરોમાં તેનું વિસ્તરણ, વ્યાપક વ્યાવસાયિક હાજરીની સાથે ફિઝિકલ સ્ટોર્સ દ્વારા વધુ વિશાળ ગ્રાહક વર્ગ સુધી પહોંચવાના પ્રયાસનું પ્રતિબિંબ છે. અમદાવાદ લોન્ચ આ સફરમાં વધુ એક કડી ઉમેરે છે અને શહેરના ખરીદદારો સુધી બ્રાન્ડનાં આધુનિક મેન્સવેર લાવે છે.

કીમતી જ્વેલ્સ અમદાવાદમાં ભારતની સૌથી ઓછી પ્રતિ કેરેટ ડાયમંડની કિંમતો લઈને આવ્યું, ચાર મહિનામાં ૧૩મો સ્ટોર ખોલ્યો

અરમાન કોઠારી દ્વારા સ્થાપિત અને કોઠારી ગ્રુપ તેમજ ઉદ્યોગસાહસિક નિખિલ કામથ અને કવિન શાહનું સમર્થન ધરાવતી કીમતી જ્વેલ્સે, અમદાવાદમાં તેના નવા સ્ટોરના ઉદ્‌ઘાટન સાથે સમગ્ર ભારતમાં તેનો ઝડપી વિસ્તાર જાળવી રાખ્યો છે. જી૧ & એફ૧, જવેલ પાર્ક, રોક રીજન્સી હોટેલની બાજુમાં, સી.જી. રોડ નજીક, અમદાવાદ-૩૮૦૦૦૬ ખાતે આવેલો આ સ્ટોર કીમતીનું ૧૩મું રિટેલ આઉટલેટ છે, જે લોન્ચ થયાના માત્ર ચાર મહિનામાં જ આટલી ઝડપી વૃદ્ધિ એ બ્રાન્ડની આક્રમક વિકાસયાત્રા અને ભારતના મુખ્ય બજારોમાં લેબ-ગ્રોન ડાયમંડ જ્વેલરીની વધતી જતી માંગને દર્શાવે છે.

અમદાવાદ સ્ટોરના લોન્ચ પ્રસંગે, કીમતીના ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર અરમાન કોઠારીએ જણાવ્યું, "ચાર મહિનાની અંદર અમારા ૧૩ સ્ટોરનું લોન્ચિંગ કીમતી માટે એક રોમાંચક ઉપલબ્ધિ છે; પરંતુ તેનાથી પણ મહત્વની વાત એ છે કે, તે અમારા એ વિશ્વાસને સાચો ઠેરવે છે કે ફાઈન જ્વેલરી માટે એક મજબૂત અને ઝડપથી વિકસતું બજાર અસ્તિત્વમાં છે, જેમાં ડિઝાઈન, ગુણવત્તા અને પારદર્શિતાની સાથે વાસ્તવિક મૂલ્ય પણ મળે છે. અમારા વિસ્તરણના આગામી તબક્કા માટે અમદાવાદની પસંદગી ખૂબ જ સમજી વિચારીને કરવામાં આવી હતી. આ એક અત્યાધુનિક અને જ્વેલરીની બાબતે ઊંડી સમજ ધરાવતું બજાર છે, જ્યાં ગ્રાહકો ગુણવત્તા અને કારીગરીની કદર કરે છે, અને સાથે જ જ્વેલરી ખરીદવાની નવી પદ્ધતિઓ તથા નવા સ્વરૂપોને અપનાવવા માટે પણ તત્પર રહે છે. અમે માનીએ છીએ કે આ બાબત તેને કીમતી માટે અને ભારતમાં લેબ-ગ્રોન ડાયમંડ કેટેગરીના વિકાસ માટે એક મહત્વપૂર્ણ બજાર બનાવે છે."

અમદાવાદમાં કરવામાં આવેલ આ લોન્ચિંગ ગુજરાતમાં કીમતીના વિસ્તરણની દિશામાં એક વ્યૂહાત્મક પગલું છે; ગુજરાત એવું બજાર છે જે જ્વેલરીની કારીગરી અને તેના વપરાશની સમૃદ્ધ પરંપરા ધરાવે છે. અમદાવાદનું સુસ્થાપિત જ્વેલરી કલ્ચર, વધતી જતી સમૃદ્ધિ અને ડિઝાઈન પ્રત્યે વધુ જાગૃત યુવા ગ્રાહકો કીમતી માટે તેને એક મહત્વપૂર્ણ બજાર બનાવે છે; કારણ કે કંપની ફાઈન જ્વેલરીના ક્ષેત્રમાં આધુનિક, પારદર્શક અને મૂલ્ય-આધારિત અભિગમ લાવવા ઈચ્છે છે.

કીમતી કોઠારી ગ્રુપના ડાયમંડ મેન્યુફેક્ચરિંગ અને જ્વેલરી ક્ષેત્રના ૪૫થી વધુ વર્ષોના અનુભવ અને નિપુણતા પર આધારિત છે, જે આ ઈન્ડસ્ટ્રીના વારસાને નવા યુગના રિટેલ પ્રસ્તાવ સાથે સાંકળે છે. આ બ્રાન્ડને એન્ટરપ્રેન્યોર નિખિલ કામથ અને કવિન શાહ દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું છે, જે ઓમોર્ડન લેબ-ગ્રોન ડાયમંડ જ્વેલરી બિઝનેસને ઉભો કરવા માટે જ્વેલરીની ગાઢ સમજ અને બિઝનેસના અનુભવને એકસાથે લાવી રહ્યાં છીએ. કીમતીને જે બાબત અલગ પાડે છે તે તેનું ફેક્ટરી-ડાયરેક્ટ અને વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ મોડેલ છે; આ મોડેલ મેન્યુફેક્ચરિંગ અને કન્ઝ્યુમર વચ્ચેના પરંપરાગત મધ્યસ્થી સ્તરોને ઘટાડે છે અને બ્રાન્ડને બજારમાં ડાયમંડ માટે પ્રતિ-કેરેટ સૌથી ઓછા ભાવ ઓફર કરવામાં સક્ષમ બનાવે છે.

સ્માર્ટવર્કસે નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ક્વાર્ટરમાં મજબૂત પ્રદર્શન બાદ સમગ્ર વર્ષ માટે આવક વૃદ્ધિનો અંદાજ વધાર્યો

વિસ્તાર (ફૂટપ્રિન્ટ)ની દ્રષ્ટિએ ભારતના સૌથી મોટા મેનેજ્ડ ઓફિસ પ્લેટફોર્મ સ્માર્ટવર્ક્સ કોવર્કિંગ સ્પેસિસ લિમિટેડે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા બીજા ક્વાર્ટર (Q2 FY27) માટે પોતાના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે, જેમાં આવક અને નફાકારકતામાં ફરી એકવાર જોરદાર ઉછાળો જોવા મળ્યો છે.

શેરબજારમાં લિસ્ટ થયા બાદ કંપનીએ સતત છઠ્ઠા ક્વાર્ટરમાં આવક વૃદ્ધિ જાળવી રાખી છે. કંપનીની કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે ૩૯% વધીને ?૫૯૧ કરોડ થઈ છે. માર્જિન સુધરીને ૧૯.૮% થવાની સાથે નોર્મલાઇઝ્ડ એબિટા ૬૮% વધીને રૂ. ૧૧૭ કરોડ રહ્યો છે, જ્યારે નોર્મલાઇઝ્ડ ચોખ્ખો નફો બમણાથી વધુ થઈને રૂ. ૪૩.૪ કરોડ પર પહોંચ્યો છે.

પરિણામો પર વાત કરતા સ્માર્ટવર્ક્સના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર નીતિશ શારદાએ જણાવ્યું: "અમારું પ્રદર્શન અપેક્ષા કરતાં ઘણું આગળ ચાલી રહ્યું છે. આવકમાં ૩૯% વૃદ્ધિ અને ચોખ્ખા નફામાં બમણાથી વધુ વધારો એવા સમયે થયો છે જ્યારે અમે અમારા અત્યાર સુધીના સૌથી મોટા વિસ્તરણના તબક્કામાં રોકાણ કરી રહ્યા છીએ. મોટા પાયે વૃદ્ધિ અને નફો બંને સાથે ચાલી શકે છે, અમારો આ વિશ્વાસ સાચો સાબિત થયો છે.

અમારા જૂના ગ્રાહકો અલગ-અલગ શહેરોમાં પોતાની ઓફિસો વધારી રહ્યા છે, જ્યારે વૈશ્વિક કંપનીઓ અને ભારતીય સમૂહો તેમની ઓફિસ જરૂરિયાતો માટે અમને પસંદ કરી રહ્યા છે. કંપનીઓ હવે જાતે ઓફિસ ઊભી કરવાની માથાકૂટ વગર ઝડપથી કામ શરૂ કરવા માંગે છે, તેથી મેનેજ્ડ કેમ્પસ તેમની પહેલી પસંદ બની રહ્યા છે."

પ્રથમ છ મહિનાના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સતત માંગને ધ્યાનમાં રાખીને કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાર્ષિક આવક વૃદ્ધિનું અનુમાન ૨૮-૩૦% થી વધારીને ૩૩-૩૫% કર્યું છે. જોકે, ૧૯-૨૦% નોર્મલાઇઝ્ડ એબિટા માર્જિનનું લક્ષ્ય અને દર વર્ષે ૨૫-૩૦ લાખ ચોરસ ફૂટ નવી જગ્યા ઉમેરવાની યોજના યથાવત રાખવામાં આવી છે.

આઈટીસી નર્મદાએ દિવાળી નિમિત્તે રિત્વાહનું ફેસ્ટિવ ગિફ્ટિંગ કલેક્શન રજૂ કર્યું

અમદાવાદમાં આવેલી લક્ઝરી કલેક્શન હોટેલ આઈટીસી નર્મદાએ દિવાળી નિમિત્તે આઈટીસી હોટેલ્સનું ફેસ્ટિવ ગિફ્ટિંગ કલેક્શન 'રિત્વાહ' રજૂ કર્યું છે. રિત્વાહમાં પરંપરાગત ભારતીય મીઠાઈઓ, આર્ટિઝનલ ચોકલેટ્સ, બૅક કરેલી સ્વાદિષ્ટ વાનગીઓ, ઉચ્ચ-ગુણવત્તાના સ્વાદિષ્ટ વ્યંજનો અને તહેવારની યાદગીરીરૂપે ભેટમાં આપી શકાય તેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. આ કલેક્શન પરિવારની સાથે કરવામાં આવતી ઉજવણીઓ, વ્યક્તિગત રીતે તથા કૉર્પોરેટ પ્રસંગો માટે ગિફ્ટિંગના વિવિધ વિકલ્પો પૂરાં પાડે છે.

આ કલેક્શનમાં વિવિધ પ્રકારના ફેસ્ટિવ હેમ્પર્સનો સમાવેશ થાય છે. આ દરેક હેમ્પરમાં મીઠાઈઓ, નાનખટાઈ, બ્રાઉનીઝ, ટી કેક્સ, ચોકલેટ્સ, સૂકામેવા અને તહેવારને અનુરૂપ અન્ય સ્વાદિષ્ટ વસ્તુઓનું અલગ-અલગ રીતે સંયોજન કરવામાં આવ્યું છે. આ ગિફ્ટિંગ કલેક્શનમાં સુંદર ગિફ્ટ બૉક્સથી લઈને ગિફ્ટ આઈટમ્સના નાના-નાના સેટ્સ સુધીના વિકલ્પો ઉપલબ્ધ છે, જે ગિફ્ટિંગ માટેની અલગ-અલગ પ્રાથમિકતાઓ અને પ્રસંગોને અનુરૂપ છે. આ કલેક્શનનું મુખ્ય આકર્ષણ રિત્વાહનું ૨૪ મીઠાઈઓ ધરાવતું સિગ્નેચર મિઠાઈ બૉક્સ છે, જેમાં સ્વાદના વિશિષ્ટ પ્રકારના સંયોજનો સાથે તૈયાર કરવામાં આવેલી પરંપરાગત ભારતીય મીઠાઈઓનો સમાવેશ થાય છે. આ મીઠાઈઓમાં હેઝલનટ બેસન લાડુ, બદામ જુવારના લાડુ, પિસ્તા પમ્પકિન સીડ બરફી, બદામ ખજૂર બરફી, કાજુ ક્રેનબેરી શીર, આમ કેસર શીર, ખુબાની રામદાના લાડુ અને મગફળી દોધા બરફીનો સમાવેશ થાય છે. આ કલેક્શનમાં પરંપરાગત ભારતીય મીઠાઈઓને એવી સામગ્રી અને સ્વાદના અનોખા સંયોજનો સાથે રજૂ કરવામાં આવી છે, જે તહેવારોમાં પસંદ કરવામાં આવતી મનપસંદ મીઠાઈઓને આધુનિક અંદાજ આપે છે. દિવાળી નિમિત્તે ગિફ્ટ્સ આપવી એ પરિવારજનો, મિત્રો અને બિઝનેસ સાથે સંકળાયેલા લોકો સાથે તહેવારની ખુશીઓ વહેંચવાનો એક સુંદર અવસર છે. રિત્વાહમાં પરંપરાગત ભારતીય મીઠાઈઓ, સ્વાદના વિશિષ્ટ સંયોજનો અને તહેવારને અનુરૂપ સ્વાદિષ્ટ વસ્તુઓનું સંયોજન કરીને તેને સુંદર રીતે રજૂ કરવા પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ કલેક્શનમાં અલગ-અલગ પ્રસંગોને અનુરૂપ સિગ્નેચર મીઠાઈઓથી લઈને ખાસ તૈયાર કરવામાં આવેલા હેમ્પર્સ સુધીના વિવિધ વિકલ્પો ઉપલબ્ધ છે. જેના લીધે પરંપરાગત અને આધુનિક મીઠાઈઓનું અનોખું સંયોજન ધરાવતી ગિફ્ટને પસંદ કરવાનું પણ સરળ બની જાય છે.

આ કલેક્શનમાં કિંમતના અલગ-અલગ સ્લેબમાં ગિફ્ટિંગ માટેના વિવિધ વિકલ્પો ઉપલબ્ધ છે. 'ધી લેગસી કલેક્શન'માં સિગ્નેચર મિઠાઈ બૉક્સની સાથે ૧૫ નાનખટાઈ ધરાવતું બૉક્સ, ફેસ્ટિવ જાર ટ્રીટ્સ, ફેસ્ટિવ નટ એન્ડ સીડ ક્લસ્ટર્સ તથા કાચના દીવાઓનો સેટ સામેલ છે. બીજા એક હેમ્પર 'ધી મેજેસ્ટિક કલેક્શન'માં મીઠાઈઓ અને નાનખટાઈની સાથે ફજ બ્રાઉનીઝ, ફેસ્ટિવ ટી કેક, ફેબેલ ટ્રફલ્સ, સનબીમ કોલ્ડ બ્રૂ, ગ્લાસ ટીલાઈટ્સનો સેટ અને કેરાલા હૉટ સૉસનો સમાવેશ થાય છે.

'ધી ગ્રેન્જર કલેક્શન'માં મીઠાઈઓ, નાનખટાઈ, બ્રાઉનીઝ, ફેસ્ટિવ ટી કેક, ફેબેલ ટ્રફલ્સ, આર્ટિઝનલ પાસ્તા, કેરાલા હૉટ સૉસ અને કાચના દીવાઓના સેટનો સમાવેશ થાય છે. 'ધી ગ્રાન્ડ ક્યુરેશન' હેમ્પરમાં સિગ્નેચર મિઠાઈ બૉક્સ, ફેસ્ટિવ ટી કેક, નટ એન્ડ સીડ ક્લસ્ટર્સ, ફેબેલ લક્ઝરી ચોકલેટ બાર અને સજાવટ માટેના ટીલાઈટ વૉટિવ સામેલ છે.

વધુ પરવડે તેવી કિંમતોએ ગિફ્ટિંગના કૉમ્પેક્ટ વિકલ્પો પૂરાં પાડતા 'ફેસ્ટિવ રીઝર્વ', 'દિવાલી ડિલાઈટ્સ હેમ્પર' અને 'સિગ્નેચર મિઠાઈ બૉક્સ'નો પણ આઈટીસી નર્મદાના દિવાળી ગિફ્ટિંગ કલેક્શનમાં સમાવેશ થાય છે. આ કલેક્શનમાં ફજ બ્રાઉનીઝની વિવિધ વેરાઈટી, નાનખટાઈ અને ફેસ્ટિવ ટી કેક્સ ધરાવતા 'એક્સક્લુઝિવ સિલેક્શન્સ' ઉપરાંત અલગથી ખરીદી શકાય તેવી ફેસ્ટિવ જાર ટ્રીટ્સનો પણ સમાવેશ થાય છે.

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

માઈક્રોસોફ્ટ, MeitY સ્ટાર્ટઅપ હબ અને 1M1B દ્વારા અમદાવાદમાં ગુજરાતના પ્રથમ 'ગ્રીન સ્કિલ્સ એન્ડ એપ્લાઈડ AI સેન્ટર ઓફ એક્સેલન્સ'નો પ્રારંભ કરવામાં આવ્યો

ગુજરાતસરકારદ્વારા, 'ગુજરાત નોલેજ સોસાયટી' (GKS), '1M1Bફાઉન્ડેશન' (વનમિલિયન ફોર વન બિલિયન), 'MeitY સ્ટાર્ટઅપ હબ' (MSH) અને માઈક્રોસોફ્ટના સહયોગથી, આજે અમદાવાદના નવરંગપુરા સ્થિત એલ.ડી. કોલેજઓફ એન્જિનિયરિંગ ખાતે 'ગ્રીનસ્કિલ્સએન્ડએપ્લાઈડAI સેન્ટર ઓફ એક્સેલન્સ' (CoE) નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.



આ ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાત સરકારના ઉચ્ચ અને તકનીકી શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ કુમાર શર્મા; ઉચ્ચ અને તકનીકી શિક્ષણ કમિશનર તથા 'નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત'ના સીઈઓ શ્રી દિલીપ કુમાર રાણા (IAS); '1M1B ફાઉન્ડેશન'ના સ્થાપક અને મુખ્ય માર્ગદર્શક માનવ સુબોધ; એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગના આચાર્ય ડૉ. નિલય એન. ભુપતાની; તેમજ અન્ય સરકારી અને ઉદ્યોગ પ્રતિનિધિઓ અને યુવા પરિવર્તનકર્તાઓ (યંગ ચેન્જમેકર્સ) ઉપસ્થિત રહ્યા હતા.

સર્વસમાવેશી વિકાસ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, આ કેન્દ્રનો ઉદ્દેશ્ય ભવિષ્ય માટે જરૂરી કૌશલ્યોના વિકાસને વ્યવહારિક ઉપયોગો અને ઉભરતી કારકિર્દીની તકો સાથે જોડવાનો છે.

ગુજરાત ગ્રીન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રોનિક્સ અને અદ્યતન ટેકનોલોજીમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે, ત્યારે CoE યુવાનોને ઉદ્યોગની વધતી જરૂરિયાતો માટે તૈયાર કરવામાં મદદ કરશે. તે GKS અને 1M1B ફાઉન્ડેશન દ્વારા ગુજરાત સરકાર વચ્ચે ત્રણ વર્ષની ભાગીદારીનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય એપ્લાઈડ AI, ગ્રીન સ્કીલ્સ, સસ્ટેનેબિલિટી અને ઉભરતી ટેકનોલોજીમાં ૩ લાખ યુવાનોને તાલીમ આપવા અને જોડવાનો છે.

ધોલેરા અને સાણંદમાં સેમિકન્ડક્ટર રોકાણો આકાર લઈ રહ્યા છે, જેના કારણે ગુજરાત સેમિકન્ડક્ટર ઉત્પાદન અને વ્યાપક ઈલેક્ટ્રોનિક્સ મૂલ્ય શૃંખલા માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. ર્ઝઈ યુવાનોને સમજવામાં મદદ કરશે કે કેવી રીતે ગ્રીન સેમિકન્ડક્ટર ઉત્પાદન ઊર્જા અને સંસાધનોના વધુ કાર્યક્ષમ ઉપયોગ, જવાબદાર પાણી વ્યવસ્થાપન, કચરો ઘટાડો અને ટકાઉ ઉત્પાદન પદ્ધતિઓ દ્વારા પર્યાવરણીય અસર ઘટાડી શકે છે. તે યુવાનોને એ શોધવા માટે પણ પ્રોત્સાહિત કરશે કે કેવી રીતે લાગુ AI અને ઉભરતી તકનીકો પ્રક્રિયા ઑપ્ટિમાઈઝેશન, ગુણવત્તા નિયંત્રણ, સંસાધન કાર્યક્ષમતા અને વધુ ટકાઉ ઔદ્યોગિક કામગીરીને ટેકો આપી શકે છે.

એપ્લાઈડ AI (Applied AI), સૌર ઊર્જા, ઈલેક્ટ્રિક વાહનો અને પવન ઊર્જાના ક્ષેત્રોમાં પ્રાયોગિક શિક્ષણની સાથે, આ પહેલ સહભાગીઓને સેમિકન્ડક્ટર ઉત્પાદન સાથે સંબંધિત પર્યાવરણ-અનુકૂળ પદ્ધતિઓથી પણ પરિચિત કરાવશે. તે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓ સાથે મેન્ટરશિપ, ઈન્ટર્નશિપ અને રોજગારીની સંભવિત તકો સહિત ઉદ્યોગ સાથેના જોડાણને પણ પ્રોત્સાહન આપશે. આ અભિગમનો ઉદ્દેશ્ય સહભાગીઓને ગુજરાતના વિસ્તરતા ટેક્નોલોજી અને ઉત્પાદન ઈકોસિસ્ટમ માટે જરૂરી વ્યવહારુ ક્ષમતાઓથી સજ્જ કરવાનો છે.

ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન ગણુભાઈ વાજાએ જણાવ્યું હતું કે, "ગુજરાત ભારતના ઔદ્યોગિક વિકાસમાં મોખરે રહ્યું છે, અને રાજ્ય સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે, તેથી આપણે ખાતરી કરવી જોઈએ કે ટકાઉપણું આપણી પ્રગતિનું કેન્દ્રબિંદુ રહે. ગ્રીન સ્કિલ્સ એન્ડ એપ્લાઈડ એઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ આપણા યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કૌશલ્યોથી સજ્જ કરવામાં મદદ કરશે જેથી તેઓ એઆઈ અને ગ્રીન ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે, ટકાઉ ઔદ્યોગિક પ્રથાઓ ચલાવી શકે અને વાસ્તવિક દુનિયાના પડકારોનો સામનો કરી શકે. નવીનતા, કૌશલ્ય અને ટકાઉપણુંને એકસાથે લાવીને, ગુજરાત એવા ભવિષ્ય તરફ દોરી શકે છે જે ટેકનોલોજીકલ પ્રગતિને આર્થિક સમૃદ્ધિ અને પર્યાવરણીય જવાબદારી સાથે જોડે છે."

માઈક્રોસોફ્ટના એલિવેટ સીએસઆરના સિનિયર ડિરેક્ટર મંજુ ધસ્માનાએ જણાવ્યું હતું કે, "ગુજરાત સરકારના એઆઈ-ફોરવર્ડ અને ફ્યુચર-રેડી રાજ્યના નિર્માણના વિઝનને સમર્થન આપવા બદલ માઈક્રોસોફ્ટને સન્માનની લાગણી છે. અમદાવાદ સેન્ટર ઓફ એક્સેલન્સ યુવાનોને એપ્લાઈડ એઆઈ અને ગ્રીન સ્કીલ્સમાં વ્યવહારુ ક્ષમતાઓથી સજ્જ કરવામાં મદદ કરશે, જે ગુજરાતના ગ્રીન સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ અને એડવાન્સ્ડ ટેકનોલોજી ઈકોસિસ્ટમમાં ઉભરતી તકો સાથે શિક્ષણને જોડશે. જેમ જેમ એઆઈ ઉદ્યોગો અને કાર્યની પ્રકૃતિને પરિવર્તિત કરે છે, તેમ આ સેન્ટર ઓફ એક્સેલન્સ માઈક્રોસોફ્ટ એલિવેટના એઆઈ+જોબ્સ પરના ધ્યાન સાથે ગાઢ રીતે સંરેખિત થાય છે, જે યુવાનોને આ વિકસતા અર્થતંત્રમાં ભાગ લેવા માટે જરૂરી કુશળતા અને માર્ગો બનાવવામાં મદદ કરે છે."

1M1B ફાઉન્ડેશનના સ્થાપક અને મુખ્ય માર્ગદર્શક (ચીફ મેન્ટર) માનવ સુબોધે જણાવ્યું હતું કે, "ગુજરાત સરકાર સાથેની અમારી ભાગીદારીનો ઉદ્દેશ્ય યુવાનોને રાજયના વિકસતા 'ગ્રીન સેમિકન્ડક્ટર' અને અદ્યતન ટેક્નોલોજી ઈકોસિસ્ટમમાંથી ઉદ્ભવતી તકો માટે તૈયાર કરવાનો છે. 'અપ્લાઈડ AI' (વ્યવહારુ કૃત્રિમ બુદ્ધિમત્તા), 'ગ્રીન સ્કિલ્સ' (પર્યાવરણલક્ષી કૌશલ્યો) અને ઉદ્યોગ-આધારિત શિક્ષણના સમન્વય દ્વારા, અમે યુવાનોને એવી વ્યવહારુ ક્ષમતાઓથી સજ્જ કરવા માંગીએ છીએ જે નવીનતા (ઈનોવેશન), ટકાઉ ઉત્પાદન અને ભવિષ્યની રોજગારીને સમર્થન આપી શકે."

અમદાવાદ સ્થિત 'સેન્ટર ઓફ એક્સેલન્સ' (CoE) એ '1M1B ફાઉન્ડેશન' અને 'માઈક્રોસોફ્ટ' દ્વારા 'સૈરૂ સ્ટાર્ટઅપ હબ'ના સહયોગથી સ્થાપવામાં આવી રહેલા પાંચ 'ગ્રીન સ્કિલ્સ એન્ડ એપ્લાઈડ AI સેન્ટર્સ ઓફ એક્સેલન્સ' પૈકીનું એક છે. બેંગલુરુ, લખનૌ અને હૈદરાબાદમાં કેન્દ્રોના શુભારંભ બાદ, પાંચમું કેન્દ્ર આ મહિનાના અંતમાં નોઈડા ખાતે શરૂ થવાનું છે. આ તમામ કેન્દ્રોનો સામૂહિક ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં 'એપ્લાઈડ AI' (વ્યવહારુ કૃત્રિમ બુદ્ધિમત્તા), આબોહવા સંબંધિત નવીનતાઓ અને ભવિષ્ય માટે જરૂરી કૌશલ્યો સુધીની પહોંચને વિસ્તૃત કરવાનો છે.

રાષ્ટ્રીય નેટવર્કનો ઉદ્દેશ્ય ૨૦૩૦ સુધીમાં ૧૦૦,૦૦૦ યુવાનોને એપ્લાઈડ એઆઈ અને ગ્રીન સ્કિલ્સમાં જોડવાનો છે, જે શિક્ષણને ઉદ્યોગના સંપર્ક અને રોજગાર, ઈન્ટર્નશિપ અને ઉદ્યોગસાહસિકતાના માર્ગો સાથે જોડે છે.

માઈક્રોસોફ્ટ તેના CSR કાર્યક્રમ હેઠળ AI ટેકનોલોજી, ડિજિટલ શિક્ષણ સંસાધનો, કર્મચારી માર્ગદર્શન (મેન્ટરશિપ), ઈનોવેશન પડકારો અને ક્ષમતા નિર્માણ દ્વારા આ કેન્દ્રોને સહાય પૂરી પાડશે, જ્યારે ૧૨૧મ ફાઉન્ડેશન તેના અમલીકરણ અને વ્યવસ્થાપનનું નેતૃત્વ કરશે.

૧૨૧મ (વન મિલિયન ફોર વન બિલિયન) એ માનવ સુબોધ દ્વારા સ્થાપિત, સંયુક્ત રાષ્ટ્ર (United Nations) દ્વારા માન્યતા પ્રાપ્ત એક બિન-લાભકારી સંસ્થા છે. આ સંસ્થાએ છેલ્લા એક દાયકા દરમિયાન યુવાનોને સંગઠિત કરીને અને તેમને કૌશલ્ય પ્રદાન કરીને, મોટા પાયે સામાજિક અને પર્યાવરણીય પ્રભાવ લાવવા માટે સજ્જ કર્યા છે.

૫,૦૦૦+ શાળાઓ અને કોલેજોમાં ચાલી રહેલા કાર્યક્રમો, ૨૫,૦૦૦+ શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે અને ૯૦૦,૦૦૦+ યુવાનોને કુશળ બનાવવામાં આવ્યા છે, જે ટાયર ૩ શહેરો અને ગ્રામીણ ભારત પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરીને ભારતના ભવિષ્ય માટે તૈયાર AI અને ગ્રીન સ્કિલ્સ પ્રતિભાનું નિર્માણ કરી રહ્યું છે. ૧૨૧મ ના રોજગાર મેળાઓ અને પ્લેસમેન્ટ ડ્રાઈવ્સે ૭૦% રોજગાર દર હાંસલ કર્યો છે, જે ગ્રામીણ યુવાનોને અર્થપૂર્ણ આજીવિકા સાથે સીધા જોડે છે.

વૈશ્વિક સ્તરે, 1M1B દેશના યુવાલાભને આબોહવા લાભ અને AI લાભમાં પરિવર્તિત કરીને ભારતની સોફ્ટ પાવરનું પ્રદર્શન કરી રહ્યું છે. યુથ ક્લાઈમેટ ડિપ્લોમસી ૨૦૨૬ પ્રોગ્રામ દ્વારા, 1M1B ગ્લોબલ વોર્મિંગને 1.5°C થી નીચે રાખવાની હિમાયત કરવા માટે ક્લાઈમેટ ફેલોની એક નવી લહેર બનાવી રહ્યું છે, જે નવેમ્બર ૨૦૨૬ માં જીનીવામાં સંયુક્ત રાષ્ટ્ર ખાતે 1M1B ઈમ્પેક્ટ સમિટમાં પરિણમશે.

એન્ટરપ્રાઈઝ ક્ષેત્રમાં AI ટેક્નોલોજીના અમલીકરણ વચ્ચે કોગ્નિઝન્ટ દ્વારા OpenAIના પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે ૨૫,૦૦૦થી વધુ વ્યાવસાયિકોને તૈનાત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી

કોગ્નિઝન્ટ (નાસ્ડેકઃ CTSH) એ આજે તેના OpenAI ફ્રન્ટિયર કેપેબિલિટી ગ્રૂપની રચનાની જાહેરાત કરી છે. આ ગ્રૂપ હેઠળ ૨૫,૦૦૦થી વધુ વ્યાવસાયિકોને એકત્ર કરવામાં આવ્યા છે, જેઓ ગ્રાહકો માટે Codex અને ChatGPT સહિતનાં OpenAIનાં ઉત્પાદનોના અમલીકરણની કામગીરી સંભાળશે. આ ગ્રૂપનો મુખ્ય ઉદ્દેશ એન્ટરપ્રાઈઝ કંપનીઓને OpenAIનાં મોડલ્સનો ઉપયોગ સોફ્ટવેર ડેવલપમેન્ટ, ગ્રાહકસેવા અને દૈનિક કામગીરી જેવી વિવિધ પ્રક્રિયાઓમાં વધુ અસરકારક રીતે કરવામાં મદદ કરવાનો છે.

અદ્યતન AI મોડલ્સ સુધીની પહોંચ હવે અનેક એન્ટરપ્રાઈઝ કંપનીઓ માટે મુખ્ય અવરોધ રહી નથી. તેના બદલે, વ્યવસાયની મહત્ત્વપૂર્ણ કામગીરી જે સિસ્ટમ્સ પર આધારિત છે, તેમાં આ મોડલ્સનો ઉપયોગ કરીને નવી ટેક્નોલોજી વિકસાવી શકે તેવા કુશળ વ્યાવસાયિકોની અછત અનુભવાઈ રહી છે. કોગ્નિઝન્ટે સમગ્ર કંપનીમાં આ પ્રકારની ક્ષમતા વિકસાવવા માટે સતત પ્રયાસો કર્યા છે. કંપનીના ૨૧,૦૦૦થી વધુ કર્મચારીઓએ OpenAI ટેક્નોલોજી સંબંધિત તાલીમ અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરીને ૪૦,૦૦૦થી વધુ OpenAI બેજ મેળવ્યા છે. નવા OpenAI ફ્રન્ટિયર કેપેબિલિટી ગ્રૂપ દ્વારા ગ્રાહકો માટે OpenAI આધારિત સિસ્ટમ્સના નિર્માણ, સંચાલન અને જાળવણી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરતી એક સંગઠિત વ્યવસ્થાનો ઉમેરો કરવામાં આવ્યો છે.

આ કામગીરીમાં કોગ્નિઝન્ટના 'ફ્રન્ટિયર વર્કફોર્સ મોડેલ'નો ઉપયોગ કરવામાં આવશે તેવી અપેક્ષા છે. આ મોડેલ હેઠળ કંપની ફ્રન્ટિયર મોડલ્સ વિકસાવતી કંપનીઓ દ્વારા સીધા જ પ્રમાણિત કરાયેલા 'ફ્રન્ટિયર સર્ટિફાઈડ એન્જિનિયર્સ' અને 'ફ્રન્ટિયર બિઝનેસ ઓપરેટર્સ' તૈયાર કરી રહી છે.

કોગ્નિઝન્ટ સામાન્ય રીતે નવી કાર્યપદ્ધતિઓ ગ્રાહકો સુધી પહોંચાડતાં પહેલાં તેનો પોતાની કંપનીમાં અમલ કરીને પરીક્ષણ કરે છે. કંપનીની વેચાણ અને ગ્રાહક સેવા ટીમો પહેલેથી જ OpenAI મોડલ્સ પર આધારિત એક સોલ્યુશનનો ઉપયોગ નવી વ્યવસાયિક તકો શોધવા અને તેને સાકાર કરવા માટે કરી રહી છે. આથી, ગ્રાહકોને આ નવા ગ્રૂપની કામગીરીનો લાભ એવી કાર્યપદ્ધતિઓના આધારે મળશે, જેનું વૈશ્વિક સ્તરે કાર્યરત એન્ટરપ્રાઈઝ કંપનીમાં મોટા પાયે પરીક્ષણ કરવામાં આવ્યું છે.

કોગ્નિઝન્ટના સીઈઓ રવિ કુમાર એસ.એ જણાવ્યું હતું કે, "છેલ્લાં ૫૦ વર્ષ દરમિયાન એન્ટરપ્રાઈઝ ટેક્નોલોજીમાં આવેલા દરેક પરિવર્તને સિસ્ટમ્સ કોણ વિકસાવે છે અને કેવી રીતે વિકસાવે છે, તેમાં બદલાવ લાવ્યો છે. Codex અને ChatGPT સાથ OpenAI આ બંને પાસાંમાં એકસાથે પરિવર્તન લાવી રહ્યું છે. આ પરિવર્તનને અમારા ગ્રાહકોના વ્યવસાયમાં સાકાર કરવા માટે અમે અમારા ૨૫,૦૦૦થી વધુ કર્મચારીઓને સમર્પિત કરી રહ્યા છીએ. અમે આ પહેલની શરૂઆત અમારી પોતાની કંપનીથી કરી છે અને OpenAI હવે અમારી વેચાણ પ્રક્રિયાને પણ નવેસરથી આકાર આપવા લાગ્યું છે."

OpenAIના ચીફ રેવન્યુ ઓફિસર ડાલી રાજિકે જણાવ્યું હતું કે, "OpenAI કંપનીઓને તેમની કાર્યપદ્ધતિઓમાં પાયાના સ્તરે પરિવર્તન લાવવા માટે મદદ કરી રહ્યું છે. ગ્રાહકોને સેવા પૂરી પાડવાની રીતથી લઈને રોજિંદા કામકાજ પૂર્ણ કરવાની પ્રક્રિયા સુધી, દરેક ક્ષેત્રમાં નવી રીતે વિચારવાની દિશા મળી રહી છે. સમર્પિત OpenAI પ્રેક્ટિસ હેઠળ ૨૫,૦૦૦થી વધુ વ્યાવસાયિકોને એકત્ર કરીને અને પોતાની કામગીરીના વિવિધ ક્ષેત્રોમાં અમારી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને કોગ્નિઝન્ટ વધુને વધુ એન્ટરપ્રાઈઝ કંપનીઓને AIના માધ્યમથી વાસ્તવિક વ્યાવસાયિક લાભ હાંસલ કરવામાં મદદ કરી રહી છે."

આ ગ્રૂપ શરૂઆતના તબક્કામાં ત્રણ મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશેઃ Codex આધારિત AI-નેટિવ સોફ્ટવેર એન્જિનિયરિંગ, એપ્લિકેશનનું આધુનિકીકરણ અને એજેન્ટિક કસ્ટમર ઓપરેશન્સ (AI આધારિત સ્વચાલિત ગ્રાહક કામગીરી). આ પૈકી પ્રથમ ક્ષેત્રમાં Codex મુખ્ય ભૂમિકા ભજવશે. તે સોફ્ટવેર એન્જિનિયરોને નવો કોડ લખવા, તેનું પરીક્ષણ કરવા અને તેને અમલમાં મૂકવામાં સહાય કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

એપ્લિકેશનના આધુનિકીકરણના ક્ષેત્રમાં ગ્રૂપ OpenAI મોડલ્સ દ્વારા સંચાલિત 'કોગ્નિઝન્ટ એપ્લિકેશન મોડર્નાઈઝર'નો સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉપયોગ કરશે. આ કામગીરીમાં જૂની મેઈનફ્રેમ સિસ્ટમ્સના કોડનું રિવર્સ એન્જિનિયરિંગ કરવાથી લઈને ક્લાઉડ-નેટિવ કોડ તૈયાર કરવા સુધીની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. દરેક મહત્ત્વપૂર્ણ નિર્ણયની સમીક્ષા એન્જિનિયરો દ્વારા કરવામાં આવશે. આ કામગીરીમાં ૫૦૦થી વધુ ગ્રાહકો માટે મેઈનફ્રેમ સિસ્ટમ્સના આધુનિકીકરણના ક્ષેત્રમાં કોગ્નિઝન્ટના અનુભવનો લાભ લેવામાં આવશે. ગ્રાહક સેવા અને કામગીરીના ક્ષેત્રમાં ગ્રૂપ વેચાણ, સેવા અને સપોર્ટ સંબંધિત કામગીરીમાં OpenAI મોડલ્સનો ઉપયોગ કરશે. આ માટે કોગ્નિઝન્ટ પોતાની કંપનીની કામગીરીમાં આ ટેક્નોલોજીના ઉપયોગથી મેળવેલા અનુભવનો આધાર લેશે.

અમદાવાદના પેલેડિયમ મોલ માં શરૂ થયું ગુજરાતનું પ્રથમ 360° ઈમર્સિવ અનુભવ કેન્દ્ર 'ધ લોસ્ટ સિટી ઓફ દ્વારકા'

ભારતીય સાંસ્કૃતિક વારસાને આધુનિક ટેકનોલોજી સાથે રજૂ કરવાના પ્રયાસરૂપે અમદાવાદના એસ.જી. હાઈવે સ્થિત પેલેડિયમ અમદાવાદ ખાતે ગુજરાતનું પ્રથમ ૩૬૦ ઈમર્સિવ અનુભવ કેન્દ્ર 'ધ લોસ્ટ સિટી ઓફ દ્વારકા' શરૂ થયું છે. આશરે ૬૦ મિનિટનો આ મલ્ટી-સેન્સરી અનુભવમાં મુલાકાતીઓને ૩૬૦ ડિગ્રી ઈમર્સિવ પ્રોજેક્શન, વર્ચ્યુઅલ રિયાલિટી (વીઆર), ઓગમેન્ટેડ રિયાલિટી (એઆર), પડી ઈફેક્ટ્સ, સરાઉન્ડ સાઉન્ડ, વિશેષ લાઈટિંગ અને પર્યાવરણની સુગંધ જેવી અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા દ્વારકાના પ્રાચીન ઈતિહાસ અને સમુદ્રની અંદરની દુનિયાનો જીવંત અનુભવ કરાવવામાં આવે છે.

આ ઈમર્સિવ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ દ્વારકા સાથે જોડાયેલા ઐતિહાસિક, પુરાતત્ત્વીય અને સાંસ્કૃતિક સંદર્ભોને વધુ રસપ્રદ અને આધુનિક રીતે લોકો સુધી પહોંચાડવાનો છે. આધુનિક ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મુલાકાતીઓને ભારતની સૌથી ચર્ચિત પ્રાચીન નગરીઓમાંની એક દ્વારકાના વૈભવ, તેની સાથે જોડાયેલી માન્યતાઓ અને સંશોધનોને સરળ રીતે સમજવાનો અવસર મળે છે.

આ અનુભવને વિવિધ વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. શરૂઆતમાં મુલાકાતીઓને ઈન્ટરેક્ટિવ પ્રદર્શન દ્વારા દ્વારકાના ઈતિહાસ અને પૌરાણિક સંદર્ભોની માહિતી આપવામાં આવે છે. ત્યારબાદ ૩૬૦ ઈમર્સિવ થિયેટરમાં વિશાળ પ્રોજેક્શન મેપિંગ દ્વારા સમુદ્રની અંદરની દુનિયા, પ્રાચીન દ્વારકા અને તેના વૈભવનું દૃશ્યાત્મક પ્રદર્શન કરવામાં આવે છે. મલ્ટી-સેન્સરી ઈફેક્ટ્સ, સરાઉન્ડ સાઉન્ડ અને વિશેષ સુગંધ દ્વારા આ અનુભવ વધુ જીવંત બને છે.

આ કેન્દ્રમાં 'મિક્સ્ડ રિયાલિટી' વિભાગ પણ તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં મુલાકાતીઓ એઆર ટેક્નોલોજીની મદદથી દ્વારકાના ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સંશોધન સાથે વધુ નજીકથી જોડાઈ શકે છે. ઉપરાંત, પડી ઈફેક્ટ્સ આધારિત વિશેષ ઝોનમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવન સાથે જોડાયેલા પ્રસંગોને આધુનિક ટેક્નોલોજી દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. વીઆર સ્ટેશન, ઈન્ટરેક્ટિવ ડિસ્પ્લે અને અન્ય ડિજિટલ અનુભવ પણ આ સમગ્ર યાત્રાનો ભાગ છે.

આ પ્રોજેક્ટમાં પર્યાવરણને અનુકૂળ અભિગમ પણ અપનાવવામાં આવ્યો છે. ઈન્સ્ટોલેશનના કેટલાક ભાગોમાં રિસાયકલ પ્લાસ્ટિકમાંથી તૈયાર કરવામાં આવેલા યુવી સ્કલ્પચર્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આધુનિક કલા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી વચ્ચેનું સંતુલન દર્શાવે છે.

દેશ અને વિદેશમાં ઈમર્સિવ અનુભવ કેન્દ્રો, ડિજિટલ મ્યુઝિયમ્સ અને અનુભવ આધારિત મનોરંજન ક્ષેત્રે ઝડપથી વધારો થઈ રહ્યો છે. પ્રવાસન અને સાંસ્કૃતિક અનુભવોમાં ટેક્નોલોજીના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં શરૂ થયેલું આ કેન્દ્ર શહેરના મનોરંજન અને સાંસ્કૃતિક પર્યટન ક્ષેત્રમાં એક નવી પહેલ તરીકે જોવામાં આવી રહ્યું છે. પેલેડિયમ અમદાવાદ ખાતે શરૂ થયેલું 'ધ લોસ્ટ સિટી ઓફ દ્વારકા' પરિવાર, વિદ્યાર્થીઓ, ઈતિહાસપ્રેમીઓ અને ટેક્નોલોજી આધારિત અનુભવોમાં રસ ધરાવતા મુલાકાતીઓ માટે એક અનોખો અનુભવ પ્રદાન કરે છે, જેમાં ભારતના સાંસ્કૃતિક વારસાને આધુનિક ડિજિટલ ટેક્નોલોજી દ્વારા નવી રીતે જીવંત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પરિણામો

આ પરિણામો વિશે ટિપ્પણી કરતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકેશ ડી. અંબાણીએ જણાવ્યું હતું કેઃ "આ સપ્તાહ ભારતીય શેરબજારો પર જિયોના રેકોર્ડબ્રેક લિસ્ટિંગ સાથે રિલાયન્સની મૂલ્ય સર્જનની સફરમાં એક ઐતિહાસિક ક્ષણ સમાન બની રહ્યું છે. ૨૨૮થી વધુ સબસ્ક્રીપ્શન અને મજબૂત લિસ્ટિંગ ભાવવૃદ્ધિ સાથે આ ઈશ્યૂએ અનેક વૈશ્વિક બેંચમાર્ક સ્થાપિત કર્યા છે. JPL હવે ભારતની બીજી સૌથી મોટી કંપની છે. તે જિયોના મજબૂત પાયા અને મજબૂત ગ્રોથ વિઝિબિલિટીમાં રોકાણકારો દ્વારા મૂકવામાં આવેલા વિશ્વાસની ગહનતા દર્શાવે છે. વર્ષ ૧૯૭૭ના રિલાયન્સના આઈપીઓ દરમિયાન અમારા સ્થાપક-ચેરમેનશ્રી દ્વારા મૂળરૂપે શરૂ કરાયેલા "ઈક્વિટી કલ્ટ"ના પુનરુત્થાનનો સાક્ષી બનવાનો મને ગર્વ છે.

અમારા વ્યવસાયોએ 2Q FY27 દરમિયાન, જટિલ પરિચાલન વાતાવરણ વચ્ચે મજબૂત પ્રદર્શન કર્યું છે. કોમોડિટી બજારો અસ્થિર રહ્યા જ્યારે ભૌગોલિક રાજકીય તણાવને લીધે વૈશ્વિક સપ્લાય ચેઈન પર અવિરત બોજો વધતો ગયો. આ સંજોગોમાં પણ, અમારા પોર્ટફોલિયોના સ્થાનિક અભિગમે, કામગીરીની શિસ્તબદ્ધતા અને અમારા સંકલિત વ્યવસાયોની વૈવિધ્યસભરતા સાથે મળીને, રિલાયન્સને બાહ્ય અસ્થિરતાઓને અસરકારક રીતે ખાળવામાં મદદ કરી.

અમાO2C વ્યવસાયે આ ત્રિમાસિક ગાળામાં ખાસ કરીને મજબૂત પ્રદર્શન કર્યું છે, જેની દોરવણી તંગ ફ્યુઅલ માર્કેટ્સ, સુધરેલા ડાઉનસ્ટ્રીમ પેટ્રોકેમિકલ ડેલ્ટા અને મજબૂત સ્થાનિક માંગે કરી છે. ફીડસ્ટોક સોર્સિંગ અને પ્રોડક્ટ પ્લેસમેન્ટની સાથે સાથે સમગ્ર મૂલ્ય શ્રૃંખલામાં પરિચાલનના ઈષ્ટતમ ઉપયોગની અમારી ક્ષમતાએ અમનને માર્જિન કેપ્ચર સુધારવા સક્ષમ બનાવ્યા છે. આ પ્રદર્શન અમારા O2C વ્યવસાયની શક્તિ અને લવચિકતાને રેખાંકિત કરે છે.

ડિજિટલ સર્વિસીઝ બિઝનેસે આ ત્રિમાસિકમાં તેની મજબૂત વૃદ્ધિ જાળવી રાખી છે. આવકમાં તંદુરસ્ત વૃદ્ધિ સાથે મોબિલિટી, હોમ બ્રોડબેન્ડ અને એન્ટરપ્રાઈઝમાં જિયોનું પ્રદર્શન મજબૂત રહ્યું હતું. જિયોએ પ્રોપ્રાઈટરી ટેક્નોલોજી સ્ટેક અને ડિજિટલ સેવાઓ, પ્લેટફોર્મ્સ અને એન્ટરપ્રાઈઝ ઑફરિંગ્સનો વિસ્તરતો પોર્ટફોલિયો બનાવ્યો છે જે કનેક્ટિવિટીથી ઘણો આગળ વિસ્તરે છે. જિયોના IPOએ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે. અમારા લાખો રોકાણકારોએ અમારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેના થકી જ ગ્રાહકો અને શેરધારકોને સતત મૂલ્ય પ્રદાન કરવા સ્વદેશી, વિશ્વસ્તરીય ડીપ-ટેક સોલ્યુશન્સના સર્જન માટેની અમારી પ્રતિબદ્ધતા વધુ મજબૂત બને છે.

રિલાયન્સ રિટેલ માટે આ ત્રિમાસિક સ્થિર રહ્યો હતો, જેમાં તમામ ફોર્મેટ અને ચેનલમાં વૃદ્ધિ જળવાઈ રહી હતી. અમારી વ્યાપક ફિઝિકલ અને ડિજિટલ ઉપસ્થિતિ તેમજ ભારતીય ગ્રાહકોની વૈવિધ્યસભર જરૂરિયાતોને પૂર્ણ કરવા પરના અમારા સતત ફોકસ દ્વારા સમર્થિત, ઉપભોક્તા માગ તંદુરસ્ત રહી છે. અમારા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ બિઝનેસે તેની વૃદ્ધિની ગતિ જાળવી રાખી છે, જેમાં એફએમસીજી બ્રાન્ડ પોર્ટફોલિયો ભારતીય ગ્રાહકો વચ્ચે વધુ સુદૃઢ બની રહ્યો છે.

અમારા શિસ્તબદ્ધ મૂડી ફાળવણીએ સાતત્યપૂર્ણ કેશ-ફ્લો પ્રદાન કરે છે અને ભારતની ઉર્જા સ્વતંત્રતા અને ટેક્નોલોજીના વિકાસમાં તે મહત્વપૂર્ણ યોગદાનકર્તા બની રહે એવા વ્યવસાયોના સર્જનમાં મદદ કરી છે."

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આકાશ એમ. અંબાણીએ જણાવ્યું હતું કે, "એક લિસ્ટેડ કંપની તરીકે નવા યુગમાં પ્રવેશ કરતી વખતે અમે જિયો પ્લેટફોર્મ્સ પરિવારમાં અમારા નવા શેરધારકોનું હાર્દિક સ્વાગત કરીએ છીએ. આ ત્રિમાસિક ગાળાના પરિણામો અમારા ૫૫ નેટવર્કની તાકાત તેમજ અમારા બ્રોડબેન્ડ અને ડિજિટલ સેવાઓની વધતી પહોંચને સતત દર્શાવી રહી છે. નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજીમાં પ્રવર્તમાન સમય કરતાં આગળ વધીને કરવામાં આવેલું રોકાણ જ છેલ્લા એક દાયકામાં જિયોની સફળતાનો પાયો રહ્યું છે. અમે અમારા હિસ્સેદારો માટે લાંબાગાળાના મૂલ્યનું નિર્માણ કરવાની સાથે સાથે સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ, 6G ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને અમારી મુખ્ય વોઈસ તથા ડેટા સેવાઓમાં સમાવિષ્ટ એઆઈ ક્ષેત્રે અમારી ક્ષમતાઓ વિકસાવવાનું ચાલુ રાખીશું."

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુશ્રી ઈશા એમ. અંબાણીએ જણાવ્યું હતું કે, "અમારા સ્ટોર્સ અને ડિજિટલ પ્લેટફોર્મ્સ પર અમારા ગ્રાહકોનો વિશ્વાસ અને સતત જોડાણ એ અમારા વિકાસના કેન્દ્રમાં રહ્યા છે. અમે અમારા વિશાળ ફિઝિકલ નેટવર્કને ડિજિટલ સુવિધા, ટેક્નોલોજી અને ભારતીય ગ્રાહકોની ઊંડી સમજણ સાથે જોડીને ભવિષ્ય માટે તૈયાર રિટેલ બિઝનેસનું નિર્માણ કરી રહ્યા છીએ. ઝડપથી વધી રહેલા ડિજિટલ કૉમર્સ અને B2B ચેનલો ધરાવતું નવું મોડલ સફળતાપૂર્વક કામ કરી રહ્યું છે અને તેને ઓફલાઈન બિઝનેસના નફામાંથી નાણાકીય ભંડોળ પૂરું પાડવામાં આવે છે. ટકાઉ અને નફાકારક વૃદ્ધિમાં સતત રોકાણ સાથે અમે આ તહેવારોની સીઝનમાં ગુણવત્તા, મૂલ્ય અને શ્રેષ્ઠ વિકલ્પો સાથે સમગ્ર ભારતમાં ગ્રાહકોને સેવા આપવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છીએ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી અનંત એમ. અંબાણીએ જણાવ્યું હતું કે, "અત્યંત અસ્થિર અને પડકારજનક વૈશ્વિક વાતાવરણ વચ્ચે પણ અમારા ર્ઝ બિઝનેસે ત્રિમાસિક ગાળાનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે. આ અમારી કામગીરીની મજબૂત ક્ષમતાનો જીવંત પુરાવો છે. અમારી ટીમોએ નાણાકીય ચતુરતા સાથે ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા દર્શાવી છે. સંકટના સમયમાં ભારતની ઉર્જા સ્થિરતા અને આત્મનિર્ભરતામાં યોગદાન આપતા આ બિઝનેસનો હિસ્સો બનવા બદલ હું ગૌરવ અનુભવું છું. અમે શિસ્તબદ્ધ કામગીરી જાળવી રાખીને અમારી ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાનું અને વધુ શ્રેષ્ઠ મૂલ્ય પૂરું પાડવાનું ચાલુ રાખીશું."


બીપી ની પહેલ 'જલ સુરક્ષા અભિયાન': ગુજરાત અને મહારાષ્ટ્રમાં પીવાના શુદ્ધ પાણી માટે સમુદાયો અને ભાગીદારો એક મંચ પર આવ્યા

ગુજરાત અને મહારાષ્ટ્રઃ બીપી ની પહેલ અને આઈએનઆરઈએમ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત 'જલ સુરક્ષા અભિયાન' અંતર્ગત ગુજરાતના આણંદ અને જૂનાગઢ તેમજ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં ગામના પ્રતિનિધિઓ, વોટર ઓપરેટરો, સરકારી અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને વિકાસ ભાગીદારો એકઠા થયા હતા. આ વર્કશોપનો મુખ્ય હેતુ પાણીની ગુણવત્તા સંબંધિત સ્થાનિક પડકારો, વ્યવહારુ અનુભવોનું આદાન-પ્રદાન અને પીવાના શુદ્ધ પાણી માટે સતત જોડાયેલા રહેવા અભિયાનના પ્લેટફોર્મ પર રજિસ્ટ્રેશન કરવાનો હતો.

ગુજરાતમાં ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ 'વર્લ્ડ વૉટર મોનીટરીંગ ડે' નિમિત્તે આ વર્કશોપ યોજાયા હતા, જ્યારે મહારાષ્ટ્રમાં ૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ તેનું આયોજન થયું હતું. આણંદમાં ૧૦૦થી વધુ અને થાણેમાં ૮૦થી વધુ સહભાગીઓએ હાજરી આપી હતી, જ્યારે જૂનાગઢ જિલ્લાના વિવિધ ગામોમાંથી પણ લોકો ઉત્સાહભેર જોડાયા હતા.

બીપી ઈન્ડિયાના પીવાના શુદ્ધ પાણીના ફ્લેગશિપ પ્રોગ્રામના પ્રોજેક્ટ મેનેજર શ્રી દુષ્યંત શર્માએ આ કાર્યક્રમોમાં બીપી ની પહેલ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે bp નું દ્રઢપણે માનવું છે કે સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી એ તંદુરસ્ત અને ખુશહાલ ગામનો પાયો છે. ત્રણેય વર્કશોપમાં જલ સુરક્ષા અભિયાન અને પાણી ક્ષેત્રે બીપી ના કાર્યોનો પરિચય આપવામાં આવ્યો હતો અને સ્થાનિક સમસ્યાઓ તેમજ સરપંચો, વોટર ઓપરેટરો અને જલ સુરક્ષકોના અનુભવો સાથે તેને જોડવામાં આવ્યું હતું.

આણંદનો વર્કશોપ વાસ્મો (WASMO), આણંદ અને એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના સંયુક્ત સહયોગથી રવિશંકર મહારાજ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. જેમાં આઈએનઆરઈએમ ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. સુંદરરાજન ક્રિષ્નન, ડિરેક્ટર ડૉ. રાજનારાયણ ઈન્દુ, એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પ્રશાંત પટેલ, સોશિયલ વર્ક વિભાગના વડા શ્રી અમિત પટેલ, વાસ્મો-આણંદના ડિસ્ટ્રિક્ટ કોઓર્ડિનેટર શ્રી વિરલ સુરેશભાઈ પટેલ, વાસ્મો-આણંદના સોશિયલ કોઓર્ડિનેટર શ્રી



સંજયભાઈ દાનસંગભાઈ ટાંક અને આઈઆઈટી ગાંધીનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પ્રહર્ષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આણંદના સરપંચો, વોટર ઓપરેટરો, એઆઈએસડબ્લ્યુ ના ઈન્ટર્ન્સ, અર્થશાસ્ત્ર અને સોશિયલ વર્કના વિદ્યાર્થીઓ અને આઈએનઆરઈએમ ના જળ ચેમ્પિયનો પણ જોડાયા હતા. આઈએનઆરઈએમ ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઓફિસર શ્રી વિષ્ણુ જોશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

જૂનાગઢનો વર્કશોપ વાસ્મો (WASMO) જૂનાગઢના સહયોગથી બામણસા ગામે યોજાયો હતો. જેમાં વાસ્મોના વોટર ક્વોલિટી આસિસ્ટન્ટ મેનેજર સુશ્રી સંગીતા બાબરીયા, અન્ય અધિકારીઓ, સરપંચો, વોટર ઓપરેટરો અને ગ્રામીણ જળ ચેમ્પિયનો હાજર રહ્યા હતા. આઈએનઆરઈએમ ફાઉન્ડેશનના પ્રોગ્રામ લીડ શ્રી મેરુસિંહ ડોડિયાએ આ વર્કશોપનું સંચાલન કર્યું હતું.

મહારાષ્ટ્રમાં આ વર્કશોપ કલ્યાણ પંચાયત સમિતિ (જિલ્લોઃ થાણે) ખાતે થાણે જિલ્લા પરિષદ અને વોટર એન્ડ સેનિટેશન સપોર્ટ ઓર્ગેનાઈઝેશન ના સહયોગથી યોજાયો હતો. જેમાં થાણે જિલ્લા પરિષદના ડેપ્યુટી સીઈઓ અને જલ જીવન મિશનના પ્રોજેક્ટ ડિરેક્ટર શ્રી પંડિત રાઠોડ, આઈએનઆરઈએમ ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. સુંદરરાજન ક્રિષ્નન, કલ્યાણ પંચાયત સમિતિના બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર શ્રી રઘુનાથ ગવારી, ગ્રામીણ પાણી પુરવઠા વિભાગના ડ્રાફ્ટસમેન શ્રી મહેશ વાળુંજ, ભૂગર્ભ જળ સર્વેક્ષણ અને વિકાસ એજન્સીના માઈક્રોબાયોલોજિસ્ટ સુશ્રી સુજાતા પાટીલ, આરોગ્ય સહાયક શ્રી રમેશ સાંબરે અને યુનિસેફ ના સ્ટેટ વોશ કન્સલ્ટન્ટ શ્રી સંદીપ તેંદુલકર ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં WOTR, ACWADAM, UNICEF અને SATTVA ના પ્રતિનિધિઓ તેમજ જલ જીવન મિશન, સ્વચ્છ ભારત મિશન અને કલ્યાણ પંચાયત સમિતિના અધિકારીઓ પણ જોડાયા હતા. INREM ફાઉન્ડેશનના પ્રોગ્રામ લીડ સુશ્રી નેહા પવારે વર્કશોપનું નેતૃત્વ કર્યું હતું અને કન્સલ્ટન્ટ સુશ્રી નમ્રતા ગોડંબેએ સંચાલન કર્યું હતું. મધ્યપ્રદેશ અને ગુજરાતની INREM ટીમે પણ સહયોગ આપ્યો હતો.

આ ત્રણેય સ્થળોએ સરકારી અધિકારીઓએ પાણી સંબંધિત સ્થાનિક પ્રશ્નો પર ચર્ચા કરી હતી, જ્યારે સરપંચો અને જલ સુરક્ષકોએ પોતાના ગામના વાસ્તવિક અનુભવો રજૂ કર્યા હતા. વર્કશોપના અંતે જલ સુરક્ષા અભિયાનના ડિજિટલ પ્લેટફોર્મ પર રજિસ્ટ્રેશનનું લાઈવ ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવ્યું હતું અને bp ની આ પહેલ સાથે આગળ જોડાયેલા રહેવા સહભાગીઓને ઓનબોર્ડ કરવામાં આવ્યા હતા.

પ્રભાત

કાર્બન ઉત્સર્જન માટે ગરીબો કરતા ધનિકો વધુ જવાબદાર

સાદુ જીવન, ઉચ્ચ વિચાર આ ભારતની માત્ર કહેવત નથી પરંતુ એક જીવન દર્શન છે. મહાત્મા ગાંધીજીએ આવું જીવન પસાર કર્યું હતું. અને ગાંધીજીએ સંત પરંપરાઓને નૈતિક આદર્શ બનાવ્યો હતો. પરંતુ વર્ષ ૧૯૯૧ પછી જે ઉદાર અર્થ વ્યવસ્થાને આપણે અપનાવી તેના પાયા તેની વિરૂધ્ધ પશ્ચિમના તર્ક પર ટકેલી છે. વપરાશ વધશે તો માંગ વધશે. માંગથી ઉત્પાદન અને ઉત્પાદનથી રોજગારી તથા રોજગારી જો વધશે તો સમૃધ્ધિ વધશે. આ જે દર્શન છે તેમાં ખર્ચ કરવો એ ગુણ છે અને બચત કરીને સાદગીમાં રહેવું તે વિકાસના માર્ગમાં અડચણ રૂપ બાબત છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા ઓક્ફ્સ કેમના તાજેતરના રિપોર્ટમાં ડિઝાસ્ટર ડિવાઇડ આ જે બાબત છે તેની સામે દર્પણ દેખાડે છે. દુનિયામાં સૌથી વધુ ધનવાન ૦.૧ ટકા વસ્તી મતલબ કે ૮૦ લાખ લોકો તાપમાન વધારવામાં સામાન્ય નાગરિકો કરતાં ૪૦૦ ટકા વધુ યોગદાન આપી રહ્યા છે. આ નાનકડો સમૂહ ૩.૫ અરબ લોકોથી વધુ કાર્બન પ્રદૂષણ ફેલાવે છે ખાનગી જેટનું માત્ર બે સેકન્ડનું કાર્બન ઉત્સર્જન એક સામાન્ય નાગરિકના પૂરા એક વર્ષના ઉત્સર્જન કરતાં વધુ હોય છે. વિડંબના આ છે કે, વર્તમાન અર્થવ્યવસ્થામાં જે સમજદારી ઉભી થઇ છે તે આ ધારણાનું ખંડન કરે છે ખરેખર સમજદારી આ બાબત સમજવામાં છે કે, આ વિકાસની લાંબા ગાળાની કિંમત કોણ ચૂકવી રહ્યું છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ સૌથી ધનવાન વ્યક્તિ દ્વારા કરાતા એક ટકાના ઉત્સર્જનના પ્રભાવથી થનારા જળવાયું પરિવર્તનથી ભવિષ્યમાં આશરે ૧૯ લાખ વધુ વ્યક્તિઓનું મોત થઇ શકે છે. તેમાંથી ૭૮ ટકામોત એ દેશમાં થશે જેમાં આ પ્રમાણેનું સંકટ વધારવામાં યોગદાન માત્ર આઠ ટકા છે.

વિશ્વમાં વર્ષ ૨૦૫૦ સુધીમાં ૧૦૦ કરોડ લોકોના વિસ્થાપનની શંકા છે. વાસ્તવિકતા આ છે કે, અમીર લોકો વધુ આધુનિક સાધનો તથા મોંઘા ઇલાજથી પોતાને બચાવવામાં સફળ રહેતા હોય છે. જીવન જીવવું મધ્યમ વર્ગના લોકો માટે કઠીન પૂરવાર થશે જ્યાં કરોડો લોકો ખેતી અને મહેનત પર આધાર રાખે છે ત્યારે આ ચેતવણી ખતરનાક છે ઉપરાંત હકીકત આ છે કે, વધુ ધનવાન લોકો જ્યારે સ્થિતિ વણશે છે ત્યારે પણ તેમાંથી તક શોધે છે. કટોકટીના સમયે કરવામાં આવતું પ્રબંધન, પુનઃનર્માણ ઇલાજ તથા વીમાં જેવા સેકટરોમાં ધનિક લોકો રોકાણ કરી તેમાંથી પણ નફો રળે છે. દર્દ આપીને મલમ વેચવાનું આ મોડલ ભલે બજારમાં કુશળતા વાળું ગણવામાં આવતું હોય વાસ્તવમાં મનુષ્ય તરીકે આપણી નિષ્ફળતા છે.

આ બાબતનો સંદેશો આ નથી કે, સામાન્ય લોકો વપરાશ ઘટાડી સાદગી વાળુ જીવન જીવે. આંકડા દર્શાવે છે કે, સૌથી ઓછી આવક વાળા ૫૦ ટકા લોકો ગ્લોબલ વોર્મિંગમાં તેમનો ૯ ટકાનો ભાગ છે જ્યારે ધનવાન લોકોની ભાગીદારી ૫૯ ટકાની છે આથી સાદુ જીવન જીવવું જોઇએ તેવી અપેક્ષા ગરીબો નહીં સંપન્ન લોકો પાસેથી રાખવી જોઇએ જ્યારે ધરતીના કેટલાક ટૂકડા સમૃધ્ધિના દિપક બને અને તેની કિંમત મોટાભાગનો નાશ કરીને ચૂકવવી પડે ત્યારે આ જૂના આદર્શો તરફ પાછા ગયા કે તેમ ગણાવી શકાય નહીં સાદગીનો ગુણ હવે આગળ વધીને સાર્વજનિક નીતિવાળો બનાવવો પડશે ઉચ્ચ વિચારનો અર્થ ભાષણ નથી સુરક્ષિત ધરતી છે તેમ માનવું જોઇએ.

ગ્લોબલ વોર્મિંગ અને જળવાયું પરિવર્તન માટે જવાબદાર કાર્બન ઉત્સર્જનમાં અમીરો અને ગરીબો વચ્ચે મોટો તફાવત છે આ તફાવતને મુખ્ય સ્વરૂપે કાર્બન અસમાનતા તરીકે ઓળખવામાં આવે છે આ દુનિયામાં ધનિકોની ટકાવારી ઘણી ઓછી છે જે વ્યક્તિઓ ધનિક છે તેમની પાસે વિમાનો, લક્ઝરી બોટ, અને મલ્ટીપલ ઘર છે આ ધનિકો વિશ્વના કુલ કાર્બન ઉત્સર્જનમાં ૧૬ ટકાનું યોગદાન આપે છે આ ઉત્સર્જન વિશ્વની સૌથી ગરીબ ૫૦ ટકા વસ્તીના કુલ ઉત્સર્જન કરતા બમણાથી વધુ છે. વિશ્વમાં સૌથી ગરીબ લોકો ૧૨ ટકા જેટલું કાર્બન ઉત્સર્જન કરે છે. અમીર લોકોની જીવનશૈલી અલગ હોય છે. તેમની પાસે મોટા બંગલા હોય છે આથી વિજળીનો વધુ વપરાશ ધનિક લોકો કરે છે ધનિકો વારંવાર હવાઇ મુસાફરી કરતા હોય છે જે ખૂબ મોટો કાર્બન ફૂટપ્રિન્ટ છોડે છે જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો જાહેર પરિવહન કે દ્વિચક્રીય વાહનોનો ઉપયોગ વધુ કરે છે સામાન્ય લોકો વીજળી ઓછી વાપરે છે જેથી તેમનો કાર્બન ફૂટ પ્રિન્ય ઘણો ઓછો હોય છે અહીં સૌથી મોટો વિરોધાભાસ આ છે કે, જે લોકો ગ્લોબલ વોર્મિંગ માટે ઓછા જવાબદાર છે તેઓ તેનો સૌથી વધુ માર સહન કરે છે.

ગરીબ વર્ગને આ ઉપરાંત ઘણી મુશ્કેલી હોય છે પુર, દુષ્કાળ, વાવાઝોડું કે ગરમી પડે ત્યારે ગરીબ લોકોના કાચા મકાનો, ખેતી અને રોજગારી સૌથી પહેલા નષ્ટ થાય છે. ગરીબો પાસે ગરમીથી બચવા એસી કે કૂલરની સગવડ હોતી નથી પરિણામે હવામાન બદલાતા માલ-મિલકતનું નુકસાન રોગચાળો અને રોગચાળાનો ભોગ ગરીબ વર્ગના લોકો વધુ બને છે. જળવાયુ પરિવર્તન સામે અનુકૂલન સાધવા તેમની પાસે આર્થિક સંસાધનો હોતા નથી.

જ્યારે અમીરો પાસે આર્થિક ક્ષમતા વીમો અને સુવિધાઓ હોવાથી તેઓ ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો દા.ત. ગરમી, ખરાબ હવામાન વગેરેથી પોતાને સુરક્ષિત રાખે છે આથી જળ વાયુ પરિવર્તન એક સામાજિક અને આર્થિક અસમાનતાનો પ્રશ્ન પણ છે જ્યાં સૌથી ઓછું ઉત્સર્જન કરનાર વર્ગ સૌથી વધુ નુકસાન ભોગવે છે.

આણંદ પોલીસમાં લાંચકાંડથી ખળભળાટ

બે લાખની લાંચ લેતા વચેટિયો ઝડપાયો, કારમાંથી ૪૯ લાખ મળ્યા

આણંદ, તા.૩૧

આણંદ જિલ્લા પોલીસ તંત્રમાં છેલ્લા એક સપ્તાહના ગાળામાં જ બીજી વખત એસીબીએ સપાટો બોલાવતાં આજે એસઓજીના પીએસઆઇ વતી એક વચેટીયો રૂ. બે લાખની લાંચ લેતાં રંગે હાથે ઝડપી લેવામાં આવ્યો હતો. જેમાં ફ્રીજ થયેલા બેંક એકાઉન્ટ ને અનફ્રીજ કરવા તથા ધરપકડ નહીં કરવા માટે લાંચ માંગવામાં આવી હતી.જેમાં વચેટિયાની કારમાંથી રૂપિયા ૪૯ લાખ રોકડા પણ મળી આવતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર આણંદ શહેર પોલીસમથકમાં એક ફરિયાદ દાખલ થઈ હતી, તે ગુનાની તપાસ એસઓજી પોલીસને સોંપવામાં આવી હતી. આણંદ ની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા આ તપાસમાં જે વ્યક્તિનું બેંક એકાઉન્ટ ફ્રીજ થયું હતું અને તેની ધરપકડ કરવાની તૈયારી પણ કરાઈ હતી. આ અંગે એસઓજી પીએસઆઈ વી.એન.રાઠોડનો તેમને સંપર્ક સાધ્યો ત્યારે ધરપકડ નહી કરવા અને તેમનું બેંક એકાઉન્ટ અનફ્રીજ કરવા માટે રુા. બે લાખની લાંચ માંગવામાં આવી હતી. એટલે ફરિયાદી લાંચ આપવા તૈયાર નહોતા. તેમણે તરત જ આ અંગે અમદાવાદ એસીબીનો સંપર્ક સાધ્યો હતો.એટલે એસીબી દ્વારા તેમણે પીએસઆઈ વી.એન. રાઠોડને નાણાં આપવાની કબુલાત કરી હતી. જેને પગલે તેમણે પોતાના વચેટીયા દીલીપ ઉર્ફે દીપુ ભીખાભાઈ પટેલને નાણાં આપવા તેવું જણાવ્યું હતું. જે બાબતે એન્ટી કરપ્શન બ્યુરો અમદાવાદ દ્વારા આજે છટકુ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ફરિયાદી નાણાં લઈને એસઓજી ઓફિસની બહાર ગયા હતા, જ્યાં એક કારમાં પીએસઆઈ રાઠોડનો વચેટીયો દિલીપ ઉર્ફે દીપુ ભીખાભાઈ પટેલ લાંચના ર લાખ રૂપિયા સ્વીકારતાં રંગે હાથે પકડાઈ ગયો હતો. જોકે, આ કાર્યવાહી દરમિયાન આરોપી પીએસઆઈ વી.એન.રાઠોડ ત્યાં હાજર મળી આવ્યા નહોતા. વળી, પંચોની ઉપસ્થિતિમાં આરોપીની મારૂતિ સિયાઝ કારની તપાસ કરતાં આશ્ચર્યજનક રીતે તેમાં તેની પાસેથી શંકાસ્પદ રૂપિયા ૪૯,૦૦,૦૦૦ રોકડા પણ મળી આવ્યા હતા, જે અંગે વધુ તપાસ ચાલી રહી છે.આ સફળ ટ્રેપ અમદાવાદ એસીબી ફીલ્ડ-૧ ના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન. પટેલ અને તેમની ટીમ દ્વારા પાર પાડવામાં આવી હતી. એસઓજી પીએસઆઈ વતી રૂ. બે લાખની લાંચ લેતા ઝડપાઈ ગયેલા વચેટીયા અંગેની ચર્ચા ફેલાઈ જતાં આણંદ જિલ્લા પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. એસીબી દ્વારા પીએસઆઈ રાઠોડની પણ ધરપકડ કરવા માટે પુરાવા એકત્ર કરીને તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવા માટે અને તેમના વતી લાંચ લેનાર વચેટીયા આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી તેને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.આ ઉપરાંત વચેટિયા પાસેથી વધારાના રૂપિયા ૪૯ લાખ ક્યાંથી અને કોની પાસેથી આવ્યા અથવા મેળવ્યા તે બાબતે પણ અનેક પ્રકારના તર્કવિતર્કો થઈ રહ્યા છે. દિવાળીના તહેવારો પણ નજીક આવી રહ્યા છે ત્યારે પોલીસ તંત્રની કામગીરી બાબતે પણ અનેક પ્રકારના સવાલો ઉભા થયા છે. બરાબર એક અઠવાડિયા પહેલા આંકલાવના પીઆઈ રુા. ૪૦ હજારની લાંચ લેતા ઝડપાયા હતા. માત્ર સાત દિવસમાં જ આણંદ જિલ્લા પોલીસના બે અધિકારીઓ એસીબીના સંકજામાં આવ્યા છે. આ બંને ઘટનાઓએ જાહેર કર્યું છે કે, પોલીસનું સ્તર કેટલી હદ સુધી નીચે ઉતરી ગયું છે.

ગીર સોમનાથના તાલાલા અને કોડીનારમાં માવઠાનો કહેર

ગીર સોમનાથ,તા.૩૧

સૌરાષ્ટ્રના ખેડૂતો માટે માવઠું મુસીબત બનીને આવ્યું છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાલા અને કોડીનાર પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવતાં ભારે કમોસમી વરસાદ વરસ્યો હતો. અનેક ગામોમાં ધોધમાર વરસાદને પગલે રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં, જ્યારે ખેતરોમાં તૈયાર થયેલો મગફળીનો પાક પાણીમાં પલળી ગયો હતો. આ માવઠાને કારણે મગફળી અને ચણાના પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, તાલાલા તાલુકાના વડાળા, જાવંત્રી, ગીર અને વિઠલપુર સહિતના ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. બીજી તરફ કોડીનાર તાલુકાના વલાદર, સાંઢણીધાર, કંટાળા, ઘાટવડ અને પાવટી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. અચાનક વરસેલા વરસાદથી ગ્રામ્ય વિસ્તારોમાં ભરચોમાસા જેવા દૃશ્યો સર્જાયા હતા.કોડીનારના જગતિયા ગામમાંથી ખેડૂતોની મુશ્કેલીની તસવીરો સામે આવી છે. અહીં ખેડૂતોનો મગફળીનો પાક લણણી માટે તૈયાર હતો.

જોકે, અચાનક ધોધમાર વરસાદ તૂટી પડતાં ખેતરોમાં પાણી ભરાઈ ગયાં હતાં અને તૈયાર મગફળીનો પાક પલળી ગયો હતો. ખેડૂતોની મહિનાઓની મહેનત પર પાણી ફરી વળતાં ભારે નિરાશા જોવા મળી રહી છે.

માવઠાની અસર માત્ર મગફળી પૂરતી સીમિત નથી. ચણાના વાવેતર કરાયેલા પાકને પણ નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. વરસાદને કારણે પાકની ગુણવત્તા અને ઉત્પાદન પર અસર થવાની શક્યતા છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ, અગાઉ અપૂરતા વરસાદને કારણે ખેતીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. હવે જ્યારે પાક તૈયાર થવાની સ્થિતિમાં હતો ત્યારે કમોસમી વરસાદે વધુ મુશ્કેલી ઊભી કરી છે. એક તરફ ખેતી પાછળ થયેલો ખર્ચ અને બીજી તરફ તૈયાર પાકને નુકસાન થતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ કફોડી બની છે.

માલવણ-વિરમગામ હાઈવે પરથી ૩૪,૨૩૬ બોટલો ભરેલો ટ્રક જપ્ત

સુરેન્દ્રનગર,તા.૩૧

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના અમલ વચ્ચે સુરેન્દ્રનગર જિલ્લામાં બજાણા પોલીસે વિદેશી દારૂના મોટા જથ્થા સામે કાર્યવાહી કરી છે. માલવણ-વિરમગામ હાઈવે પર બાતમીના આધારે હાથ ધરાયેલી તપાસ દરમિયાન પોલીસે વિદેશી દારૂની ૩૪,૨૩૬ બોટલો ભરેલો ટ્રક ઝડપી પાડ્યો હતો. જપ્ત કરાયેલા દારૂની અંદાજિત બજારકિંમત ૧.૦૨ કરોડ હોવાનું જણાવાયું છે, જ્યારે ટ્રક અને અન્ય સામાન સહિત કુલ ૧.૪૨ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, માલવણ-વિરમગામ હાઈવે પર શંકાસ્પદ ટ્રક પસાર થતો હોવાની બાતમી મળ્યા બાદ બજાણા પોલીસની ટીમે વોચ ગોઠવી હતી. પોલીસ દ્વારા ટ્રકને રોકવાનો પ્રયાસ કરવામાં આવતાં ચાલકે વાહન ભગાવ્યું હતું. જોકે, પોલીસે પીછો કરીને ટ્રકને ઝડપી લીધો હતો.પોલીસની કાર્યવાહી દરમિયાન ટ્રકચાલક વાહન રસ્તા પર મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પોલીસે ટ્રકની તપાસ હાથ ધરી હતી, જેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

ટ્રકની તલાશી દરમિયાન વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૩૪,૨૩૬ બોટલો મળી આવી હતી. આ જથ્થાની અંદાજિત કિંમત ૧.૦૨ કરોડ હોવાનું સામે આવ્યું છે. દારૂ ઉપરાંત ટ્રક સહિત અન્ય સામાન પણ કબજે કરવામાં આવ્યો છે, જેની સાથે કુલ જપ્તીનો આંકડો ૧.૪૨ કરોડથી વધુ થાય છે.

આટલા મોટા જથ્થાની હેરાફેરી સામે આવતાં પોલીસ દ્વારા દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેને ક્યાં પહોંચાડવાનો હતો તે સહિતના મુદ્દાઓની તપાસ હાથ ધરવામાં આવી છે.પ્રાથમિક તપાસમાં ટ્રક મૂળ ઝારખંડ પાસિંગનું હોવાનું અને તેના પર ઓળખ છુપાવવા માટે ખોટી નંબર પ્લેટ લગાવવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. વાહનની ઓળખ અને દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા લોકો અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

ટ્રકચાલક ફરાર થઈ જતાં પોલીસે તેને ઝડપી પાડવા માટે તપાસ તેજ કરી છે.

આરોગ્ય પ્રભાત

ગાંધીધામમાં પાંચ વર્ષમાં સ્તન કેન્સરના કેસોમાં ૧૬%નો વધારો, કુલ કેન્સરના કેસોમાં ૧૫%નો વધારો

ગાંધીધામમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સ્તન કેન્સરના કેસોમાં ૧૬%નો વધારો નોંધાયો છે, જે કેન્સરના વધતા જતા પ્રમાણ અને તેના પ્રત્યે જાગૃતિ, વહેલી તપાસ તથા સમયસર તબીબી સારવારની જરૂરિયાત તરફ ધ્યાન દોરે છે. ડૉ. મોહિત મોદીની ક્લિનિકલ પ્રેક્ટિસ દરમિયાન થયેલી કુલ દર્દીઓની કન્સલ્ટેશનના આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૧થી ૨૦૨૬ દરમિયાન કુલ કેન્સરના કેસોમાં ૧૫%નો વધારો થયો છે, જ્યારે આ જ સમયગાળામાં સ્તન કેન્સરના કેસોમાં ૧૬%નો વધારો નોંધાયો છે. આ પ્રવાહ મહિલાઓમાં સ્તન સ્વાસ્થ્ય અંગે જાગૃતિ વધારવા, અસામાન્ય ફેરફારો જણાય ત્યારે તબીબી સલાહ લેવા અને નિદાનમાં વિલંબ કરતા અવરોધોને દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

ડૉ. મોહિત મોદી, કન્સલ્ટન્ટ મેડિકલ ઑન્કોલોજિસ્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, ગાંધીધામ, એ જણાવ્યું હતું કે, ''મારી ક્લિનિકલ પ્રેક્ટિસ અને કન્સલ્ટેશન દરમિયાન જોવા મળેલા પ્રવાહો અનુસાર, છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે ૨૦૨૧થી ૨૦૨૬ દરમિયાન કુલ કેન્સરના કેસોમાં ૧૫%નો વધારો થયો છે, જ્યારે માત્ર સ્તન કેન્સરના કેસોમાં આ સમયગાળા દરમિયાન ૧૬%નો વધારો નોંધાયો છે. આ ચિંતાજનક પ્રવાહ છે અને સ્તન સ્વાસ્થ્ય અંગે વધુ જાગૃતિ લાવવાની જરૂરિયાત દર્શાવે છે. મહિલાઓએ સ્તનમાં ગાંઠ થવી, નિપલમાંથી સ્ત્રાવ થવો અથવા સ્તનના આકારમાં ફેરફાર જેવા લક્ષણોને અવગણવા જોઈએ નહીં અને વિલંબ કર્યા વિના તબીબી તપાસ કરાવવી જોઈએ. નિદાનનો ડર અને સંકોચ સમયસર સારવાર મેળવવામાં અવરોધ ન બનવા જોઈએ. વહેલી તકે નિષ્ણાતની સલાહ લેવી અને યોગ્ય તપાસ કરાવવી એ વધુ સારા સારવાર આયોજન અને પરિણામો માટેનાં મહત્ત્વપૂર્ણ પગલાં છે.'' મહિલાઓમાં સ્તન કેન્સર એક મહત્ત્વની ચિંતાનો વિષય છે. સામાન્ય રીતે ૪૫થી ૫૦ વર્ષની વયજૂથની મહિલાઓમાં તેના કેસ જોવા મળે છે. જોકે, તમામ વયજૂથની મહિલાઓ માટે તેના લક્ષણો અને સમયસર તપાસનું મહત્ત્વ સમજવું જરૂરી છે. સ્તન અથવા બગલમાં નવી ગાંઠ થવી, સ્તનના કદ અથવા આકારમાં ફેરફાર, ત્વચા પર ખાડા પડવા, નિપલ અંદરની તરફ ખેંચાવું અથવા અસામાન્ય સ્ત્રાવ થવો જેવા લક્ષણોને અવગણવા જોઈએ નહીં. સ્તનમાં થતા દરેક ફેરફારનો અર્થ કેન્સર જ હોય તે જરૂરી નથી, પરંતુ યોગ્ય નિદાન અને સારવારનું આયોજન કરવા માટે વહેલી તકે તબીબી તપાસ કરાવવી આવશ્યક છે.

કેન્સરના નિદાનનો ડર, જાગૃતિનો અભાવ અને સારવારના ખર્ચ અંગેની ચિંતાઓને કારણે ઘણી વખત મહિલાઓ તબીબી સલાહ લેવામાં વિલંબ કરે છે. સ્તન સ્વાસ્થ્ય અંગે નિયમિત જાગૃતિ, શરૂઆતનાં લક્ષણોની ઓળખ અને વિલંબ કર્યા વિના નિષ્ણાતની સલાહ લેવાથી આ પડકારોનો સામનો કરી શકાય છે. કેસોમાં વધતો આંકડો ગાંધીધામ અને સમગ્ર કચ્છ વિસ્તારમાં નિદાનની સુવિધાઓ તથા કેન્સરની સારવાર વધુ સુલભ બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂકે છે.



અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના સાથે રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી રન ફોર યુનિટી' યોજાઈ જેમાં રેલીમાં ૮ હજારથી વધુ એકતા પ્રેમીઓએ જોડાયા હતાં. સહભાગી બની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપ્યો હતો.

કરમસદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી ઉજવાઈ



આણંદ,તા.૩૪૧

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧ મી જન્મજયંતી તથા 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે આણંદ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી સંજયસિંહ મહિડાની અધ્યક્ષતામાં કરમસદમાં એકતા અને રાષ્ટ્રભાવનાના પ્રતીક સમાન 'રન ફોર યુનિટી' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

આ ગરિમાપૂર્ણ કાર્યક્રમની શરૂઆત સરદાર સાહેબની કર્મભૂમિ એવા કરમસદ સ્થિત ઐતિહાસિક સરદાર પટેલ મેમોરિયલ ખાતેથી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ લીલી ઝંડી બતાવી 'રન ફોર યુનિટી' યાત્રાને પ્રસ્થાન કરાવી હતી. આ એકતા દોડ (રન ફોર યુનિટી) કરમસદના માર્ગો પરથી પસાર થઈને સરદાર પટેલના નિવાસસ્થાને પહોંચી હતી, જ્યાં પ્રભારી મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સરદાર સાહેબના જીવન અને દેશ માટેના અપ્રતિમ યોગદાનને યાદ કરી અંજલિ અર્પિત કરવામાં આવી હતી. આ ઉજવણીમાં જિલ્લા કલેકટરશ્રી ઉત્સવ ગૌતમ, સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, કરમસદ-આણંદ મહાનગરપાલિકાના મેયરશ્રી દીપિકાબેન પટેલ, ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ, અગ્રણી શ્રી સંજયભાઈ પટેલ, કરમસદ-આણંદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી આર.એન.ડોડીયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, મદદનીશ કલેકટરશ્રી અંજલી ઠાકુર સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ સહિત સ્થાનિક પદાધિકારીઓ, કરમસદ આણંદ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી કમલેશભાઈ ડાભી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી મયુરભાઈ સુથાર, અધિકારી-કર્મચારીઓ, સામાજિક અગ્રણીઓ, યુવાનો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો એકતા દોડમાં જોડાયા હતા.

૧૦૩૮થી વધુ યુવા કલાકારો વચ્ચે ખેલાયેલા સાંસ્કૃતિક મહાકુંભનો દબદબાભેર સમાપન સમારોહ યોજાયો



વલ્લભ વિદ્યાનગર,તા.૩૧

ગુજરાતના સુપ્રસિદ્ધ કેળવણી ધામ ચારુતર વિદ્યામંડળ (CVM) યુનિવર્સિટી કેમ્પસ ખાતે આયોજિત વાર્ષિક સાંસ્કૃતિક મહાકુંભ 'યુગાંતર ૫.૦' (Youth Festival 2026)નું ભારે ઉત્સાહ અને રોમાંચભર્યા માહોલમાં ગત ૩૦ ઓક્ટોબરના રોજ જીસેટ (GCET) કોલેજ ખાતે ભવ્યાતિભવ્ય સમાપન થયું હતું. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોના ૧૦૩૮થી વધુ યુવા કલાકારો વચ્ચે યોજાયેલી ૩૨થી વધુ વૈવિધ્યસભર સ્પર્ધાઓમાં રસાકસીભર્યા મુકાબલા બાદ જીસેટ (GCET) કોલેજે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી 'યુગાંતર ૫.૦'ની ઓવરઓલ ચેમ્પિયનશિપ ટ્રોફી પોતાના નામે કરી હતી, જ્યારે એમબીઆઈટી (MBIT) કોલેજે ઓવરઓલ રનર્સ-અપનું સ્થાન હાંસલ કર્યું હતું.

જીસેટ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા પારિતોષિક વિતરણ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઝફસ્ના સહમંત્રી શ્રી મેહુલ પટેલ તથા શ્રી વિશાલ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તેમની સાથે CVM યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ઈન્દ્રજીત પટેલ, રજિસ્ટ્રાર પ્રો. ડૉ. સંદીપ વાલિયા તથા S.O. સ્ટુડન્ટ વેલ્ફેર (કલ્ચરલ હેડ) ડૉ. સર્વેશ ત્રિવેદી મંચસ્થ રહ્યા હતા. મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા ટીમો અને કલાકારોને શિલ્ડ, ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. સર્વેશ ત્રિવેદી તથા ડૉ. દેવાંશી પંડ્યાએ કર્યું હતું.

સાબરકાંઠામાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે 'રન ફોર યુનિટી' યોજાઈ

હિંમતનગર,તા.૩૧

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે હિંમતનગર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ અને સાંસદશ્રી શોભનાબેન બારૈયાની ઉપસ્થિતિમાં 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યુ હતું.''''જિલ્લા કક્ષાની આ એકતા દોડનો પ્રારંભ હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી કરવામાં આવ્યો હતો. પોલીસ પરેડ ગ્રાઉન્ડથી શરૂ થયેલી આ દોડ શહેરના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ ટાવર ચોક ખાતે આવેલા સરદાર વલ્લભભાઈ પટેલના સ્મારક પાસે પૂર્ણ થઈ હતી. જ્યાં ઉપસ્થિત મહાનુભાવોએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી પુષ્પાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ રાષ્ટ્રીય




એકતા અને અખંડિતતાના શપથ લઈ સરદાર સાહેબના રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સમર્પણના સંદેશને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.''''આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના સૂત્રોચ્ચાર કરી સરદાર સાહેબના દેશની એકતા અને અખંડિતતાના સંદેશને જનજન સુધી પહોંચાડ્યો હતો.''''આ કાર્યક્રમમાં હિંમતનગર ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલા, નગરપાલિકા પ્રમુખશ્રી અરુણાબેન કડિયા, જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી. પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી કે.પી. પાટીદાર, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, અગ્રણી કનુભાઈ પટેલ સહિત વિવિધ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.''

આગામી બે થી ત્રણ વર્ષ સુધી લગ્ન કરવાનો ઈરાદો ધરાવતી નથી : જહાન્વી કપૂર



બોલીવુડ અભિનેત્રી જહાન્વી કપૂર હાલમાં તેની ફિલ્મો તેમજ તેના અંગત જીવન માટે સમાચારમાં છે. તાજેતરમાં, તે કરણ જોહરના લોકપ્રિય ચેટ શો 'કોફી વિથ કરણ' ની નવમી સીઝનમાં અભિનેતા વરુણ ધવન સાથે જોવા મળી હતી. ૨૮ ઓક્ટોબરના રોજ પ્રસારિત થયેલા એપિસોડમાં અર્જુન કપૂર પણ ખાસ મહેમાન તરીકે દેખાયા હતા. આ શોમાં ખુબ જ હાસ્ય અને મજાનો માહોલ હતો, જેમાં તેમના અંગત જીવન, સંબંધો અને લગ્ન પર ચર્ચા થઈ હતી. લગ્નની યોજનાઓ અંગે જહાન્વી કપૂરના પ્રતિભાવે બધાનું ધ્યાન ખેંચ્યું. અભિનેત્રીએ સ્પષ્ટ કર્યું કે હાલમાં તેણીનો લગ્ન કરવાનો કોઈ પ્લાન નથી, અને ચાહકોને તે માટે થોડા વધુ વર્ષો રાહ જોવી પડી શકે છે. જાહ્નવીએ તેના નજીકના સંબંધો અને મુશ્કેલ સમયમાં તેમના સમર્થન વિશે પણ સ્પષ્ટપણે વાત કરી.કરણ જોહર તેના શોમાં મહેમાનોને તેમના અંગત જીવન વિશે પ્રશ્નો પૂછવા માટે જાણીતા છે. જાહ્નવી કપૂર સાથેની વાતચીત દરમિયાન, તેણે અભિનેત્રીના લગ્નની યોજનાઓની તપાસ કરવાનો પણ પ્રયાસ કર્યો. જ્યારે કરણે તેણીને પૂછ્યું કે તે ક્યારે લગ્ન કરવાનું વિચારી રહી છે, ત્યારે જહાન્વીએ ખચકાટ વિના જવાબ આપ્યો કે આગામી બે થી ત્રણ વર્ષ સુધી લગ્નની કોઈ શક્યતા નથી. અભિનેત્રીએ કહ્યું, "આગામી ૨-૩ વર્ષ સુધી ચોક્કસ નહીં." આનો અર્થ એ છે કે તે ઓછામાં ઓછા આગામી બે થી ત્રણ વર્ષ સુધી લગ્ન કરશે નહીં. જહાન્વીનો જવાબ સ્પષ્ટપણે દર્શાવે છે કે તેણી આ મોટો નિર્ણય લેવાની ઉતાવળમાં નથી. જોકે, તેણીએ લગ્ન માટે કોઈ ચોક્કસ સમયરેખા કે ભવિષ્યની યોજનાઓ શેર કરી નથી. તેણીના નિવેદનથી અભિનેત્રીના અંગત જીવન વિશે તેના ચાહકોમાં રસ જાગ્યો છે.જહાન્વી કપૂર લાંબા સમયથી શિખર પહારિયા સાથે જોડાયેલી છે. બંને અનેક પ્રસંગોએ સાથે જોવા મળ્યા છે, અને તેમના સંબંધો ઘણીવાર ચર્ચાનો વિષય બને છે. જોકે, આ એપિસોડમાં જાહ્નવીએ શિખર સાથેના તેના લગ્નની કોઈ તારીખ કે તૈયારીઓની જાહેરાત કરી નથી. તેથી, લગ્ન અંગેનો તેનો જવાબ હાલમાં તેની અંગત યોજનાઓ પર કેન્દ્રિત રહ્યો. અભિનેત્રી તેના કામ અને ફિલ્મોમાં વ્યસ્ત છે, અને તેણે સ્પષ્ટ કર્યું કે લગ્નને ઓછામાં ઓછા બે થી ત્રણ વર્ષ દૂર છે. કરણ જોહરના શોમાં તેના જવાબથી ફરી એકવાર પ્રશ્ન ઉભો થયો કે જાહ્નવી તેના સંબંધોને ક્યારે આગલા સ્તર પર લઈ જશે. હાલમાં, અભિનેત્રી દ્વારા કોઈ વધારાની માહિતી આપવામાં આવી નથી.શોમાં વાતચીત દરમિયાન, કરણ જોહરે જહાન્વીની આસપાસ થયેલા કેટલાક બ્રેકઅપનો પણ ઉલ્લેખ કર્યો. તેણે કહ્યું કે તેણે તેના પરિવાર અને મિત્રોમાં ઘણા સંબંધો તૂટતા જોયા છે, પરંતુ આ હોવા છતાં, બધાએ ટેકો આપ્યો છે. કરણની ટિપ્પણીનો જવાબ આપતા, મારો એ સમજાવ્યું કે તેઓ તેમની વ્યક્તિગત મુશ્કેલીઓ દરમિયાન પણ એકબીજાને ટેકો આપી શક્યા છે. અભિનેત્રીએ કહ્યું કે તેઓ આમાં ખૂબ સારા છે અને મુશ્કેલ સમયમાં એકબીજાને કેવી રીતે ટેકો આપવો તે જાણે છે. જાહ્નવીનું નિવેદન તેના નજીકના સંબંધો અને તેના મિત્રો સાથેના તેના જોડાણને પ્રતિબિંબિત કરે છે. ફિલ્મ જગતના વ્યસ્ત જીવનમાં વ્યક્તિગત સંબંધોમાં ઉતાર-ચઢાવ આવવા સામાન્ય છે, પરંતુ જાહ્નવીના મતે, તેના નજીકના લોકોએ તેને એકબીજાની સમસ્યાઓ સમજવા અને દૂર કરવામાં મદદ કરી છે.કરણ જોહરે જહાન્વીને તેના નજીકના મિત્રો માટે ડેટિંગ અંગે સલાહ માંગીને વાતચીત ચાલુ રાખી. તેણે અભિનેત્રીને પૂછ્યું કે તે વેદાંગ રૈના અને તેની બહેન ખુશી કપૂરને શું સલાહ આપશે. જહાન્વીએ વેદાંગને વધુ પડતું વિચારવાનું બંધ કરવાની સલાહ આપી. ખુશી કપૂર અંગે, તેણીએ કહ્યું કે તેણીને નથી લાગતું કે તેની બહેનને હવે કોઈ સલાહની જરૂર છે. જહાન્વીના જવાબો તેણીની બહેન પ્રત્યેના પ્રેમ અને મિત્રો સાથેના તેના આરામને પ્રતિબિંબિત કરે છે. વાતચીતના આ ભાગમાં, તેણીએ ગંભીર ટિપ્પણીઓ કરવાને બદલે હળવાશથી પોતાના વિચારો વ્યક્ત કર્યા. શોમાં આવા પ્રશ્નો જાહ્નવીના અંગત જીવન અને તેના નજીકના લોકો સાથેના સંબંધોની ઝલક આપે છે.આ જ એપિસોડમાં, વરુણ ધવનને તેના અંગત જીવન અને ભૂતકાળના સંબંધો વિશે પણ પ્રશ્ન કરવામાં આવ્યો હતો. કરણ જોહરે તેને પૂછ્યું કે શું તે તેના ભૂતપૂર્વ ભાગીદારોને મળવા માટે આરામદાયક છે. વરુણે જવાબ આપ્યો કે તે પરિણીત છે, અને બીજાઓ શું કરવાનું પસંદ કરે છે તે તેમના પર નિર્ભર છે. તેણે એમ પણ કહ્યું કે તે તેના વર્તમાન જીવનમાં ખુશ છે. વરુણનો જવાબ તેના વર્તમાન જીવન પર કેન્દ્રિત હતો. "કોફી વિથ કરણ" ની નવમી અને અંતિમ સીઝન જીયો હોટસ્ટાર પર સ્ટ્રીમ થઈ રહી છે, જેમાં દર બુધવારે સાંજે ૭ વાગ્યે નવા એપિસોડ રિલીઝ થાય છે. આ એપિસોડમાં, જહાન્વી કપૂરના લગ્ન વિશેના સ્પષ્ટ જવાબો અને વ્યક્તિગત સંબંધો પરના તેના મંતવ્યો ચર્ચાનો મુખ્ય ભાગ હતા.



ઝારા યાસ્મીનની ઘણી બોલ્ડ તસવીરો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જે બાદ દરેકના મનમાં એક જ સવાલ છે કે આ ઝારા યાસ્મીન કોણ છે અને તે ક્યાંની છે. આ સિવાય જો તમે પણ ઝારા યાસ્મીન વિશે અને તેના અંગત જીવન સાથે જોડાયેલી અન્ય માહિતી જાણવા માગો છો, તો ચાલો આજે તમને જણાવીએ કે કોણ છે ઝારા યાસ્મીન જેણે પોતાની બોલ્ડ તસવીરોથી ઈન્ટરનેટ પર આગ લગાવી દીધી છે.

ટોમ હોલેન્ડે ૧.૪૮ લાખની કમાણી કરીને દુનિયાનો સૌથી પૈસાદાર હીરો બન્યો



મુંબઈ, તા.૩૧

બોલીવૂડ હોય કે હોલીવુડ, કોની કેટલી કમાણી છે અને કઈ ફિલ્મે કેટલી કમાણી કરી એના માપદંડ પર જ સઘળાં મૂલ્યાંકનો થતાં હોય છે, બાકી સ્ટારડમ તો ગ્લેમર ચમકાવવાનો જ માયનો છે.

એક એવો હીરો હમણાં વૈશ્વિક ક્ષિતિજે ચમક્યો છે, જેણે ટૂંકા ગાળામાં ઢગલો નાણાં કમાઈ લીધાં છે. 30 વર્ષની ઉંમરે, ટોમ હોલેન્ડે એવી સિદ્ધિ મેળવી છે જેની કોઈએ કલ્પના પણ ન કરી હોય. તે પોતાની કારકિર્દીમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મો સાથે અભિનેતાઓની યાદીમાં ટોચ પર પહોંચી ગયો છે.સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે 2026 ની રેકોર્ડબ્રેક ફિલ્મ સાબિત થઈ છે. તે વિશ્વની ત્રીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની છે. તેના અભિનેતા ટોમ હોલેન્ડે પણ પોતાના માટે એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. અસંખ્ય સુપરહીરો ફિલ્મોમાં કામ કરી ચૂકેલો હોલીવુડ અભિનેતા હવે વિશ્વના સૌથી વધુ કમાણી કરનારા કલાકારોની યાદીમાં ટોચ પર પહોંચી ગયો છે. તેણે ટોમ ક્રૂઝ, રોબર્ટ ડાઉની જુનિયર અને બ્રેડ પિટ સહિત ઘણાં બધાં મોટાં નામોને પાછળ છોડીને આ સિદ્ધિ મેળવી છે. હવે ટોમ હોલેન્ડ કુલ કારકિર્દી કલેક્શનના સંદર્ભમાં ટોચનું સ્થાન ધરાવે છે.ટોમ હોલેન્ડે આ સફળતા ફિલ્મ સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે સાથે મેળવી છે. આ ફિલ્મે વિશ્વભરમાં 23,000 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. વિશ્વસિનેમાના ઈતિહાસમાં એ ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની છે. ફિલ્મના મુખ્ય હીરોએ એક એવો રેકોર્ડ હાંસલ કર્યો છે જે પહેલાં કોઈ અન્ય અભિનેતાએ હાંસલ કર્યો નથી.ટોમ હોલેન્ડે 30 વર્ષની ઉંમરે એવું પ્રાપ્ત કર્યું છે જે ઈતિહાસમાં કોઈ અન્ય અભિનેતાએ પ્રાપ્ત કર્યું નથી. ટોમ હોલેન્ડ ફિલ્મ આધારિત કમાણીની દૃષ્ટિએ સૌથી વધુ કમાણી કરનાર બન્યો છે. ટોમ હોલેન્ડની ફિલ્મોનું કુલ કલેક્શન સત્તાવાર રીતે વિશ્વભરમાં $15.5 બિલિયન સુધી પહોંચી ગયું છે. આનો અર્થ એ થયો કે, ભારતીય ચલણમાં, તેની ફિલ્મોએ વિશ્વભરમાં કુલ 1.48 લાખ કરોડની કમાણી કરી છે. તેણે સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે, ધ ઓડિસી, સ્પાઈડર-મેન: નો વે હોમ, એવેન્જર્સ: એન્ડગેમ અને એવેન્જર્સ: ઈન્ફિનિટી વોર જેવી ફિલ્મો દ્વારા આ સિદ્ધિ મેળવી છે.આ ફિલ્મોએ અબજો રૂપિયાની કમાણી કરી છે અને વિશ્વભરમાં સારી રીતે પ્રશંસા મેળવી છે. ટોમ હોલેન્ડે આ બધી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકાઓ ભજવી છે. આટલી નાની ઉંમરે સફળતાની ઊંચાઈએ પહોંચ્યો છે. ટોમ હોલેન્ડે કમાણી કરવામાં ખૂબ જ ટૂંકા ગાળામાં ઘણા કલાકારોને પાછળ છોડી દીધા છે. $15.50 બિલિયનની કમાણી સાથે તેણે અવતાર અભિનેત્રી ઝો સલ્ડાનાનો રેકોર્ડ તોડ્યો છે, જેણે $15.47 બિલિયનની કમાણી કરી હતી. હવે એ બીજા સ્થાને આવી ગઈ છે. સ્કારલેટ જોહાનસન, $15.40 બિલિયન અથવા આશરે 147 લાખ કરોડની કુલ ફિલ્મ કમાણી સાથે ત્રીજા સ્થાને છે.ટોમ હોલેન્ડે ટૂંકા ગાળામાં જ મોટી ઊંચાઈઓ હાંસલ કરી છે. એ 16 વર્ષથી ફિલ્મ ઉદ્યોગમાં છે. પોતાની કારકિર્દીમાં ધ ઈમ્પોસિબલ, હાઉ આઈ લીવ નાઉ, કેપ્ટન અમેરિકન સિવિલ વોર, મોનસ્ટર્સ કોલ, સ્પાઈડર-મેન: હોમકમિંગ, એવેન્જર્સ: ઈન્ફિનિટી વોર, એવેન્જર્સ: એન્ડગેમ, સ્પાઈડર-મેન: ફાર ઙોમ હોમ, ધ ડેવિલ ઓલ ધ ટાઈમ, સ્પાઈડર-મેન: નો વે હોમ, અનચાર્ટેડ, ધ ઓડિસી અને સ્પાઈડર-મેન: બ્રાન્ડ ન્યૂ ડે જેવી ફિલ્મોમાં દેખાયો છે. આજે એને વિશ્વના સૌથી સફળ અભિનેતાઓમાંના એક ગણવામાં આવે છે.

માારો જીવનસાથી સ્વાર્થી ન હોવો જોઈએ : સાઈ પલ્લવી



'રામાયણ'ની રિલીઝ માટે ફક્ત એક અઠવાડિયા બાકી હોવાથી, આખી ટીમ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. ૫ નવેમ્બરના રોજ રિલીઝ થનારી આ મેગા-બજેટ ફિલ્મમાં, રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકા ભજવશે, જ્યારે સાઈ પલ્લવી સીતાની ભૂમિકા ભજવશે. કન્નડ સુપરસ્ટાર યશ રાવણની ભૂમિકા ભજવશે, અને સની દેઓલ બજરંગબલીનું પાત્ર ભજવશે. આ દરમિયાન, કલાકારો ફિલ્મના પ્રમોશન માટે "કૌન બનેગા કરોડપતિ ૧૮" ના સેટની મુલાકાતે ગયા હતા, જ્યાં અમિતાભ બચ્ચને "રામાયણ" ટીમને ફિલ્મ અને તેમના અંગત જીવન વિશે હળવાશથી પ્રશ્નો પૂછ્યા હતા. આ દરમિયાન, બિગ બીએ સાઈ પલ્લવીને તેના લગ્ન વિશે પણ પૂછ્યું. તેમણે તેણીને પૂછ્યું કે જો તેણી લગ્ન કરે તો તેણી તેના ભાવિ જીવનસાથીમાં કયા ગુણો ઇચ્છશે. સાઈએ જવાબ આપ્યો કે એક સારો માણસ તેના માટે સૌથી મહત્વપૂર્ણ છે, અને તેણીએ કેટલાક અન્ય ગુણોનો પણ ઉલ્લેખ કર્યો."કૌન બનેગા કરોડપતિ ૧૮" ના સ્ટેજ પર, અમિતાભ બચ્ચને સાઈ પલ્લવીને તેના શિક્ષણ વિશે પણ પ્રશ્ન કર્યો અને પૂછ્યું કે તેણીએ મેડિકલનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી અભિનયને કારકિર્દી તરીકે કેમ પસંદ કર્યો. સાઈ પલ્લવીએ હસીને કહ્યું, "ભગવાન પોતે લખ્યું છે કે મારે અભિનય કરવો જોઈએ." સાઈનો જવાબ સાંભળીને, બિગ બી થોડા મૂંઝવણમાં મુકાઈ ગયા, તેથી રણબીરે જવાબ આપ્યો, "તે ભગવાનનો પ્રિસ્ક્રિપ્શન હતો, સાહેબ, તેણીએ અભિનય કરવો જોઈએ." આ સાંભળીને, દર્શકો, જેમાં બિગ બી પણ સામેલ હતા, હસી પડ્યા. સાઈ પલ્લવીએ જ્યોર્જિયાની તિબિલિસી સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાંથી મેડિસિનનો અભ્યાસ કર્યો હતો, પરંતુ પછીથી અભિનય પસંદ કર્યો.

સાઈ પલ્લવી હાલમાં નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત "રામાયણ" માટે સમાચારમાં છે. સાઈ પલ્લવી ફિલ્મમાં માતા સીતાની ભૂમિકા ભજવે છે, જ્યારે રણબીર ભગવાન રામ અને રવિ દુબે લક્ષ્મણની ભૂમિકામાં જોવા મળશે. યશ લંકાના રાજા રાવણની ભૂમિકા ભજવી રહ્યા છે અને સની દેઓલ હનુમાનની ભૂમિકા ભજવી રહ્યા છે. "રામાયણ: ભાગ ૧" ૫ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાનું છે. બે ભાગમાં બનેલી આ મેગા બજેટ ફિલ્મનો આ પહેલો ભાગ છે, જ્યારે બીજો ભાગ ૨૦૨૭ ની દિવાળી પર રિલીઝ થઈ શકે છે.

સિન્ડી ક્રોફોર્ડના પુત્ર, પ્રેસ્લી ગેર્બરની ૨૭ વર્ષની વયે વિદાય

મુંબઈ, તા.૩૧

ફેશન અને ગ્લેમર ઉદ્યોગ માટે દુ:ખદ સમાચાર છે. વિશ્વ વિખ્યાત સુપરમોડેલ સિન્ડી ક્રોફોર્ડ અને ઉદ્યોગપતિ રેન્ડે ગેર્બરના પુત્ર અને પ્રખ્યાત મોડેલ અને ઉદ્યોગસાહસિક, પ્રેસ્લી ગેર્બરનું ૨૭ વર્ષની વયે અવસાન થયું છે. લોસ એન્જલસ કાઉન્ટી મેડિકલ એક્ઝામિનર અનુસાર, પ્રેસ્લીએ લોસ એન્જલસના એક પુનર્વસન કેન્દ્રમાં અંતિમ શ્વાસ લીધા. જોકે, તેના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાહેર કરાયું નથી.

સિન્ડી ક્રોફોર્ડના પ્રતિનિધિએ દુ:ખદ સમાચારની પુષ્ટિ કરતાં કહ્યું, ''પરિવાર આ ખૂબ જ મુશ્કેલ અને દુ:ખદ સમયમાં ગોપનીયતાની વિનંતી કરે છે.''૧૯૯૯ માં કેલિફોર્નિયામાં જન્મેલા પ્રેસ્લી સિન્ડી મોડેલ અને અભિનેત્રી કેઆ ગેર્બરના મોટા ભાઈ હતા.

પ્રેસ્લીએ ફેશન ઉદ્યોગમાં પોતાના પરિવારને અનુસરીને ૧૬ વર્ષની ઉંમરે ઈટાલિયન ફેશન લેબલ મોસ્ચિનો માટે રનવે ડેબ્યૂ કર્યું. બાદમાં તેણે બર્બેરી, ડોલ્સે અને ગબ્બાના, બોટ્ટેગા વેનેટા, ટોમી હિલફિગર અને રાલ્ફ લોરેન જેવા મુખ્ય ફેશન હાઉસ માટે મોડેલિંગ કર્યું.

કેલ્વિન ક્લેઈન, સેલિન, પેપ્સી અને ઓમેગા જેવા બ્રાન્ડ્સ માટેના અભિયાનોમાં પણ એ દેખાયો. તાજેતરનાં વર્ષોમાં, પ્રેસ્લીએ માનસિક સ્વાસ્થ્ય અને પદાર્થના ઉપયોગ સાથેના તેના અનુભવો વિશે ખુલ્લેઆમ વાત કરી છે. ૨૦૨૩ માં 'સ્ટુડિયો ૨૨' પોડકાસ્ટ પર, તેણે માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ લાવવા માટે તેના પ્લેટફોર્મનો ઉપયોગ કરવાના તેના પ્રયાસોની ચર્ચા કરી. તેણે ''મેન્ટલ હેલ્થ મન્ડેઝ'' નામની એક પહેલ પણ શરૂ કરી હતી. બેઘર લોકો માટે કામ કરતી લોસ એન્જલસ સ્થિત સંસ્થા, અ સેન્સ ઓફ હોમ જેવી સંસ્થાઓ સાથે પણ તેણે કામ કર્યું જે બેઘર લોકોને મદદ કરે છે.ગયા વર્ષે ડિસેમ્બરમાં, પ્રેસ્લીએ ઈન્સ્ટાગ્રામ પર એક વિડિઓ શેર કર્યો હતો જેમાં તેણે મનની ગભરાટની લાગણીઓ સામે એન્ટીડિપ્રેસન્ટ્સ અને ઝેનાક્સ સહિતની દવાઓની ચર્ચા કરી હતી. આ વિડિઓ પાછળથી કાઢી નાખવામાં આવ્યો હતો. સિન્ડીએ જુલાઈમાં, તેના ૨૭મા જન્મદિવસે, તેણે ફેસબુક પર લખ્યું હતું કે તેણી જે માણસ બની છે તેના પર તેણીને ગર્વ છે, અને ઉમેર્યું હતું કે તે હંમેશા તેને પોતાનો ''નાનો છોકરો'' માનશે.કેઆ ગેર્બર તેના ભાઈની મુશ્કેલીઓ વિશે ખુલાસો કર્યો છે. પ્રેસ્લીનું મૃત્યુ તેની બહેન, કેઆએ અમેરિકન વોગના સપ્ટેમ્બર અંકમાં વ્યસન સામેના તેના સંઘર્ષ વિશે વાત કર્યાના થોડા સમય પછી થયું.કેઆએ તેના અનુભવોનો પરિવાર પર પડેલી અસરનું વર્ણન કર્યું અને કહ્યું કે તેનાથી પરિવારમાં તેની પોતાની ભૂમિકા પ્રત્યેનો તેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. તેણે પ્રેસ્લીના પોતાના સંઘર્ષોને છુપાવવાને બદલે ખુલીને બોલવાના નિર્ણય વિશે પણ વાત કરી.કેઆએ કહ્યું, ''અમારા માતાપિતા મોટાભાગે ખૂબ જ ખાનગી રહેતાં હતાં અને કંઈપણ શેર કરતાં નહોતાં - અને હવે અમારી પાસે એક મહાન શિક્ષક છે, મારો ભાઈ, જે કહે છે, 'હું બધાની સામે ખૂબ જ માનવી બનીશ.'''લોસ એન્જલસ કાઉન્ટી મેડિકલ એક્ઝામિનર દ્વારા પ્રેસ્લીના મૃત્યુની તપાસ કરવામાં આવી રહી છે. મૃત્યુના સંજોગો અથવા કારણ વિશે હજુ સુધી કોઈ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી.

હાર્દિક પંડ્યા ટ્રેડ દ્વારા અન્ય ટીમમાં જોડાઈ શકે

IPL 2027માં રોહિત શર્મા ફરી બની શકે મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન

મુંબઈ, તા.૩૧

IPL 2027 પહેલાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં મોટા ફેરફારો થવાની શક્યતા છે. છેલ્લા કેટલાક સમયથી ટીમની કેપ્ટનશીપ અને ખેલાડીઓના ભવિષ્યને લઈને અનેક અટકળો ચાલી રહી છે. હવે એવા અહેવાલો સામે આવ્યા છે કે રોહિત શર્મા ફરી એકવાર મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશીપ સંભાળી શકે છે. બીજી તરફ હાર્દિક પંડ્યાને કેપ્ટન પદેથી હટાવવાની ચર્ચાઓ વચ્ચે તેના ટ્રેડને લઈને પણ નવી માહિતી સામે આવી છે.



અહેવાલો અનુસાર, મુંબઈ ઈન્ડિયન્સનું ટીમ મેનેજમેન્ટ IPL ૨૦૨૭ માટે રોહિત શર્માને ફરી કેપ્ટન બનાવવાનું વિચારી રહ્યું છે. અગાઉ રોહિત શર્માએ તિલક વર્માના નામનું સૂચન કેપ્ટનશીપ માટે કર્યું હોવાની પણ ચર્ચા હતી. જોકે, ફ્રેન્ચાઈઝીએ રોહિતને જ ફરીથી ટીમની કમાન સંભાળવા વિનંતી કરી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

રોહિત શર્મા ન્યૂઝીલેન્ડ જવા રવાના થાય તે પહેલાં ટીમ મેનેજમેન્ટ સાથે આ મુદ્દે ચર્ચા થઈ હોવાનું પણ સામે આવ્યું છે. નવા કોચની પસંદગી સહિત ટીમના કેટલાક મહત્વના નિર્ણયોમાં રોહિતના મંતવ્યોને પણ મહત્વ આપવામાં આવ્યું હોવાનું કહેવાય છે.

મુંબઈ ઈન્ડિયન્સના ચાહકો માટે સૌથી મોટો સવાલ હાર્દિક પંડ્યાના ભવિષ્યને લઈને છે. ચર્ચા એવી છે કે હાર્દિક પંડ્યા ટ્રેડ દ્વારા અન્ય ટીમમાં જોડાઈ શકે છે. જો તેનો ટ્રેડ શક્ય નહીં બને તો તે રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ મુંબઈ ઈન્ડિયન્સ માટે રમી શકે છે.

અહેવાલ મુજબ, ટ્રેડ ન થાય તો હાર્દિક રોહિતના નેતૃત્વમાં રમવા માટે તૈયાર હોવાનું જણાવાયું છે. જોકે, આ અંગે ફ્રેન્ચાઈઝી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

IPL ૨૦૨૭ પહેલાં મુંબઈ ઈન્ડિયન્સે કોચિંગ સ્ટાફમાં પણ મોટા ફેરફારો કર્યા છે. મહેલા જયવર્દનેના સ્થાને કિરોન પોલાર્ડને નવા હેડ કોચ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત કોચિંગ સ્ટાફમાં અન્ય પૂર્વ ખેલાડીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ખેલાડીઓના રિટેન્શન અને રિલીઝ અંગેના નિર્ણયો નજીક આવતાં મુંબઈ ઈન્ડિયન્સનું મેનેજમેન્ટ ટૂંક સમયમાં મોટો નિર્ણય લઈ શકે છે. અહેવાલ મુજબ, નવેમ્બરના મધ્ય સુધીમાં ખેલાડીઓની યાદી સબમિટ કરવાની હોવાથી ટીમની આગામી સિઝનની રણનીતિ સ્પષ્ટ થઈ શકે છે. હાલ રોહિત શર્માની કેપ્ટનશીપ અને હાર્દિક પંડ્યાના ટ્રેડ અંગે સત્તાવાર જાહેરાત બાકી છે. જો રોહિત ફરી મુંબઈની કમાન સંભાળે છે તો IPL ૨૦૨૭માં મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં એક નવો અધ્યાય શરૂ થઈ શકે છે.

BCCI એ પ્રસિદ્ધ ક્રિષ્નાના રિપ્લેસમેન્ટની કરી જાહેરાત

NZ વનડે શ્રેણી માટે ફરી ટીમ ઈન્ડિયામાં ફેરફાર

નવી દિલ્હી, તા.૩૧

ન્યૂઝીલેન્ડ સામે વનડે શ્રેણી માટે ભારતીય સ્ક્વોડમાં આકિબ નબીની એન્ટ્રી થઈ છે. BCCI એ એક વાર ફરી ટીમ ઈન્ડિયામાં ફેરફાર કર્યો છે. પહેલા જમ્મુ-કાશ્મીરના આકિબ નબીને ત્રીજી અને ચોથી મેચ માટે જ સ્ક્વોડમાં જગ્યા આપવામાં આવી હતી. હવે નબીને પહેલી ત્રણ વનડે મેચો માટે પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેમને પ્રસિદ્ધ ક્રિષ્નાના રિપ્લેસમેન્ટ તરીકે લાવવામાં આવ્યો છે. પ્રસિદ્ધ ઈજાના કારણે પૂરી વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. આકિબ નબીએ છેલ્લા મહિને વેસ્ટઈન્ડીઝ સામે વનડે મેચ રમીને પોતાનું ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું. પહેલી મેચમાં તેમણે ૮૪ રન આપ્યા હતા, તેમ છતાં ટીમ મેનેજમેન્ટ અને સિલેક્ટર્સે તેમના પર ભરોસો બતાવ્યો છે. તમને જણાવી દઈએ કે શુભમન ગિલ અને નીતીશ કુમાર રેડ્ડી છેલ્લી બે વનડે મેચોમાં નહીં રમે. ટેસ્ટ શ્રેણીની તૈયારીઓને ધ્યાનમાં રાખતા ગિલ અને નીતીશ ૧૩ નવેમ્બર અને ૧૫ નવેમ્બરની ODI મેચ નહીં રમે.



પહેલી ૩ ODI માટે ભારતીય સ્ક્વોડઃ શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કેએલ રાહુલ, અક્ષર પટેલ, નમન ધીર, અંશુલ કંબોજ, ગુરનૂર બ્રાર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, ઈશાન કિશન, મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ, નીતીશ કુમાર રેડ્ડી, આકિબ નબી

છેલ્લી ૨ ODI માટે ભારતીય સ્ક્વોડઃ શ્રેયસ અય્યર (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, તિલક વર્મા, ઈશાન કિશન, અક્ષર પટેલ, નમન ધીર, આકિબ નબી, ગુરનૂર બ્રાર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, કુમાર કુશાગ્ર, મોહમ્મદ સિરાજ, યશ ઠાકુર, કુલદીપ યાદવ

વેસ્ટઈન્ડીઝ સામે નબીનું ભલે ઈન્ટરનેશનલ ડેબ્યૂ બહુ સારું ન રહ્યું હોય. પરંતુ ત્યાર પછી તેમણે રણજી ટ્રોફીમાં જમ્મુ-કાશ્મીર માટે વાપસી કરી. તેમણે મધ્ય પ્રદેશ સામે ૪ વિકેટ લીધી અને ૩૨ રન પણ બનાવ્યા. ત્યાર પછી તેમણે ઈન્ડિયા છ માટે રમતા ન્યૂઝીલેન્ડ છ સામે પણ દમદાર પ્રદર્શન કર્યું. પહેલી અનઓફિશિયલ ટેસ્ટમાં તેમણે બંને ઈનિંગ્સમાં મળીને ૬ વિકેટ ઝડપી અને બેટથી ૪૩ રનનું યોગદાન આપ્યું. આકિબ નબીનો લિસ્ટ-છ રેકોર્ડ સારો રહ્યો છે. અત્યાર સુધી તેમણે પોતાની વનડે કરિયરમાં ૩૭ મેચ રમીને ૫૬ વિકેટ ઝડપી છે અને તેઓ જરૂર પડે ત્યારે બેટિંગ પણ કરી શકે છે. લિસ્ટ-છ ક્રિકેટમાં તેમના નામે એક સદી પણ છે.

ટીમ ઈન્ડિયામાં નંબર ૩ માટે રેસ! પડિક્કલે ૩ ઈનિંગ્સમાં ૩૧૧ રન ફટકારી આ સ્ટારની ઊંઘ ઉડાવી



ભારતીય ટીમ હાલ ન્યૂઝીલેન્ડ પ્રવાસે T20 સીરિઝ રમી રહી છે, જ્યારે આગામી ટેસ્ટ શ્રેણીની તૈયારી માટે કેટલાક મુખ્ય ખેલાડીઓ ઈન્ડિયા છ તરફથી અનઓફિશિયલ ટેસ્ટ રમી રહ્યા છે. આ પ્રવાસમાં યુવા બેટ્સમેન દેવદત્ત પડિક્કલનું અસાધારણ બેટિંગ પ્રદર્શન સતત જોવા મળી રહ્યું છે. ન્યૂઝીલેન્ડ છ સામેની બીજી અનઓફિશિયલ ટેસ્ટની પ્રથમ ઈનિંગ્સમાં પડિક્કલે વધુ એક મોટો સ્કોર બનાવીને ટીમ ઈન્ડિયામાં નંબર ૩ના સ્થાન માટે પોતાનો દાવો મજબૂત કરી દીધો છે. આ પ્રવાસમાં માત્ર ૩ ઈનિંગ્સમાં જ તે ૩૦૦થી વધુ રનનો આંકડો વટાવી ચૂક્યો છે.

ક્રાઈસ્ટચર્ચ ખાતે રમાઈ રહેલી બીજી અનઓફિશિયલ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ છ ટીમે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. ટીમ ઈન્ડિયાની શરૂઆત અત્યંત નિરાશાજનક રહી હતી અને ઓપનર યશસ્વી જયસ્વાલ પ્રથમ ઓવરમાં જ ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયો હતો. શરૂઆતી આંચકા બાદ સાઈ સુદર્શન અને દેવદત્ત પડિક્કલ વચ્ચે બીજી વિકેટ માટે ૯૦ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી નોંધાઈ હતી. સાઈ સુદર્શન ૪૧ રન બનાવીને આઉટ થયો હતો, પરંતુ પડિક્કલે પોતાની લય જાળવી રાખી ૧૪૦ બોલમાં ૧૨ ચોગ્ગાની મદદથી ૮૦ રનની મજબૂત ઈનિંગ્સ રમી હતી. ક્રિઝ પર સંપૂર્ણ રીતે સેટ થઈ ચૂકેલા પડિક્કલ ૩૯મી ઓવરમાં ફ્રેઝર શીટના બોલ પર ક્લીન બોલ્ડ થતાં પોતાના વધુ એક સંભવિત શતકથી માત્ર ૨૦ રન દૂર રહી ગયો હતો.

ન્યૂઝીલેન્ડ છ સામેની આ અનઓફિશિયલ ટેસ્ટ સીરિઝમાં દેવદત્ત પડિક્કલનું બેટ સતત રન વરસાવી રહ્યું છે. બંને ટીમો વચ્ચેની પ્રથમ અનઓફિશિયલ ટેસ્ટ ડ્રો રહી હતી, જેમાં પડિક્કલે બંને ઈનિંગ્સમાં યાદગાર બેટિંગ કરી હતી. અત્યાર સુધી રમાયેલી ૩ ઈનિંગ્સમાં તેણે ૧૦૩.૬૬ની અસાધારણ સરેરાશથી કુલ ૩૧૧ રન બનાવી લીધા છે. આ પ્રવાસ દરમિયાન તેણે અત્યાર સુધીમાં ૧ શતક અને ૧ અર્ધશતક ફટકાર્યું છે, જેમાં તેનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર ૧૯૯ રન રહ્યો છે.

સાઈ સુદર્શન છેલ્લા કેટલાક સમયથી ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ટીમ માટે નંબર ૩ના ક્રમે બેટિંગ કરી રહ્યો હતો. જોકે, શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝ પહેલાં સુદર્શન ઈજાગ્રસ્ત થતાં દેવદત્ત પડિક્કલને ટીમમાં તક મળી હતી અને તેણે તેનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો.

હાલમાં સાઈ સુદર્શન સંપૂર્ણ ફિટ થઈને ન્યૂઝીલેન્ડ છ સામે રમી રહ્યો છે અને તેણે ૩ ઈનિંગ્સમાં ૧૩૨ રન બનાવ્યા છે. પરંતુ પડિક્કલનું પ્રદર્શન સુદર્શનની સરખામણીએ ઘણું વધારે ચડિયાતું અને સાતત્યપૂર્ણ રહ્યું છે. આ તોફાની પ્રદર્શનને જોતાં ન્યૂઝીલેન્ડ સામે રમાનારી ૨ ટેસ્ટ મેચોની મુખ્ય સીરિઝમાં પ્લેઈંગ ઈલેવનમાં નંબર ૩ના સ્થાન માટે દેવદત્ત પડિક્કલને પ્રથમ પ્રાથમિકતા મળવાની પૂરેપૂરી શક્યતા છે.

ઓસ્ટ્રેલિયાની શરમજનક હાર, દ.આફ્રિકાએ ૧૭૬ રને મેચ-સિરીઝ કબજે કરી

કેપટાઉનના ન્યૂલેન્ડ્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ શાનદાર પ્રદર્શન કરતાં ઓસ્ટ્રેલિયાને ૧૭૬ રને કારમી હાર આપી છે. મેચના પાંચમા દિવસે ૨૮૮ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કાંગારૂ ટીમ માત્ર ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ જીત સાથે દક્ષિણ આફ્રિકાએ ૩ મેચોની ટેસ્ટ શ્રેણી ૨-૧ થી પોતાના નામે કરી લીધી છે.

ચોથી ઈનિંગ્સમાં ૨૮૮ રન બનાવવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ માટે કેપટાઉનની પિચ અત્યંત મુશ્કેલ સાબિત થઈ હતી. સ્પિનર સાયમન હાર્મરે ઘાતક બોલિંગ કરતાં માત્ર ૧૬ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી. આ મેચની પ્રથમ ઈનિંગ્સમાં ૪ વિકેટ સાથે સમગ્ર મેચમાં કુલ ૧૦ વિકેટ લેવા બદલ સાયમન હાર્મરને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે કગિસો રબાડાએ પણ ઝડપી બોલિંગથી ઓસ્ટ્રેલિયન ટીમને મુશ્કેલીમાં મૂકી દીધી હતી.

ઓસ્ટ્રેલિયાની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને સ્કોરબોર્ડ પર માત્ર ૫ રન નોંધાયા ત્યાં સુધીમાં બંને ટોચના બેટ્સમેનો મેટ રેનશો અને માર્નસ લાબુશેન પેવેલિયન ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ ટ્રેવિસ હેડે ૧૪ રન અને કેમરૂન ગ્રીને ૨૭ રન બનાવ્યા હતા, પરંતુ મિડલ ઓર્ડર તાસના પત્તાની જેમ ધરાશાયી થતાં એક સમયે ટીમની ૬ વિકેટ માત્ર ૪૨ રનમાં પડી ગઈ હતી.

ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન પેટ કમિન્સે ૧૧ રન અને નાથન લાયને ૩૩ રન બનાવીને ૯મી વિકેટ માટે ૪૫ રનની ભાગીદારી કરી હાર ટાળવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સાયમન હાર્મર અને કગિસો રબાડાની બોલિંગ સામે તેઓ લાંબો સમય ટકી શક્યા નહીં અને સમગ્ર કાંગારૂ ટીમ ૫૭.૧ ઓવરમાં ૧૧૧ રનમાં જ સમેટાઈ ગઈ હતી.

મેચમાં પ્રથમ બેટિંગ કરતાં દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગ્સમાં ૩૨૯ રન બનાવ્યા હતા. તેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગ્સમાં ૪૨૯ રન બનાવીને ૧૦૦ રનની મહત્વપૂર્ણ લીડ મેળવી હતી. જોકે દક્ષિણ આફ્રિકાએ બીજી ઈનિંગ્સમાં જોરદાર વાપસી કરી ૩૮૭ રનનો મોટો સ્કોર ખડકી ઓસ્ટ્રેલિયા સામે ચોથી ઈનિંગ્સમાં ૨૮૮ રનનો પડકારજનક લક્ષ્યાંક મૂક્યો હતો.

આ મુકાબલા દરમિયાન ઝડપી બોલર કગિસો રબાડાએ ૭૦ ટેસ્ટ મેચમાં પોતાના ૩૫૦ વિકેટ પૂરા કર્યા હતા. આ સિદ્ધિ મેળવનાર તે દક્ષિણ આફ્રિકાનો બીજો સૌથી ઝડપી બોલર બન્યો છે. જોકે ફેંકાયેલા બોલની સંખ્યાની દ્રષ્ટિએ રબાડાએ વિશ્વ વિક્રમ સર્જ્યો છે. રબાડાએ માત્ર ૧૩,૮૦૮ બોલમાં ૩૫૦ વિકેટ ઝડપીને ડેલ સ્ટેનનો ૧૪,૭૧૯ બોલનો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે અને વિશ્વ ક્રિકેટમાં સૌથી ઓછા બોલમાં આ આંકડે પહોંચનાર બોલર બની ગયો છે.

દક્ષિણ આફ્રિકાની આ જીતથી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબ્લ્યુટીસી ૨૦૨૫-૨૭) ના પોઈન્ટ્સ ટેબલમાં મોટો ફેરફાર થયો છે. ટોચ પર ચાલી રહેલી ઓસ્ટ્રેલિયન ટીમ પહેલા ક્રમેથી સીધી ત્રીજા ક્રમે આવી ગઈ છે. ઓસ્ટ્રેલિયાએ ૧૩ મેચોમાંથી ૯ જીતી છે અને ૪ હારી છે, જેથી તેમનો જીત ટકાવારી દર ૬૯.૨૩ ટકા થયો છે.

બીજી તરફ આ જીત સાથે દક્ષિણ આફ્રિકા ત્રીજા ક્રમેથી બીજા ક્રમે પહોંચી ગયું છે. દક્ષિણ આફ્રિકાએ આ ચક્રમાં ૫ જીત મેળવી છે અને ૨ માં હારનો સામનો કર્યો છે, જેનાથી તેમની જીત ટકાવારી ૭૧.૪૩ ટકા થઈ છે અને ફાઈનલ માટેની દાવેદારી વધુ મજબૂત બની છે.

આ પરિણામનો સૌથી મોટો ફાયદો ન્યૂઝીલેન્ડને થયો છે, જે હવે પોઈન્ટ્સ ટેબલમાં નંબર ૧ પર આવી ગયું છે. ન્યૂઝીલેન્ડે ૬ મેચમાંથી ૪ જીત મેળવી છે, ૧ હારી છે અને ૧ ડ્રો રહી છે, જેમાં તેમના ૫૨ પોઈન્ટ્સ અને જીત ટકાવારી ૭૨.૨૨ ટકા છે. ભારતીય ટીમ આ ટેબલમાં ચોથા ક્રમે યથાવત છે. ટીમે આ ચક્રમાં અત્યાર સુધી રમેલી ૧૧ મેચોમાંથી ૫ માં જીત મેળવી છે, ૪માં હારનો સામનો કરવો પડ્યો છે અને ૨ મેચ ડ્રો રહી છે, જેથી ભારતની જીત ટકાવારી ૫૧.૫૨ ટકા નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે ડબ્લ્યુટીસી ની ફાઈનલ પોઈન્ટ્સ ટેબલની ટોચની ૨ ટીમો વચ્ચે રમાય છે.

પત્નીની ચૂંટણી લડવાની ચેલેન્જ પર મોહમ્મદ શમીનો જવાબ- જેને જ્યાંથી લડવું હોય લડે, ખુલ્લું મેદાન છે

રાષ્ટ્રીય લોકદળ (RLD)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચૌધરી જયંત સિંહ સાથે ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીની તસવીર વાયરલ થયા બાદ શરૂ થયેલો રાજકીય વિવાદ હવે વધુ ગરમાયો છે. શમીની પત્ની હસીન જહાંએ શમી કે તેના પરિવાર સામે ચૂંટણી મેદાનમાં ઉતરવાની જાહેરાત કરી હતી, જે બાબતે હવે ખુદ મોહમ્મદ શમીએ પહેલીવાર પોતાની પ્રતિક્રિયા આપી છે.



ઉત્તરાખંડના રૂરકી ખાતે ખાનપુરના ધારાસભ્ય ઉમેશ કુમાર સાથે મીડિયા સાથેની વાતચીતમાં જ્યારે શમીને હસીન જહાંના ચૂંટણી લડવાના પડકાર વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતુંઃ

જોકે, આ વાતચીત દરમિયાન પણ શમીએ પોતાની સીધી રાજકીય ઈનિંગ્સ શરૂ કરવા કે આગામી વિધાનસભા ચૂંટણીમાં અમરોહા બેઠક પરથી ચૂંટણી લડવા અંગે કોઈ સત્તાવાર ફોડ પાડ્યો નહોતો કે કોઈ ખુલ્લો સંકેત આપ્યો નહોતો.

ગત સપ્ટેમ્બર મહિનામાં મોહમ્મદ શમીએ રાલોદ પ્રમુખ જયંત ચૌધરી સાથે મુલાકાત કરી હતી, જેની તસવીરો જયંત સિંહે સોશિયલ મીડિયા પર શેર કરી હતી. ત્યારથી શમી અમરોહા સીટ પરથી ચૂંટણી લડશે તેવી અટકળોએ જોર પકડ્યું હતું. આ મુલાકાત બાદ હસીન જહાંએ ખુલ્લેઆમ સામે આવીને જાહેરાત કરી હતી કે જો શમી કે તેના પરિવારનો કોઈ પણ સભ્ય ગમે ત્યાંથી ચૂંટણી લડશે, તો તે પણ તેમની સામે જ મેદાનમાં ઉતરશે. હસીન જહાંએ પોતાના ચૂંટણી લડવાનો મુખ્ય ઉદ્દેશ્ય શમી અથવા તેના પરિવારના સભ્યોની હાર સુનિશ્ચિત કરવાનો ગણાવ્યો હતો. તાજેતરમાં હસીન જહાંએ વધુ આક્રમક વલણ અપનાવતા જણાવ્યું હતુંઃ

"શમી કે તેના કોઈ પણ પરિવારજનની મારી સામે ચૂંટણી લડવાની કોઈ હેસિયત જ નથી. મારી જાહેરાત પછી જ ચૂંટણી લડવાની અને ધારાસભ્ય બનવાની પોતાની ઈચ્છા તે ખુલીને વ્યક્ત કરી શકતો નથી. હિંમત હોય તો અમરોહાથી જ મારી સામે ચૂંટણી લડીને બતાવે. અહીંના લોકો તેની અસલિયત સારી રીતે જાણે છે. થોડા દિવસોની ખોટી દોલત અને શોહરતથી ચૂંટણી જીતી શકાતી નથી. ગમે તે ભોગે હું તેની સામે લડીશ અને તેની ડિપોઝિટ પણ જપ્ત થશે."

શમી બાદ હવે તેના મોટા ભાઈ હસીબ અહેમદે પણ દિલ્હી ખાતે રાલોદ સુપ્રીમો ચૌધરી જયંત સિંહ સાથે મુલાકાત કરી છે. સોશિયલ મીડિયા પર આ મુલાકાતની તસવીરો સામે આવ્યા બાદ શમી પરિવારના રાજકારણમાં પ્રવેશ અંગેની ચર્ચા વધુ તેજ બની છે. જોકે, હસીબ અહેમદે હાલમાં આ મુલાકાતને સંપૂર્ણ પારિવારિક ગણાવી છે, પરંતુ ભવિષ્યમાં ચૂંટણી લડવાની સંભાવનાઓને સંપૂર્ણપણે નકારી પણ નથી.

'આનંદ મઠ'ના રંગમંચ પર ગુંજ્યો રાષ્ટ્રભક્તિનો નાદ

ઈતિહાસ જ્યારે સાહિત્યનાં પાનાંમાંથી બહાર આવી રંગમંચ પર સાકાર થાય, ત્યારે તે માત્ર નાટ્યપ્રસ્તુતિ બની રહેતું નથી, પરંતુ રાષ્ટ્રની ચેતના અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતિબિંબ બની જાય છે. રાષ્ટ્રીય એકતા દિવસના પાવન અવસરે કેવડિયામાં સ્ટેચ્યુ ઑફ યુનિટી નજીકના ખુલ્લા રંગમંચ પર કંઈક આવો જ અદ્ભુત નજારો સર્જાયો, જ્યારે રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયની રેપર્ટરી કંપનીએ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની અમર સાહિત્યકૃતિ 'આનંદ મઠ'ને ભવ્ય નાટ્યસ્વરૂપે રજૂ કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વિશેષ પ્રસ્તુતિ નિહાળી તેની પ્રશંસા કરી હતી. દેશભક્તિ, ત્યાગ, શૌર્ય અને માતૃભૂમિ પ્રત્યેની અતૂટ નિષ્ઠાની ભાવનાથી ઓતપ્રોત આ નાટક ભારતીય ઈતિહાસ અને સાંસ્કૃતિક ગૌરવને ઉજાગર કરતી એક યાદગાર રંગયાત્રા બની રહ્યું.

સાહિત્યની અમર કૃતિને રંગમંચ પર નવજીવન

ભારતીય સાહિત્યના ઈતિહાસમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા 'આનંદ મઠ'નું સ્થાન વિશિષ્ટ છે. વર્ષ ૧૮૮૨માં પ્રકાશિત થયેલી આ કૃતિ ૧૮મી સદીના સંન્યાસી વિદ્રોહની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર આધારિત છે. માતૃભૂમિની રક્ષા માટે સંઘર્ષ કરતા સંન્યાસીઓની ગાથા દ્વારા આ નવલકથા રાષ્ટ્રપ્રેમ, સાહસ, સમર્પણ અને બલિદાનની ભાવનાઓને પ્રભાવશાળી રીતે રજૂ કરે છે.

આવી કાલજયી કૃતિને રંગમંચ પર સાકાર કરવી એ માત્ર સર્જનાત્મક પડકાર નથી, પરંતુ તેના મૂળ ભાવ અને ઐતિહાસિક ગૌરવને નવી પેઢી સુધી પહોંચાડવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી પણ છે. રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયની ટીમે આ પડકારને સ્વીકારીને સાહિત્ય, સંગીત, અભિનય અને દૃશ્યકલાનો સુંદર સમન્વય સાધ્યો હતો.

નાટકનું રૂપાંતરણ આસિફ અલી હૈદરે કર્યું છે, જ્યારે તેનું નાટ્ય રૂપાંકન, સંગીત, પરિકલ્પના અને દિગ્દર્શન રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયના નિયામક ચિત્તરંજન ત્રિપાઠીએ સંભાળ્યું છે.

૩૦૦ કલાકારોના સામૂહિક પ્રયાસથી સર્જાઈ ભવ્યતા

'આનંદ મઠ'ની આ વિશેષ પ્રસ્તુતિમાં આશરે ૩૦૦ કલાકારો અને વિવિધ કલા ક્ષેત્રોના નિષ્ણાતોએ ભાગ લીધો હતો. અભિનેતાઓથી લઈને લલિત કળાના કલાકારો, ડિઝાઈનર્સ, કારીગરો અને લોકકલાકારો સુધીના સર્જકોના સામૂહિક યોગદાનથી નાટકને ભવ્ય અને પ્રભાવશાળી સ્વરૂપ પ્રાપ્ત થયું હતું.

વિશાળ મંચસજ્જા, સશક્ત અભિનય, ભાવસભર સંગીત અને લયબદ્ધ હલનચલન દ્વારા નાટકના પ્રસંગોને જીવંત બનાવવામાં આવ્યા હતા. ઐતિહાસિક સંઘર્ષની ગંભીરતા, પાત્રોની આંતરિક લાગણીઓ અને રાષ્ટ્રપ્રેમની પ્રબળ અભિવ્યક્તિએ આ પ્રસ્તુતિને વિશિષ્ટ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

નાટકની દૃશ્ય પરિકલ્પના રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયની રેપર્ટરીના વડા રાજેશ સિંહે તૈયાર કરી હતી, જ્યારે પ્રકાશ પરિકલ્પનાની જવાબદારી જ્ઞાનદેવ સિંહે સંભાળી હતી. મંચ પર ઉપયોગમાં લેવાતી વિવિધ વસ્તુઓ અને સામગ્રીની ડિઝાઈન અરુણ કુમાર મલ્લિકે તૈયાર કરી હતી.

શૌર્ય અને યુદ્ધનાં દૃશ્યોમાં કલાત્મક કૌશલ્યનો પરિચય



'આનંદ મઠ'ની નાટ્યપ્રસ્તુતિમાં યુદ્ધ અને સંઘર્ષના પ્રસંગોને અસરકારક રીતે રજૂ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય ફિલ્મ ઉદ્યોગના જાણીતા એક્શન ડિરેક્ટર અબ્દુલ રશીદ મહેતાએ નાટકનાં યુદ્ધ અને એક્શન દૃશ્યોનું દિગ્દર્શન કર્યું હતું.

પ્રસિદ્ધ છઉ નૃત્યગુરુ અને પદ્મશ્રીથી સન્માનિત શશાધર આચાર્યએ નાટકની નૃત્યરચના તૈયાર કરી હતી. પરંપરાગત નૃત્યશૈલી, નાટ્યાત્મક હલનચલન અને યુદ્ધનાં દૃશ્યોના સંયોજનથી પ્રસ્તુતિને વિશેષ આકર્ષણ પ્રાપ્ત થયું હતું.

સંગીત પ્રોગ્રામિંગ અને બેકગ્રાઉન્ડ સ્કોરની જવાબદારી સંતોષ સિંહે સંભાળી હતી, જ્યારે રાઘવેન્દ્ર તિવારીએ સહ-દિગ્દર્શક તરીકે યોગદાન આપ્યું હતું. આ તમામ કલાકારો અને નિષ્ણાતોના સંકલિત પ્રયાસોથી 'આનંદ મઠ' માત્ર એક નાટક નહીં, પરંતુ વિવિધ કલાઓના સુમેળનું પ્રતીક બની રહ્યું.

'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષની સ્મૃતિને સમર્પિત રંગાંજલિ

'આનંદ મઠ'ની સૌથી વિશિષ્ટ ઓળખ તેની સાથે સંકળાયેલું રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્' છે. આ ગીતે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન લાખો દેશવાસીઓના હૃદયમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત પ્રજ્વલિત કરી હતી. માતૃભૂમિને વંદન કરવાની ભાવનાને લોકચેતનાનો અવાજ બનાવવામાં આ ગીતનું યોગદાન ઐતિહાસિક રહ્યું છે.

૭ નવેમ્બર ૨૦૨૫થી 'વંદે માતરમ્'નાં ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત સ્મરણોત્સવના સંદર્ભમાં 'આનંદ મઠ'ની આ પ્રસ્તુતિ વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ નાટક ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓના સાહસ, સંઘર્ષ અને બલિદાનને રંગમંચ દ્વારા અર્પિત શ્રદ્ધાંજલિ સમાન છે.

નાટકમાં રજૂ થતી દેશભક્તિની ભાવના દર્શકોને એ સમયની યાદ અપાવે છે, જ્યારે રાષ્ટ્રની સ્વતંત્રતા અને ગૌરવ માટે અસંખ્ય લોકોએ પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું હતું. આ રીતે ઐતિહાસિક સાહિત્યકૃતિ વર્તમાન પેઢીને દેશના સ્વાતંત્ર્યસંગ્રામના મૂલ્યો સાથે જોડવાનું કાર્ય કરે છે.

ભક્તિ, સંગીત અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ

નાટકની અસરકારકતા વધારવામાં સંગીતની ભૂમિકા પણ અત્યંત મહત્ત્વપૂર્ણ રહી હતી. ચિત્તરંજન ત્રિપાઠીએ નાટકનું સંગીત અને ગીતો તૈયાર કર્યાં હતાં. સંગીતની રચનામાં ભક્તિ આંદોલન તથા મહાકવિ જયદેવની પ્રસિદ્ધ કૃતિ 'ગીત ગોવિંદ'માંથી પ્રેરણા લેવામાં આવી હતી.

આ ઉપરાંત, આદિ શંકરાચાર્ય દ્વારા રચિત 'જગન્નાથ અષ્ટકમ્'નું એક પદ પણ નાટકનાં ગીતોમાં સામેલ કરવામાં આવ્યું હતું. ભક્તિ, આધ્યાત્મિકતા અને રાષ્ટ્રપ્રેમની લાગણીઓને સાંકળતા આ સંગીતે પ્રસ્તુતિને ભાવનાત્મક ઊંડાણ આપ્યું હતું.

નાટ્યસંગીત અહીં માત્ર મનોરંજનનું માધ્યમ બની રહેતું નથી, પરંતુ પાત્રોની લાગણીઓ, સંઘર્ષની તીવ્રતા અને કથાના આંતરિક ભાવવિશ્વને પ્રેક્ષકો સુધી પહોંચાડવાનું સશક્ત સાધન બને છે.

રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયની સર્જનાત્મક પરંપરામાં વધુ એક સિદ્ધિ

રાષ્ટ્રીય નાટ્ય વિદ્યાલયની રેપર્ટરી કંપની માટે 'આનંદ મઠ'નું આ મંચન તેની સર્જનાત્મક યાત્રામાં વધુ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે. ભારતીય સાહિત્યની અમર કૃતિને આધુનિક રંગમંચીય અભિવ્યક્તિ દ્વારા રજૂ કરીને સંસ્થાએ નાટ્યકલા અને રાષ્ટ્રીય સાંસ્કૃતિક વારસા વચ્ચેના સંબંધને વધુ મજબૂત બનાવ્યો છે.

ઉલ્લેખનીય છે કે રેપર્ટરી કંપનીને અગાઉ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ પોતાની નાટ્યપ્રસ્તુતિઓ રજૂ કરવાની અને તેમની પ્રશંસા મેળવવાની તક મળી છે. તેમાં વર્ષ ૨૦૨૫ના રાષ્ટ્રીય એકતા દિવસના અવસરે ગુજરાતના કેવડિયામાં રજૂ કરવામાં આવેલી નાટ્યપ્રસ્તુતિનો પણ સમાવેશ થાય છે.

કેવડિયાની ધરતી પર રજૂ થયેલું 'આનંદ મઠ' ઈતિહાસ, સાહિત્ય, સંગીત અને નાટ્યકલાના સંગમનું પ્રતીક બન્યું છે. તેની કથા આપણને યાદ અપાવે છે કે રાષ્ટ્રનું ગૌરવ માત્ર ભૂતકાળની સિદ્ધિઓમાં જ નહીં, પરંતુ તે મૂલ્યોને જીવંત રાખવાની આપણી પ્રતિબદ્ધતામાં પણ વસે છે.

'આનંદ મઠ'નો સંદેશ સ્પષ્ટ છે—માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠા, સામૂહિક જવાબદારી અને બલિદાનની ભાવના કોઈ એક યુગ પૂરતી સીમિત નથી. તે દરેક પેઢીને પ્રેરણા આપતી રાષ્ટ્રચેતનાની અખંડ જ્યોત છે.

GCCIના ભૌગોલિક સંકેતો પરના આંતરરાષ્ટ્રીય સેમિનારના બીજા દિવસે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ, સંરક્ષણ અને ટકાઉ વિકાસ પર વિશેષ ચર્ચા યોજાઈ



ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI), ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળની પેટન્ટ્સ, ડિઝાઈન્સ અને ટ્રેડ માર્ક્સના કંટ્રોલર જનરલની કચેરી (CGPDTM) તથા ફ્રાન્સની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડસ્ટ્રિયલ પ્રોપર્ટી (INPI)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત "Geographical Indications (GI)" વિષયક આંતરરાષ્ટ્રીય સેમિનારના બીજા દિવસે પણ મહત્વપૂર્ણ અને જ્ઞાનવર્ધક ચર્ચાઓ યોજાઈ હતી.

તા. ૨૯ અને ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન GCCI, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાયેલા આ બે દિવસીય મેગા GI પ્રદર્શન અને આંતરરાષ્ટ્રીય સેમિનારની મુખ્ય થીમ "From PrOection to PromOion: Building Value through Origin & Quality" રાખવામાં આવી હતી.

સેમિનારના બીજા દિવસે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, નીતિ ઘડવૈયાઓ અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓએ GI ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા, GI ટેગ ધરાવતી પેદાશોના પ્રચાર-પ્રસાર, બજાર પ્રવેશની તકો તેમજ વૈશ્વિક બજારમાં તેમની ઓળખ અને સ્પર્ધાત્મકતા વધારવા અંગે મહત્વપૂર્ણ વિચારો અને મંતવ્યો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના પેટન્ટ્સ, ડિઝાઈન્સ અને ટ્રેડ માર્ક્સના કંટ્રોલર જનરલ પ્રો. (ડૉ.) ઉન્નત પી. પંડિત ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભારતમાં બૌદ્ધિક સંપદા (Intellectual Property – IP) ક્ષેત્રે થઈ રહેલા વિકાસ અને બદલાવ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કાર્યક્ષમતા, પારદર્શિતા અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો લાવવા માટે હાથ ધરવામાં આવેલા મહત્વપૂર્ણ સુધારાઓ તથા ડિજિટલ પહેલો પર પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત, પેટન્ટની તપાસ અને મંજૂરીની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત બનાવી તેમાં લાગતા સમયગાળામાં ઘટાડો કરવા માટે કરવામાં આવેલા પ્રયાસો અંગે પણ માહિતી આપી હતી. GCCI અને ભારતીય IP કચેરી વચ્ચે IP અંગે જાગૃતિ વધારવા તેમજ બૌદ્ધિક સંપદાના સંરક્ષણ અને વ્યાપારીકરણને પ્રોત્સાહન આપવા માટે સહયોગની સંભાવનાઓ અંગે પણ ચર્ચા થઈ હતી.

દિવસની શરૂઆત GI પેદાશો માટે રાષ્ટ્રીય ઓળખ ઊભી કરવા અંગેના આંતરરાષ્ટ્રીય સેશન થી થઈ હતી. ત્યારબાદ GI સંરક્ષણના વ્યવહારુ પાસાઓ, જેમાં નિરીક્ષણ અને નિયંત્રણ વ્યવસ્થા, પેદાશોની ઉત્પત્તિ અને પુરવઠા શૃંખલાની ઓળખ (Traceability) તથા સ્થાનિક અને નિકાસ બજારોમાં ઐના દુરુપયોગ સામે અમલીકરણની વ્યવસ્થા જેવા વિષયો પર પેનલ ચર્ચાઓ યોજાઈ હતી.

આગળની ચર્ચાઓમાં GI ક્ષેત્રના વિકાસ સામે ઊભા થઈ રહેલા નવા પડકારો, ખાસ કરીને આબોહવા પરિવર્તનની ઉત્પાદન વિસ્તારો પર થતી અસર અને ઐમૂલ્ય શૃંખલાની ટકાઉક્ષમતા અંગે વિચારો રજૂ થયા હતા. અન્ય એક પેનલ ચર્ચામાં "PrOecting GI Quality: Authenticity over Imitation" વિષય હેઠળ અસલિયત અને ગુણવત્તાના સંરક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ભારતના Geographical Indications of Goods (Registration and PrOection) Act, 1999 હેઠળ ગુણવત્તાના નિયમન દ્વારા અસલ પેદાશોની ઓળખ જાળવવા અને ઉત્પાદકોના હિતોનું રક્ષણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય સેશનો માં ઉભરતી અર્થવ્યવસ્થાઓમાં GI વ્યવસ્થાનો વિકાસ, GI અને પરંપરાગત જ્ઞાન વચ્ચેનો સંબંધ, પ્રાદેશિક વિકાસ તથા GI આધારિત પ્રવાસન જેવા વિષયો પર પણ ચર્ચા થઈ હતી.

આ પ્રસંગે શ્રીમતી ગોપી જતીન ત્રિવેદી, શ્રીમતી N.M.C. મેનલ વીરાસેકરા, શ્રીમતી ડેલ્ફિન મેરી-વિવિયન, શ્રી સોક સારંગ, શ્રી સ્ટીફન કોન્સ્ટેન્ટિન, શ્રી એમ.ડી. જહાંગીર હોસેન, શ્રી એન્ટોન જિનેસ્ટે, શ્રીમતી N.A.N. નિશ્શંકા અને શ્રીમતી દો થી ડીમ નિ સહિતના પ્રતિષ્ઠિત નિષ્ણાતોએ વિવિધ વિષયો પર આંતરરાષ્ટ્રીય દૃષ્ટિકોણ અને અનુભવો રજૂ કર્યા હતા.

વૈજ્ઞાનિકોએ આપી મોટી ચેતવણી

અલ નીનો બાદ હવે લા નીના મચાવશે કહેર?

નવી દિલ્હી,

સમગ્ર વિશ્વમાં અત્યારે આબોહવા પરિવર્તન પર ચાલી રહેલી ચર્ચાઓના કેન્દ્રમાં 'અલ નીનો' છે. તાપમાનમાં અસામાન્ય વધારાથી લઈને વાવાઝોડા અને મુસળધાર વરસાદ સુધી, આ કુદરતી ઘટનાએ હવામાનની પેટર્નમાં અનેક અણધાર્યા ફેરફારો સર્જ્યા છે.વિશ્વ હવામાન સંસ્થાએ ચેતવણી આપી છે કે અલ નીનોનો સૌથી ભયાનક તબક્કો હજુ બાકી છે. પરંતુ જ્યારે અલ નીનો નબળો પડવા લાગે છે, ત્યારે પ્રશાંત મહાસાગરમાં મોટાભાગે એક મોટો ફેરફાર જોવા મળે છે.અસામાન્ય રીતે ગરમ થયેલું પાણી અચાનક ઠંડું થવા લાગે છે અને 'લા નીના'ની સ્થિતિ સર્જાય છે. આ બદલાવ આપોઆપ નથી થતો, પરંતુ જ્યારે થાય છે ત્યારે વિશ્વના અલગ-અલગ ખંડોમાં હવામાનની તાસીર પૂરી રીતે બદલાઈ જાય છે.આ બંને એક જ કુદરતી આબોહવા ચક્રના બે પરસ્પર વિરોધી તબક્કા છે, જે સામાન્ય રીતે દર ૩ થી ૭ વર્ષે જોવા મળે છે. અમેરિકી એજન્સી 'નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન' મુજબ, આ બંનેને સંયુક્ત રીતે ENSO (એલ નીનો-સધર્ન ઓસિલેશન) કહેવામાં આવે છે.મૂળ સ્પેનિશ ભાષામાં 'અલ નીનો'નો અર્થ 'નાનો છોકરો' અને 'લા નીના'નો અર્થ 'નાની છોકરી' થાય છે.ભલે આ બંને મોસમી ઘટનાઓ પ્રશાંત મહાસાગરમાંથી શરૂ થાય છે, પરંતુ તેની અસર સમગ્ર વિશ્વમાં અનુભવાય છે. જેના કારણે વૈશ્વિક હવામાનમાં તીવ્ર બદલાવ જોવા મળે છે.ઉદાહરણ તરીકે, પ્રશાંત મહાસાગરના તાપમાનમાં ફેરફાર થવાથી ભારતમાં વરસાદ, આફ્રિકામાં દુષ્કાળ અને વિશ્વના અન્ય ભાગોમાં વાવાઝોડાની તીવ્રતા પર સીધી અસર પડે છે.અલ નીનો દરમિયાન, જેને 'વોર્મ ફેઝ' (ગરમ તબક્કો) કહેવાય છે, સામાન્ય પૂર્વ વેપારી પવનો નબળા પડે છે અથવા તેમની દિશા ઉલટી જાય છે. આનાથી દરિયાની સપાટીનું ગરમ પાણી મધ્ય અને પૂર્વ વિષુવવૃત્તીય પ્રશાંત ક્ષેત્ર તરફ આગળ વધવા લાગે છે.જ્યારે તેનાથી વિપરીત, 'લા નીના' તબક્કામાં વેપારી પવનો સામાન્ય કરતા વધુ ઝડપી બને છે. આ પવનો ગરમ પાણીને ધકેલીને એશિયા અને ઓસ્ટ્રેલિયા તરફ પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં લઈ જાય છે, જ્યારે દક્ષિણ અમેરિકાના કિનારેથી નીચેનું ઠંડું અને પોષક તત્વોથી ભરપૂર પાણી ઉપર તરફ આવે છે.આબંને ઈર્દ્રજી ચક્રનો એક ભાગ છે, પરંતુ તેમના આવવાનો કોઈ ચોક્કસ કે નિશ્ચિત સમય હોતો નથી. મોટાભાગે તેઓ એક પછી એક આવે છે, પરંતુ ક્યારેક આબોહવા પ્રણાલીમાં એક જ તબક્કો સતત લાંબા સમય સુધી જળવાઈ રહે છે. સામાન્ય રીતે, 'લા નીના'ની સરખામણીમાં 'અલ નીનો'ની ઘટનાઓ વધુ વારંવાર બનતી જોવા મળે છે.

યુએસ કોર્ટે ટ્રસ્ટની તરફેણમાં આપ્યો ચુકાદો

મહાત્મા ગાંધીના પૌત્રની ૩૦ એકર જમીનનો વિવાદ ઉકેલાયો

નવી દિલ્હી, તા.૩૧

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પૌત્ર સ્વર્ગસ્થ કાનુ ગાંધી અને તેમનાં પત્ની સ્વ. શિવા ગાંધીની માલિકીની અમેરિકાના વર્જિનિયા રાજ્યમાં આવેલી ૩૦ એકર કિંમતી જમીન અંગેનો ૨૦ મહિના લાંબો કાનૂની વિવાદ આખરે યુનાઈટેડ સ્ટેટ્સની અદાલતમાં પૂર્ણ થયો છે. અમેરિકન કોર્ટે ગાંધી પરિવાર અને તેમના દ્વારા સ્થાપિત ટ્રસ્ટની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપીને જમીન પર ગેરકાયદેસર દાવો કરનાર સ્થાનિક અમેરિકન નાગરિકને તાત્કાલિક મિલકત ખાલી કરવાનો આદેશ આપ્યો છે.વર્જિનિયાની વોરેન કાઉન્ટીમાં શેનાન્ડોઆ નેશનલ પાર્ક નજીક આવેલી આ ૩૦ એકર જમીન કાનુ ગાંધી અને તેમનાં પત્ની શિવા ગાંધીએ ૧૯૮૭માં ખરીદી હતી. આ મિલકત પર ગ્રેગરી બ્લેક નામના વર્જિનિયાના એક સ્થાનિક રહેવાસીએ ગેરકાયદેસર કબજો જમાવીને વર્જિનિયાના 'એડવર્સ પઝેશન' નિયમ હેઠળ માલિકી હકનો દાવો કર્યો હતો. આ નિયમ મુજબ, જો કોઈ વ્યક્તિ ૧૫ વર્ષ સુધી સતત અને વિશિષ્ટ રીતે જમીન પર કબજો રાખે, તો તે માલિકી દાવો કરી શકે છે. જોકે, કોર્ટ સમક્ષ તે 'વિશિષ્ટ અને વાસ્તવિક કબજો' તેમજ 'વિરોધી દાવો' સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો.કાનુ ગાંધી અને શિવા ગાંધી ૨૦૧૩માં ભારત પરત ફર્યા હતા અને તેમણે પોતાના જીવનના અંતિમ વર્ષો દક્ષિણ ગુજરાતમાં વિતાવ્યા હતા. નવેમ્બર ૨૦૧૬માં સુરત ખાતે કાનુ ગાંધીનું અવસાન થયું હતું. ત્યારબાદ, વર્ષ ૨૦૧૮માં શિવા ગાંધીએ 'ધ ડૉ. શિવા એન્ડ કાનુ રામદાસ મોહનદાસ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ' ની સ્થાપના કરી હતી. વર્ષ ૨૦૨૦માં શિવા ગાંધીના અવસાન બાદ વસિયતનામા મુજબ સુરતના પરિમલ દેસાઈએ મેનેજિંગ ટ્રસ્ટી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.જ્યારે ગ્રેગરી બ્લેકે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કાયદાકીય નોટિસ મોકલી, ત્યારે પરિમલ દેસાઈના નેતૃત્વ હેઠળ ૨૦ મહિના સુધી ચાલેલી મજબૂત કાનૂની લડાઈનો પ્રારંભ થયો હતો.પરિમલ દેસાઈએ અમેરિકામાં વકીલો રોકીને તેમજ ભારતથી ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ કેસની વ્યુહરચના ઘડી હતી.

કેસ જીતવામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને નકશાઓની મહત્વની ભૂમિકા રહી:નકશાઓ દ્વારા કોર્ટમાં સાબિત કરવામાં આવ્યું કે જે કેબિન (ઝૂંપડી/માળખું) પર બ્લેક પોતાનો ૧૫ વર્ષનો કબજો દર્શાવતો હતો, તે ખરેખર ૧૫ વર્ષથી ત્યાં અસ્તિત્વમાં જ નહોતી.૨૦૨૦ પછી પરિમલ દેસાઈ પોતે અનેકવાર ત્યાં ગયા હતા. તે સિવાય ત્યાં અન્ય એક મહિલા પણ રહેતી જોવા મળી હતી, જેનાથી બ્લેકનો એ દાવો ખોટો સાબિત થયો કે તે ત્યાં 'એકમાત્ર અને અવિરત' કબજેદાર હતો.૮ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી અંતિમ સુનાવણીમાં કોર્ટે તમામ પુરાવા ધ્યાને લઈ ગાંધી પરિવારના ટ્રસ્ટના નામે જમીનનો માલિકી હક આપ્યો છે. આ જમીનનો ઉપયોગ હવે ગાંધીવાદી વિચારોના પ્રસાર અને પરોપકારી કાર્યો માટે કરવામાં આવશે.

૯ નાવિકોની સ્થિતિ કફોડી

પાકિસ્તાનના કરાચી બંદરે ૭ મહિનાથી ફસાયું ભારતીય જહાજ

નવી દિલ્હી, તા.૩૧

પાકિસ્તાનના કરાચી બંદર પર એક ભારતીય માલવાહક જહાજ પાછલા ૭ મહિનાથી ફસાયેલું હોવાના ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. આ જહાજ પર ચીફ ઓફિસર વિનીત કિશોર મિશ્રા સહિત ૯ ભારતીય નાવિકો અટવાયેલા છે. લાંબા સમયથી વતન વાપસી ન થતાં નાવિકોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે, જેને પગલે ચીફ ઓફિસરનો પરિવાર પોતાના બાળકો સાથે દિલ્હી પહોંચીને વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને વિદેશ મંત્રાલય સમક્ષ જહાજ પર ફસાયેલા તમામ ભારતીય નાવિકોને સુરક્ષિત પરત લાવવા આજીજી કરી રહ્યો છે.ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે રહેતા વિનીત કિશોર મિશ્રાએ ૨૫ ફેબ્રુઆરીના રોજ ઈરાનના બંદર અબ્બાસ નજીક સમુદ્રમાં આ કાર્ગો શિપ પર પોતાની ડ્યુટી જોઈન કરી હતી. આ જહાજ ૧૭ એપ્રિલના રોજ પાકિસ્તાનના કરાચી બંદર પર પહોંચ્યું હતું. ત્યાર બાદ, સ્થાનિક કોર્ટના આદેશને પગલે ૨૯ એપ્રિલથી આ જહાજને ત્યાં અટકાવી રાખવામાં આવ્યું છે. પોતાના એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં આ ભારતીય નાવિકોને જહાજ પરથી ઉતરવાની મંજૂરી આપવામાં આવી નથી.ચીફ ઓફિસર વિનીત મિશ્રાએ ભારતીય દૂતાવાસને પત્ર લખીને આ અંગે જાણ કરી હતી. નાવિકોનો આરોપ છે કે તેમના પાસપોર્ટ અને સિફેઅરર્સ બુક સ્થાનિક અધિકારીઓ અથવા જહાજના એજન્ટના કબજામાં છે, જેના કારણે તેઓ જાતે પણ ભારત પરત ફરવાની વ્યવસ્થા કરી શકતા નથી. જહાજ પર પાછલા ઘણા સમયથી વીજળી પુરવઠો સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.

નાવિકોને બંદર પ્રશાસન તરફથી જમવાનું પૂરું પાડવામાં આવી રહ્યું છે, પરંતુ જરૂરી પુરવઠો ન હોવાથી ક્રૂ મેમ્બર્સની તબિયત લથડી રહી છે અને તેમની જાન પર ગંભીર જોખમ ઊભું થયું છે.લગાતાર પ્રયાસો છતાં કોઈ ઉકેલ ન આવતા વિનીતની પત્ની નેહા તેમના ૩ વર્ષના પુત્ર વેદાંશ, ૧૦ મહિનાની પુત્રી અને આર્મીમાંથી નિવૃત્ત થયેલા સસરા લલિત કિશોર મિશ્રા સાથે દિલ્હી પહોંચ્યા છે. પરિવાર પહાડગંજની એક હોટેલમાં રોકાયો છે અને કેન્દ્ર સરકારના ઉચ્ચ અધિકારીઓ તથા નેતાઓને મળીને મામલામાં હસ્તક્ષેપ કરવા અપીલ કરી રહ્યો છે. નેહાના જણાવ્યા મુજબ, ૩ વર્ષનો પુત્ર વારંવાર પિતા વિશે પૂછે છે અને હાલમાં પરિવાર સસરાની પેન્શન પર જ ગુજારા કરી રહ્યો છે.આ સંવેદનશીલ મુદ્દે સ્થાનિક સાંસદ અને વિધાયકે પણ કેન્દ્ર સરકારને પત્ર લખીને મદદની ગુહાર લગાવી છે. પરિવારને પૂર્ણ આશા છે કે ભારત સરકારના તાત્કાલિક રાજદ્વારી હસ્તક્ષેપથી પાકિસ્તાનમાં ફસાયેલા તમામ ૯ ભારતીય નાવિકો ટૂંક સમયમાં જ સહીસલામત પોતાના ઘરે પરત ફરશે.

ઈટાલીના ૪૦ શહેરોમાં ભડકી આંદોલનની આગ

રોમ, તા.૩૧

ઈટાલીમાં વધતી જતી મોંઘવારી, ઘરના ઊંચા ભાડાં અને શિક્ષણ બજેટમાં કરવામાં આવેલા કાપ સામે દેશવ્યાપી ભારે અસંતોષ ફાટી નીકળ્યો છે. મુખ્ય ટ્રેડ યુનિયન દ્વારા આપવામાં આવેલા ૨૪ કલાકના દેશવ્યાપી હડતાળના આહ્વાન બાદ ઈટાલીના ૪૦થી વધુ શહેરોમાં હજારો વિદ્યાર્થીઓ, મજૂરો, કર્મચારીઓ અને પેન્શનરો રસ્તા પર ઉતરી આવ્યા છે. આંદોલનકારીઓએ વધુ વેતન અને સસ્તી જીવનજરૂરી સુવિધાઓની માંગ સાથે વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સરકાર દ્વારા લશ્કરી ખર્ચ વધારવાના નિર્ણયનો સખત વિરોધ નોંધાવ્યો છે. ટ્યુરિનમાં પ્રદર્શનકારીઓએ સરકારી ઈમારતો તરફ આગળ વધવાનો પ્રયાસ કરતાં પોલીસે ભીડને વિખેરવા માટે વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો. સંસદ તરફ કૂચ કરી બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કરી રહેલા ૮ લોકોની પોલીસે અટકાયત કરી હતી. રોમમાં વિદ્યાર્થીઓ માટે એક રૂમનું માસિક ભાડું ૧,૨૦૦ યુરો સુધી પહોંચી જતાં સામાન્ય પરિવારો પર આર્થિક બોજ વધ્યો છે. વિદ્યાર્થી સંગઠનોએ આરોપ લગાવ્યો છે કે સરકાર શિક્ષણ બજેટ ઘટાડીને યુદ્ધ સામગ્રી અને લશ્કર પાછળ નાણાં વેડફી રહી છે. રાજધાની રોમમાં હજારો લોકોએ કોલોસિયમ સુધી કૂચ કરી ટેન્ટ લગાવી વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે, જ્યારે જેનોઆ બંદરે ૧૫,૦૦૦ જેટલા કર્મચારીઓએ એકઠા થઈ બંદરોનો ઉપયોગ હથિયારોની હેરફેર માટે ન કરવા માગ કરી છે. વધતા વિરોધ પ્રદર્શન વચ્ચે ઈટાલી સરકારે ખેડૂતો અને ટ્રક ડ્રાઈવરો માટે ૧૭૫.૨ મિલિયન યુરો ના સહાય પેકેજની જાહેરાત કરી છે. વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ જણાવ્યું છે કે સરકાર યુવાનોની સમસ્યાઓ ઉકેલવા તૈયાર છે, પરંતુ હિંસા કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ભાજપ MLAના વિવાદિત નિવેદન અંગે હોબાળો

આત્મહત્યા કરનાર ખેડૂતના અંતિમ સંસ્કારમાં જવાનું બંધ કરો

મુંબઈ, તા.૩૧

મહારાષ્ટ્રમાં શિવસેના (એકનાથ શિંદે જૂથ)ના બુલઢાણાના સ્ન્છ સંજય ગાયકવાડ પોતાના એક વિવાદિત નિવેદનને કારણે ફરી એકવાર વિવાદોમાં ઘેરાયા છે. ખેડૂતોની આત્મહત્યા અંગે તેમણે આપેલા નિવેદન બાદ સમગ્ર મહારાષ્ટ્રમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ ઘટનાને પગલે પક્ષનું પ્રદેશ નેતૃત્વ અત્યંત નારાજ થયું છે અને તેમના પદ પરથી ચોક્કસ સમય માટે દૂર કરવા પર પણ વિચારણા કરી રહ્યું છે.

એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ધારાસભ્ય ગાયકવાડે જણાવ્યું હતું કે, જે ખેડૂતો આત્મહત્યા કરે છે, તેમની અંતિમયાત્રામાં કે અંત્યેષ્ટિમાં કોઈએ જવું જોઈએ નહીં. જ્યારે લોકોને ખબર પડશે કે તેમના મૃતદેહને પ્રાણીઓ ખાશે અને તેમના અવશેષોની શું સ્થિતિ થશે, ત્યારે જ તેઓ આત્મહત્યા કરવાનું બંધ કરશે. સાથે જ તેમણે ખેડૂતોને અપીલ કરી હતી કે કોઈ મુશ્કેલી હોય તો સરકાર, ધારાસભ્ય કે સાંસદ પાસે મદદ માંગવી જોઈએ, પરંતુ આત્મહત્યા કરીને બાળકોને નિરાધાર છોડવા એ તેમની સાથે અન્યાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એકનાથ શિંદે ધારાસભ્યના આ વિવાદિત નિવેદનથી ભારે નારાજ થયા છે. શિવસેના નેતૃત્વનું માનવું છે કે ખેડૂતોના હિતમાં કામ કરતી પાર્ટીની છબીને આવા નિવેદનોથી મોટું નુકસાન પહોંચી રહ્યું છે. આથી સંજય ગાયકવાડને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાની શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે.

નિવેદન બાદ રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન અને આક્રોશ વધતાં ધારાસભ્ય સંજય ગાયકવાડે શુક્રવારે પોતાના નિવેદન અંગે માફી માંગી હતી.


પત્રકાર નિધિ રાજદાન સાથે બીજા લગ્ન કર્યા

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ બીજા લગ્ન કર્યા

જમ્મુ, તા.૩૧

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ ૫૬ વર્ષની ઉંમરે પોતાની જિંદગીની નવી શરુઆત કરી દીધી છે. તેમણે પત્રકાર નિધિ રાજદાન સાથે લગ્ન કરી લીધા છે. આ ખબર પર અત્યાર સુધી ચાલી રહેલી અટકળોની વચ્ચે ઉમર અબ્દુલ્લાએ ખુદ સોશિયલ મીડિયા પર તસ્વીર શેર કરીને એલાન કરી દીધું છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર તસવીરો સાથે લખ્યું કે, કાલે એક નવી યાત્રા શરુ થઈ. આ પોસ્ટ તેમણે નિધિ રાજદાનને ટેગ કરી છે. ઉમરની આ પોસ્ટ સામે આવતા જ તેમના લગ્નના સમાચારોની પુષ્ટિ થઈ ગઈ. હવે આ પર્સનલ ખુશીના અવસર પર દિલ્હીમાં શનિવારે એક ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને લઈ પહેલાથી રાજકીય ગલિયારામાં ઘણી ચર્ચા થઈ રહી છે. દિલ્હીના પૃથ્વીરાજ રોડ સ્થિત જમ્મુ કાશ્મીર હાઉસમાં ડિનર માટે ખાલી ૭૧ સિલેક્ટેડ મહેમાનોને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. મહેમાનોની યાદીમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, રોબર્ટ વાડ્રા અને મહેબૂબી મુફ્તી જેવા મોટા નામ સામેલ છે. આ ઉપરાંત ડેરેક ઓબ્રાયન, કપિલ સિબ્બલ, નિશિકાંત દુબે અને પવન ખેડાને પણ આમંત્રણ મળ્યું છે. હવે લગ્નની પુષ્ટિ બાદ થનારા આ આયોજન રિસેપ્શન તરીકે પણ ખાસ થઈ ગયું છે. ઉમર અબ્દુલ્લાના પહેલા લગ્ન પાયલ નાથ સાથે ૧ સપ્ટેમ્બર ૧૯૯૪ના રોજ થયા હતા.

રણછોડલાલજી ની આગેવાની માં વલ્લભકુળ દ્વારા આચાર્યશ્રી ગોપીનાથજી નો ઉત્સવ રંગેચંગે ઉજવાયો



વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ નાં હાર્દ સમા કાલુપુર ખાતે આવેલ ૪૫૦ વર્ષ થી વધુ સમય નો ઈતિહાસ ધરાવતી ગોસ્વામી હવેલી- શ્રીગોપીનાથજી જ્યોતિષ્પીઠ - પ્રથમગૃહ નિધિ શ્રીનટવરલાલજી ની હવેલી ખાતે પાંચ દિવસીય આચાર્ય શ્રીગોપીનાથજી નો ૨૫૩ મો જ ન્ મ ા ે ત્ સ વ આચાયશ્રીરણછોડલાલજી ની યુવા આગેવાની હેઠળ ઉજવાયો. આચાયશ્રીરણછોડલાલજી સાંસ્કૃતિક મંત્રાલય નાં સંગીત નાટક અકાદમી યુવા એવોર્ડ વિજેતા, વિખ્યાત ધર્માચાર્ય , ખૂબજ પ્રસિદ્ધ મ્યૂઝિકોલોજીસ્ટ- ક્રીટિક અને વીસહજારથી વધુ શા.સંગીત રચનાઓ નાં સર્જક છે જેઓ પ્રસંગોપાત અનેક કલાલક્ષી કાર્યક્રમો પણ કરતાં હોય છે.

શ્ઓક્ટોબર ૨૫ થી ૨૯ સુધી રોજ સાંસ્કૃતિક કાર્યક્રમો માં ભારતભર નાં સંગીત નિષ્ણાત વલ્લભકુળ ગોસ્વામી આચાર્યો દ્વારા "શ્રીગોપીનાથજી સ્વરાવગાહન - ૨૦૨૬" નાં શીર્ષક હેઠળ સાંજે ૮:૩૦ થી ઉત્તમ સંગીત પ્રસ્તુતિઓ થઈ. સમસ્ત મહોત્સવ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમો હેઠળ સાંજે ૭ વાગે પ્રભુ નાં રાસ, રજત ભવન, કેસરી બંગલા, દીપમાલિકા અને રંગભવન મનોરથો થયાં. સામાજીક કાર્યક્રમ હેઠળ સાંજે ૮:૦૦ભવ્ય અન્નક્ષેત્ર પ્રસાદ નું પણ આયોજન થયું જેમાં હજારો ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો.

ઋષભકુમાર(મથુરા) દ્વારા રાસ, ગોવર્ધન લીલા તથા વધાઈ નાં કીર્તન રજૂ થયા. નાસિક(મહારાષ્ટ્ર) નાં ગોસ્વામી નિવેદકુમારજી દ્વારા વેણુવાદન થયું. તેઓએ રાગ દેશ માં આલાપ જોડ ઝાલા અને ત્રિતાલ માં રચના રજૂ કરી.

કડી તથા વ્રજધામ - વાળા વ્રજરાજ બાવા દ્વારા કાન્હરા, વાગેશ્વરી જેવા રાગો માં કીર્તન ગાન થયું . આચાયશ્રી રણછોડલાલજી એ દયારામ તથા માધવદાસ કવિ નાં પુષ્ટિમાર્ગીય ગુજરાતી ધવલ પદોં નું ગાન કર્યું.

જામનગર નાં ગોસ્વામી વલ્લભરાયજી દ્વારા કીર્તન ગાયન માં સંપૂર્ણ ખટઋતુ નાં નિત્યપદો તથા રાજકોટ નાં રમણેશજી દ્વારા સિતાર વાદન માં રાગ ઝિંઝોટી - આલાપ, જોડ, ઝાલા, બંદિશ સહિત વિસ્તૃત પ્રદર્શન કરવામાં આવ્યું .

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી



દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને પુનઃદોહરાવવાના સંકલ્પ સાથે રાષ્ટ્રીય એકતા દિવસ અને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે આજે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં પ્રતાપનગર સ્થિત મંડળ કચેરીના પરિસરમાં મંડળ રેલવે મેનેજર રાજુ ભડકેએ અધિકારીઓ અને કર્મચારીઓને એકતાના શપથ લેવડાવ્યા હતા.

રાષ્ટ્રીય એકતા દિવસના અવસરે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની પરિકલ્પના તેમજ તકેદારી જાગૃતિ સપ્તાહની 'સત્યનિષ્ઠાથી સમૃદ્ધિ' થીમને ધ્યાનમાં રાખીને મંડળ રેલવે મેનેજરના નેતૃત્વ હેઠળ રેલવે કર્મચારીઓએ એકતા દોડમાં ભાગ લીધો હતો.

અમદાવાદ મંડળમાં રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે 'રન ફોર યુનિટી'નું આયોજન



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં આજે ૩૧ ઑક્ટોબર, ૨૦૨૬ ના રોજ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીના અવસરે રાષ્ટ્રીય એકતા દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે રિવરફ્રન્ટ, ઉસ્માનપુરા થી રિવરફ્રન્ટ હાઉસ બિલ્ડિંગ સુધી 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે રેલવે અધિકારીઓ અને કર્મચારીઓને સત્યનિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવવા તેમજ ભ્રષ્ટાચારમુક્ત ભારતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા માટેના શપથ લેવડાવ્યા હતા. તેમણે સૌને પોતાનાં દૈનિક કાર્યોમાં પ્રામાણિકતા, પારદર્શિતા અને સત્યનિષ્ઠાનાં મૂલ્યો અપનાવવા માટે આહ્વાન કર્યું હતું.

શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે સત્યનિષ્ઠા માત્ર કાર્યસ્થળ સુધી મર્યાદિત ન રહેવી જોઈએ, પરંતુ તેને આપણા જીવનનો અભિન્ન હિસ્સો બનાવવી જરૂરી છે. દેશને એકજુટ, સુરક્ષિત અને વિકસિત બનાવવા માટે દરેક નાગરિકે પોતાના દૈનિક જીવનમાં એકતા, અખંડતા અને રાષ્ટ્રીય સુરક્ષાનાં સિદ્ધાંતોને આત્મસાત કરવા જોઈએ.

તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ધર્મ, જાતિ અને સંપ્રદાયની વિવિધતાઓથી ઉપર ઊઠીને પરસ્પર ભાઈચારો, સામાજિક સમરસતા અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા માટે આગ્રહ કર્યો હતો.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમો દ્વારા અમદાવાદ મંડળના રેલવે અધિકારીઓ અને કર્મચારીઓએ રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા તેમજ પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠાનાં મૂલ્યો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આંગડિયા પેઢી લૂંટ

ઓઢવમાં રૂા.૩૪ લાખની લૂંટ કેસના વધુ ૩ આરોપી હિમાચલથી ઝડપાયા



અમદાવાદ, તા. ૩૧

અમદાવાદના ઓઢવ ઓવરબ્રિજ પર ૨૧ ઑક્ટોબરની રાત્રે બાપુનગરની એન.આર. આંગડિયા પેઢીના કર્મચારી કેતન પરીખને નકલી GST અધિકારી બની આંતરી, અપહરણ કરી ?૩૪ લાખની લૂંટ ચલાવવાના ચકચારી કેસમાં ઝોન-૮ એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચે હિમાચલ પ્રદેશ પોલીસની મદદથી મુખ્ય લૂંટારૂ સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

અગાઉ ઝડપાયેલા મુખ્ય કાવતરાખોર પ્રીતમ ગોહિલની કડીઓના આધારે પોલીસે વિશ્વજીત ગોસ્વામી, વિકાસ ભારદ્વાજ અને આશરો આપી મદદ કરનાર અમિત શેમડિયા (ગોહિલ)ની ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી નવી કાર, આઈફોન અને રોકડ સહિત કુલ રૂ. ૨૮ લાખથી વધુનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

બાપુનગરની એન.આર. આંગડિયા પેઢીના કર્મચારી કેતન પરીખ ૨૧ ઑક્ટોબરની રાત્રે બેંકમાંથી ?૩૪ લાખની રોકડ રકમ લઈને ઓઢવ બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન કારમાં આવેલા શખસોએ પોતાની ઓળખ ખ્જી અધિકારી તરીકે આપી કેતન પરીખનું અપહરણ કરી કારમાં બેસાડી દીધા હતા. આરોપીઓ તેમને કઠવાડા તરફ લઈ ગયા હતા અને ?૩૪ લાખની રોકડ લૂંટી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ઓઢવ પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે અગાઉ કાવતરાખોર પ્રીતમ ગોહિલની ધરપકડ કરી હતી.

મુખ્ય સૂત્રધાર પ્રીતમ અગાઉ આ જ પ્રકારે ચાલતી આંગડિયા પેઢીમાં નોકરી કરતો હતો. નવી પેઢી શરૂ થતાં ગ્રાહકો તૂટવા બાબતે તકરાર થઈ હતી. પ્રીતમે એવું માનીને કાવતરું ઘડ્યું હતું કે આંગડિયા પેઢીના નાણાં હોવાથી બદનામી કે ડરના કારણે પેઢી સંચાલકો પોલીસ ફરિયાદ નોંધાવશે નહીં અને પાછળથી સેટલમેન્ટ કરી લેવાશે. આથી તેણે પરિચિત વિશ્વજીત ગોસ્વામીને લૂંટ માટે તૈયાર કર્યો હતો. વિશ્વજીતે વિકાસ ભારદ્વાજ નામના ડ્રાઈવરને સાથે રાખી અપહરણ અને લૂંટના ગુનાને અંજામ આપ્યો હતો.

લૂંટ બાદ પ્રીતમને દિલ્હી હિસ્સો આપવા બોલાવાયો હતો. ત્યારબાદ આરોપીઓ દિલ્હી, લખનઉ, ઈટાવા, ભીંડ, મોરેના અને ગ્વાલિયર ફરતા રહ્યા હતા. પ્રીતમના ભાઈ અમિત શેમડિયાએ આરોપીઓને હિમાચલ તરફ ભાગવામાં મદદ કરી હતી. આરોપીઓએ હિમાચલમાં સિમકાર્ડ અને ફોન બદલી નાખ્યા હતા અને લેહ તરફ ભાગી અંડરગ્રાઉન્ડ થવાની ફિરાકમાં હતા. જો કે, ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે હિમાચલ પોલીસની મદદથી બેરિકેડિંગ કરાવી ત્રણેયને ઝડપી લીધા હતા.

ઈન્વેસ્ટિગેશન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ

ગુજરાત પોલીસના ૬ અધિકારીઓ ‘કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક-૨૦૨૬’થી સન્માનિત

અમદાવાદ, તા. ૩૧

અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે એટલે કે આજે રાષ્ટ્રીય એકતા દિવસે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૬ માટે પ્રતિષ્ઠિત ‘કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક’ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સુરક્ષા દળોના મનોબળને પ્રોત્સાહન આપવા અને ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવવા માટે દેશભરમાંથી કુલ ૪૯૦ કર્મીઓની પસંદગી કરવામાં આવી છે, જેમાં ગુજરાત પોલીસના ૬ અધિકારીઓએ વિશેષ ગૌરવ હાંસલ કર્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ તા.૧ ફેબ્રુઆરી, ૨૦૨૪થી આ પદકની શરૂઆત કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય સુરક્ષા દળોના મનોબળને વિશેષ બળ પૂરું પાડવાનો અને તેમને પ્રોત્સાહિત કરવાનો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયની સત્તાવાર જાહેરાત અનુસાર, ગુજરાત રાજ્ય પોલીસના ૬ અધિકારીઓને ઈન્વેસ્ટિગેશન ફિલ્ડમાં અનુકરણીય કામગીરી બદલ આ પ્રતિષ્ઠિત પદક એનાયત કરવામાં આવ્યું છે. જેમાં એસપી શ્રી અંશુલ જૈન, એએસપી સુશ્રી સિમરન ભારદ્વાજ, ડીવાયએસપી શ્રી રણજીતસિંહ સિંઘલ, પોલીસ ઈન્સપેક્ટર શ્રી જયેશ ઠાકોર, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પાર્થેન્દ્રસિંહ વાઘેલા, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ગુણવંત મનુભાઈ હડિયાનો સમાવેશ થાય છે. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આ પદક માટે પસંદગી પામેલા અધિકારીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે,"ગુજરાત પોલીસના કર્મઠ અધિકારીઓને રાષ્ટ્રીય સ્તરે મળેલું આ પ્રતિષ્ઠિત સન્માન સમગ્ર રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે. ઈન્વેસ્ટિગેશન ક્ષેત્રે તેમની ઊંડાણપૂર્વકની અને નિષ્ઠાવાન કામગીરી અન્ય પોલીસકર્મીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે."

ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન અને ડિરેક્શન ફિલ્ડમાં ગુજરાત પોલીસ અગ્રેસર છે ત્યારે આ અધિકારીઓએ જટિલ ગુનાઓની વૈજ્ઞાનિક, તાર્કિક અને તલસ્પર્શી તપાસ હાથ ધરી ન્યાયિક પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

ગાંધીનગરમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં કડક ચુકાદો

સગીરાની ખોટી જન્મતારીખ બતાવી લગ્ન કરનારને ૨૦ વર્ષની સજા

ગાંધીનગર , તા.૩૧

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા સગીરાના અપહરણ, બનાવટી દસ્તાવેજો અને દુષ્કર્મના ચકચારી કેસમાં ગાંધીનગરની સ્પે. પોક્સો કોર્ટે કડક ચુકાદો આપ્યો છે. બીજા એડિશનલ સેશન્સ જજ એસ.વી. શર્માની કોર્ટે મુખ્ય આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે, જ્યારે ગુનામાં મદદ કરનાર અન્ય બે આરોપીઓને ૨ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. ગુનાની વિગત મુજબ, પોલીસમાં નોંધાયેલા કેસના આરોપી ભરતભાઈ વિજયભાઈ ગોસ્વામીએ (રહે. સાયલા, ખેડા) ૧૫ વર્ષ અને ૧૦ માસની સગીરા સાથે પ્રેમસંબંધ કેળવ્યો હતો. છોકરી સગીર વયની હોવા છતાં, આરોપીએ અન્ય બે શખ્સો વનરાજસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડ (બોરીજ, ગાંધીનગર) અને સુરેન્દ્રસિંહ સતુજી વાઘેલા (પેથાપુર) સાથે મળી કાવતરું રચ્યું હતું. આરોપીઓએ જન્મતારીખ બદલાવવા માટે બોગસ દસ્તાવેજો તૈયાર કરાવી આધારકાર્ડ અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં સગીરાની ખોટી જન્મતારીખ અપડેટ કરાવી બનાવટી પુરાવાઓના આધારે પ્રેમલગ્ન કરી રજિસ્ટ્રેશન કરાવી ૨૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ સગીરાનું અપહરણ કરી પોરડા ગામે રાખી અવાર-નવાર દુષ્કર્મ આચર્યુ હતું.આ કેસમાં સરકાર તરફથી એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર સુનિલ એસ. પંડ્યા હાજર રહ્યા હતા. તેમણે કોર્ટમાં રજૂઆત કરી હતી કે આવા ગંભીર ગુનાઓમાં આરોપીઓને કડક સજા થવી જોઈએ જેથી સમાજમાં દાખલો બેસે. કોર્ટે પુરાવાઓ અને દલીલોને ધ્યાને રાખી મુખ્ય આરોપી ભરતભાઈ ગોસ્વામી દોષિત સાબિત થતાં ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૩૩,૫૦૦નો દંડ. અન્ય બે આરોપી વનરાજસિંહ રાઠોડ અને સુરેન્દ્રસિંહ વાઘેલાને બનાવટી દસ્તાવેજ અને કાવતરાના ગુનામાં ૨ વર્ષની સાદી કેદ અને રૂ. ૩,૫૦૦નો દંડ ફટકાર્યો છે. તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ભોગબનનાર સગીરાને રૂ. ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

એકતાનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય પરેડ યોજાઈ

નર્મદા, તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ગુજરાતના એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે ઐતિહાસિક પરેડનો પ્રારંભ થયો હતો.

દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષાનો સંદેશ આપતી આ પરેડમાં દેશભરના વિવિધ સુરક્ષા દળો, પોલીસ ટુકડીઓ અને વિશિષ્ટ દળોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ વર્ષની પરેડમાં દેશના અગ્રણી કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો CRPF, BSF, CISF, ITBP અને SSBના જવાનો જોડાયા હતા. આ ઉપરાંત આસામ રાઈફલ્સ, નેશનલ સિક્યુરિટી ગાર્ડ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટુકડીઓએ પણ પોતાની શિસ્ત, સાહસ અને સમર્પણનું પ્રદર્શન કર્યું હતું. રાષ્ટ્રીય એકતા દિવસની પરેડમાં આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, જમ્મુ-કાશ્મીર, કેરળ અને આંધ્રપ્રદેશ સહિત વિવિધ રાજ્યોની પોલીસ ટુકડીઓએ ભાગ લીધો હતો. અલગ-અલગ પ્રદેશોની પોલીસ ટુકડીઓએ એકસાથે કદમતાલ કરીને ભારતની વિવિધતામાં એકતાની ભાવનાને જીવંત બનાવી હતી.

પરેડ દરમિયાન ગાર્ડ ઑફ ઑનર, ધ્વજવાહકો, NCC કેડેટ્સની માર્ચપાસ્ટ અને સુરક્ષા દળોના બેન્ડ દ્વારા રજૂ કરાયેલી દેશભક્તિપૂર્ણ ધૂનોએ ઉપસ્થિત લોકોમાં રાષ્ટ્રપ્રેમનો ઉત્સાહ જગાવ્યો હતો.

કાર્નિવલની જેમ મહોત્સવ યોજવાની કોંગ્રેસની માગ

અમદાવાદમાં દિવાળી ઉપર કાંકરિયા ખાતે દીપોત્સવ યોજાય

અમદાવાદ, તા.૩૧

અમદાવાદમાં દિવાળીના તહેવારને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા માટે કાંકરિયા તળાવ ખાતે દીપોત્સવ મહોત્સવ યોજવાની માગ ઉઠી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીને પત્ર લખીને દિવાળીના તહેવાર દરમિયાન કાંકરિયા ખાતે પાંચથી છ દિવસનો દિવાળી દીપોત્સવ મહોત્સવ યોજવા રજૂઆત કરવામાં આવી છે.

કોંગ્રેસની માગ છે કે ક્રિસમસ દરમિયાન યોજાતા કાંકરિયા કાર્નિવલની જેમ દિવાળીમાં પણ ભવ્ય આયોજન કરવામાં આવે.

કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી રાજેશ ટી. સોનીએ મ્યુનિસિપલ કમિશનરને લખેલા પત્રમાં કાંકરિયા તળાવને લાખો દીવડાઓ અને આકર્ષક રોશનીથી શણગારવાની માગ કરી છે. આ ઉપરાંત મહોત્સવ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકસંગીત અને જાણીતા કલાકારોના કાર્યક્રમો યોજવાની પણ રજૂઆત કરવામાં આવી છે. જેથી અમદાવાદના નાગરિકો પરિવાર સાથે દિવાળીના તહેવારની ઉજવણીનો આનંદ માણી શકે.

કોંગ્રેસની રજૂઆત મુજબ દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજથી લઈને લાભપાંચમ સુધી કાંકરિયા ખાતે પાંચથી છ દિવસનો દીપોત્સવ યોજવો જોઈએ. આ દરમિયાન બાળકો, યુવાનો અને પરિવારો માટે મનોરંજનના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

કોંગ્રેસે કાંકરિયા દીપોત્સવમાં તમામ નાગરિકો માટે પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવાની પણ માગ કરી છે. ક્રિસમસ કાર્નિવલમાં જે રીતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે, તેવી જ રીતે દિવાળીના તહેવારમાં પણ અમદાવાદીઓને ભવ્ય ઉજવણીનો લાભ મળવો જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી છે.

કોંગ્રેસના જણાવ્યા અનુસાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ આશરે રૂ. ૧૮ હજાર કરોડનું છે. ત્યારે શહેરમાં વિવિધ કાર્યક્રમો પાછળ ખર્ચ કરવામાં આવે છે, તો દિવાળી જેવા મોટા તહેવાર નિમિત્તે પણ નાગરિકો માટે ભવ્ય આયોજન થવું જોઈએ. ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પોતાના જ શહેરમાં પરિવાર સાથે તહેવારની ઉજવણી કરવાની તક મળશે. કોંગ્રેસે આગામી દિવાળીના તહેવારથી જ કાંકરિયા ખાતે દિવાળી દીપોત્સવ મહોત્સવ શરૂ કરવાની માગ કરી છે. જો આ રજૂઆત સ્વીકારવામાં આવે તો અમદાવાદના નાગરિકોને દિવાળીના વેકેશન દરમિયાન કાંકરિયા ખાતે દીવડાઓની રોશની, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મનોરંજનનો લાભ મળી શકે છે. જોકે, આ આયોજન અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હજુ સત્તાવાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી.

૧૦થી વધુ જિલ્લામાં માવઠાની ચેતવણી

ગુજરાતમાં હજુ ૨૪ કલાક કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ, તા.૩૧

ગુજરાતમાં કમોસમી વરસાદનું સંકટ હજુ ટળ્યું નથી. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમિયાન વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૧૦થી વધુ જિલ્લાઓમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડી શકે છે. રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ કમોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર પાકને નુકસાન થવાની ભીતિ વધી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં સામાન્યથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દીવમાં પણ વરસાદની શક્યતા છે.

દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ અને દમણમાં પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે દાદરા અને નગર હવેલીમાં પણ વરસાદ પડી શકે છે. આમ, રાજ્યના ૧૦થી વધુ વિસ્તારોમાં માવઠાની શક્યતાને પગલે ખેડૂતો અને નાગરિકોને સાવચેત રહેવાની જરૂર છે.

એક તરફ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી છે, તો બીજી તરફ આવતીકાલથી તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ૨થી ૩ ડિગ્રી સુધી ઊંચકાઈ શકે છે. એટલે કે આગામી ૨૪ કલાક વરસાદી માહોલ રહ્યા બાદ લોકોને ફરી ગરમીનો અનુભવ થઈ શકે છે.

સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ અને રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડ્યો છે. અચાનક આવેલા વરસાદને કારણે કપાસ, મગફળી અને સોયાબીન જેવા તૈયાર પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

અમરેલી જિલ્લાના વડિયામાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. ધોધમાર વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં. કેટલાક વિસ્તારોમાં વીજળી ગુલ થતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

અમદાવાદના મકરબા-કોર્પોરેટ રોડ બ્રિજ પાસેના બેરિકેડ હટાવી ચાર રસ્તા ખુલ્લા કરાશે

અમદાવાદ,તા.૩૧

અમદાવાદના મકરબાથી કોર્પોરેટ રોડને જોડતા ઓવરબ્રિજ પાસે ટ્રાફિકની સમસ્યા હળવી કરવા તંત્રએ આખરે કામગીરી શરૂ કરી છે. બ્રિજના કોર્પોરેટ રોડ તરફ આવેલા ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ લગાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સિગ્નલ સિસ્ટમ કાર્યરત થયા બાદ અહીંના બેરિકેડ હટાવી ચાર રસ્તાને વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવાની યોજના છે. આ નિર્ણયથી વાહનચાલકોને આશરે ૨૦૦ મીટરના વધારાના ફેરામાંથી રાહત મળવાની શક્યતા છે.

મકરબા-કોર્પોરેટ રોડ ઓવરબ્રિજ શરૂ થયો ત્યારથી જ તેના ચાર રસ્તા પર ટ્રાફિક વ્યવસ્થાને લઈને વિવાદ ઊભો થયો હતો. બ્રિજ સીધો કોર્પોરેટ રોડના ચાર રસ્તા પર પૂરો થતો હોવાથી વાહનોની અવરજવર દરમિયાન અકસ્માતની શક્યતા અને ટ્રાફિકજામની સમસ્યા સર્જાતી હતી.

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગે બ્રિજ શરૂ થયો તે જ દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લેખિત રજૂઆત કરી ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ લગાવવાની માગ કરી હતી. જોકે, શરૂઆતમાં આ રજૂઆતનો અમલ ન થતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ટ્રાફિક અને અકસ્માતનું જોખમ ઘટાડવા તાત્કાલિક ધોરણે અહીં ’કેપ્સુલ સિસ્ટમ’ લાગુ કરવામાં આવી હતી. તેના કારણે પ્રહલાદનગર તરફ જવા ઈચ્છતા વાહનચાલકોએ આશરે ૨૦૦ મીટરનો વધારાનો ફેરો મારવો પડતો હતો. આ વ્યવસ્થાને કારણે સ્થાનિક વાહનચાલકોમાં અસંતોષ પણ જોવા મળ્યો હતો.

પોલીસ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ત્રણથી ચાર વખત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સમક્ષ સિગ્નલ લગાવવાની રજૂઆત કરવામાં આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને જણાવ્યું હતું કે ૩૦ ઓક્ટોબરે સ્થળ પર જરૂરી સામગ્રી ઉતારી દેવામાં આવી હતી અને કામગીરી શરૂ કરી દેવાઈ હતી. આગામી થોડા સમયમાં કામ પૂર્ણ થયા બાદ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ કાર્યરત કરવામાં આવશે.

સિગ્નલ સિસ્ટમ શરૂ થયા બાદ ચાર રસ્તા પર વાહનવ્યવહાર વધુ વ્યવસ્થિત બનવાની અને અકસ્માતનું જોખમ ઘટવાની આશા છે.

ગાંધીનગર મનપામાં ACBનો સપાટો

CNCD શાખાનો આઉટસોર્સ કર્મચારી ૨૨ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે.

મનપાની સેન્ટ્રલ ઝોન હેઠળની CNCD શાખામાં આઉટસોર્સ પદ્ધતિથી ફરજ બજાવતા કર્મચારીને ૨૨,૦૦૦ની લાંચ લેતા ACBની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપીની ઓળખ જયદીપસિંહ રામસિંહ રાજપૂત તરીકે થઈ છે. ફરિયાદીના ઢોર ન પકડવા અને આ મામલે કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવા બદલ આરોપીએ લાંચની માગણી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, આરોપી જયદીપસિંહ રાજપૂતે ફરિયાદી પાસેથી દિવાળીના તહેવારના હપ્તા તરીકે શરૂઆતમાં કુલ ૪૦,૦૫૦ની માગણી કરી હતી. ફરિયાદીના ઢોર પકડવામાં ન આવે અને તેમની સામે કોઈ કેસ કે કાર્યવાહી કરવામાં ન આવે તે માટે આ રકમ માગવામાં આવી હતી.

જોકે, ફરિયાદી અને આરોપી વચ્ચે થયેલી વાતચીત તથા રકઝક બાદ લાંચની રકમ ઘટાડીને ૨૨,૦૦૦ નક્કી કરવામાં આવી હતી. સરકારી ફરજ સાથે જોડાયેલી કામગીરીમાં રાહત આપવાના બદલામાં લાંચ આપવાની માગણી થતાં ફરિયાદીએ આ રકમ ચૂકવવાને બદલે ACBનો સંપર્ક કરવાનો નિર્ણય લીધો હતો.

ફરિયાદ મળ્યા બાદ ગાંધીનગર છઝમ્ના પોલીસ ઈન્સ્પેક્ટર કે. એચ. ગોહિલ અને તેમની ટીમે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ PSI એસ. કે. પ્રજાપતિ સહિતના પોલીસ સ્ટાફની મદદથી સેક્ટર-૨૮ ગાર્ડન પાછળ આવેલા રોડ પર લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.

નક્કી થયા મુજબ ફરિયાદી પાસેથી ૨૨,૦૦૦ની લાંચની રકમ સ્વીકારતી વખતે જયદીપસિંહ રાજપૂતને છઝમ્ની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

અમદાવાદમાં ૨૫.૬૪ કરોડના ડ્રગ્સ કેસમાં મોટો પર્દાફાશ

અમદાવાદ,તા.૩૧

ત્રણ સંવેદનશીલ સરહદી વિસ્તારોમાંથી ગુજરાતમાં પહોંચતો હતો ડ્રગ્સનો જથ્થો; વેચાણની કરોડોની રકમ હવાલા મારફતે વિદેશ મોકલાતી હોવાની તપાસમાં વિગતો સામે આવી, ત્રણ નવા સપ્લાયરોના નામ ખુલ્યા.

અમદાવાદમાં અગાઉ ઝડપાયેલા ૨૫.૬૪ કરોડના ડ્રગ્સના જંગી જથ્થા મામલે ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં એક પછી એક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. ગુજરાતમાં ડ્રગ્સના ગેરકાયદે વેપારનું નેટવર્ક કેટલું ઊંડું ફેલાયેલું છે તેનો અંદાજ આ તપાસ પરથી આવી રહ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ડ્રગ્સનો જથ્થો દેશના ત્રણ સંવેદનશીલ સરહદી વિસ્તારોમાંથી ગુજરાત સુધી પહોંચાડવામાં આવતો હતો. આ માટે આરોપીઓએ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સુરક્ષા એજન્સીઓની નજરથી બચવાની વ્યવસ્થા ઊભી કરી હતી.

તપાસમાં ખુલાસો થયો છે કે ડ્રગ્સની હેરાફેરી માટે આરોપીઓ ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરતા હતા. આંતરરાષ્ટ્રીય અથવા રાજ્યની સરહદ નજીકથી ડ્રોન મારફતે ડ્રગ્સનો જથ્થો અંદાજે ત્રણ કિલોમીટર સુધી અંદરના વિસ્તારમાં પહોંચાડવામાં આવતો હતો. આ પદ્ધતિ દ્વારા પરંપરાગત પરિવહન વ્યવસ્થાને ટાળીને ગેરકાયદે માલની હેરાફેરી કરવામાં આવતી હોવાની વિગતો સામે આવી છે.

તપાસ એજન્સીઓ હવે આ ડ્રોન નેટવર્ક સાથે સંકળાયેલા લોકો, ડ્રગ્સના મૂળ સપ્લાયરો અને ગુજરાતમાં જથ્થો સ્વીકારનારા આરોપીઓ વચ્ચેની કડીઓ શોધી રહી છે.

આ સમગ્ર નેટવર્કમાં માત્ર ડ્રગ્સની હેરાફેરી જ નહીં, પરંતુ નાણાકીય વ્યવહારોનું પણ મોટું કૌભાંડ હોવાની વિગતો સામે આવી છે. પોલીસ તપાસ મુજબ, ડ્રગ્સના વેચાણમાંથી મળતી કરોડો રૂપિયાની રકમ હવાલા મારફતે વિદેશ મોકલવામાં આવતી હતી.

આ નાણાંકીય વ્યવસ્થાનો ઉપયોગ કરીને ગેરકાયદે કમાણીના વ્યવહારોને છુપાવવાનો પ્રયાસ થતો હોવાની આશંકા છે. વધુમાં, તપાસ દરમિયાન ત્રણ નવા ડ્રગ્સ સપ્લાયરોના નામ પણ સામે આવ્યા છે. આ નવા નામોના આધારે ક્રાઈમ બ્રાન્ચ નેટવર્કના અન્ય સભ્યો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે.

ડ્રગ્સના કાળા કારોબારથી ઊભી કરવામાં આવેલી ગેરકાયદે સંપત્તિ સામે પણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી શરૂ કરી છે.

આરોપીઓની મિલકતો અને નાણાકીય વ્યવહારોની તપાસ કરીને ગેરકાયદે કમાણીથી ઊભી કરાયેલી સંપત્તિ ટાંચમાં લેવા અને જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ ડ્રગ્સના વેપાર સાથે સંકળાયેલા આર્થિક નેટવર્કને તોડી પાડવાનો છે. તપાસમાં આરોપીઓની મિલકતો ઉપરાંત તેમના નાણાકીય સંપર્કો અને અન્ય સંભવિત સહયોગીઓની ભૂમિકા પણ તપાસવામાં આવી રહી છે. ૨૫.૬૪ કરોડના આ કેસે ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરી અને તેની પાછળ કાર્યરત આંતરરાજ્ય તથા આંતરરાષ્ટ્રીય નેટવર્ક અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ડ્રોન દ્વારા સપ્લાય, હવાલા મારફતે નાણાંની હેરફેર અને નવા સપ્લાયરોની સંડોવણી જેવા ખુલાસા તપાસને વધુ વ્યાપક બનાવી રહ્યા છે.

આગામી દિવસોમાં વધુ આરોપીઓની ઓળખ, નાણાકીય વ્યવહારો અને ડ્રગ્સ સપ્લાયની સમગ્ર સાંકળ અંગે નવા ખુલાસા થવાની શક્યતા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની તપાસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા પર કેન્દ્રિત છે.

